
યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૮ અંક - ૬ જૂન-૨૦૨૧

Postal Registration No. GAMC 1417/2021-2023 Valid up to 31-12-2023 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-



શ્રદ્ધાંજલિ સભામાં લાગણીસભર
ભાવ-ઉદ્‌ગાર વ્યક્ત કરનાર મહાનુભાવો

79 · 169 · 711

**Narendra Modi** @nare... · 9h

યોગગુરૂ સ્વામી અધ્યાત્માનંદજી પરમધામ સીધાવ્યા તે જાણી દુઃખ થયું. આધ્યાત્મિકતા જેવા ગહન વિષયને તેઓએ સરળ શૈલીમાં સમજાવ્યો. યોગ શિક્ષણ ઉપરાંત અમદાવાદના શિવાનંદ આશ્રમની અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓથી સ્વામીજીએ સમાજની સેવા કરી છે તેનું સ્મરણ કરી શ્રદ્ધાંજલી અર્પું છું. ૐ શાંતિ !

1,355 · 2,434 · 19.1K

Airtel 4G 6:31 PM 74%

**Tweet**

**Amit Shah** @AmitShah

અમદાવાદ શિવાનંદ આશ્રમના યોગગુરૂ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ બ્રમ્હલીન થયાના સમાચાર જાણી હું વ્યથિત છુ. સ્વામીજી યોગા, આ◌ાધ્યાત્મિક તેમજ વિભિન્ન સામાજિક પ્રવૃત્તિઓ વડે દરેક સમાજના ઉત્થાન માટે સદાય સેવારત રહ્યા છે.

વંદનીય સ્વામીજીના દિવ્ય આત્માને પ્રભુ સદ્ગતિ અર્પે. ૐ શાંતિ શાંતિ

8:26

**Shaktisinh Gohil** 27.5K Tweets

Tweets · Tweets & replies · Media

**Shaktisinh Gohil** · 08/05/21

શિવાનંદ આશ્રમના સર્વાધ્યક્ષ, ગુરૂવર્ય, યોગ નિષ્ઠ આદરણીય સ્વામી શ્રી આધ્યાત્મનંદજી મહારાજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રભુ પૂજ્ય સ્વામીજી ના દિવ્ય આત્મા ને મોક્ષ આપે તેમજ તેમના અનુયાયીઓને આ અચાનક આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.
ૐ શાંતિ 🙏



**Krishnakumar Mehta**
13 minutes ago

🙏 મહાસમાધિ પ્રયાણ 🙏
ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદજીના અનન્ય શિષ્ય અને દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ,શિવાનંદ આશ્રમ, અમદાવાદના અધ્યક્ષ, ગીતા વિદ્યાલય જામનગરના પૂર્વ વિદ્યાર્થી યોગાચાર્ય,ભાગવતાચાર્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજ આજ રોજ કોરોના સામે સંઘર્ષ કરતા ગુરુદેવના ચરણોમાં મહાસમાધિસ્થ થયા છે. પૂ શ્રી મનહરલાલજી મહારાજ પ્રત્યે તેઓશ્રી અપાર આદર ધરાવતા હતા. સમસ્ત ગીતા વિદ્યાલય પરિવાર તેઓને શ્રદ્ધાસુમન સાથે ભાવવંદના પાઠવેછે.
🙏 ૐ નમો નારાયણ 🙏



**Bhaishri Rameshbhai Oza**
26m

शिवानंद आश्रम-अमदावाद के स्वामी अध्यात्मानंद जी का शरीर आज शांत हो गया। पिछले कई दिनों से वे कोविड से लड़ रहे थे। ऋषिकेश में शिवानंद आश्रम की १९८७/८८/८९ की कथाओं में आपके साथ रहने और योगासन सिखने का अवसर मिला था। उस दिव्य चेतना को नमन। 🙏



371 · 202 Comments • 17 Shares

**Vijay Rupani** @vijayrupanibjp

દિવ્ય જીવન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ અને અમદાવાદ શિવાનંદ આશ્રમના સર્વાધ્યક્ષ વંદનીય સ્વામીશ્રી આધ્યાત્મનંદજીના દેવલોક થવાના સમાચારથી શોકમગ્ન છું.

આધ્યાત્મ અને યોગ જગતને સ્વામીજીના નિધનથી મોટી ખોટ પડી છે.

પ્રભુ પૂજ્ય સ્વામીજીના દિવ્ય આત્માને સદ્ગતિ અર્પે.

ૐ શાંતિ...

Translate Tweet

3:50 PM · 08 May 21 · Twitter for iPhone

**MAHAGUJARAT MEDICAL SOCIETY**

SHETH H. J. MAHAGUJARAT HOSPITAL • D. Z. PATEL CARDIOLOGY CENTRE
P. D. PATEL AYURVED HOSPITAL • J. S. AYURVED MAHAVIDHYALAY • SUNDER AYURVED PHARMACY
MAHAGUJARAT MEDICAL STORES • SUBHADRABEN NAVINCHANDRA SHAH CANCER HOSPITAL & RESEARCH CENTRE
THAKORBHAI U. G. PATEL GLOBAL AYURVEDIC HOSPITAL • DINSHA PATEL COLLEGE OF NURSING

તારીખઃ- ૧૧/૦૫/૨૦૨૧

પ્રતિ,
શ્રી. યજ્ઞેશભાઈ,
પ્રિન્ટ વિઝન પ્રાઈવેટ લિમિટેડ,
પ્રિન્ટ વિઝન હાઉસ,
અશ્વમેઘ એલીગન્સ ૨ ની સામે,
આંબાવાડી માર્કેટ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬

**શોક સંદેશ**

પરમપૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીનાં સ્વધામગમન નાં સમાચાર જાણી અત્યંત દુખ અને આઘાતની લાગણી અનુભવીએ છીએ.

તેઓશ્રી, સર્વોચ્ચ કોટીનાં સંત અને સમાજ માટે માર્ગદર્શક હતાં. તેઓશ્રીનાં હસ્તે ઉદ્ઘાટન થયેલ "કુંદનબેન દિનશા પટેલ હોસ્ટેલ" આજે ખૂબ જ સફળતાપૂર્વક ચાલી રહી છે. તેથી જ જ્યારે પણ હોસ્ટેલનો ઉલ્લેખ થશે, ત્યારે પરમપૂજય સ્વામી શ્રીઅધ્યાત્માનંદજીનું સ્મરણ રહેશે.

સંસ્થાનાં પ્રમુખ શ્રી.દિનશા પટેલ તથા સર્વે ટ્રસ્ટીઓ વતી હું તેમનાં આશ્રમવાસીઓને તથા અનુયાયીઓને સાંત્વના આપું છું તથા પરમપૂજ્ય અધ્યાત્માનંદજીને હૃદયપૂર્વક શ્રદ્ધાજલી આપું છું.

શ્રી. બી.ટી.દેસાઇ
(ચેરમેન)

- નકલ રવાનાઃ શ્રી. દિનશા પટેલ
  પ્રમુખ.
  મહાગુજરાત મેડિકલ સોસાયટી,
  નડીઆદ.

College Road, Nadiad - 387 001. (Gujarat) INDIA
Phone : (0268) 2526221, 2527398, 2523361, 2523362, 2528028 Fax : (0268) 2523430

11:38

**Swami Paramatmananda Sa...** 210 Tweets

Tweets · Tweets & replies · Media · Likes

**Swami Paramatmana...** · 46m
पूज्य स्वामी अध्यात्मनंदजी की दिव्य चेतना को नमन@AcharyaSabha ShivanandaAshram



1 · 3 · 13

**Swami Paramatmana...** · 48m
Pujya Swami Adhyatmanandaji attained MahaSamadhi.Hindu Dharma lost a precious and a great 'Yoga Warrior'.May Pujya Swamiji's life and teachings keep inspiring next generations.@AcharyaSabha @Sadgurudev_Goa @AvdheshanandG #शिवानन्द #chitralekha

Following

**Anandiben Patel** @anandibenpatel

Governor of Uttar Pradesh , Former Chief Minister of Gujarat

Lucknow · upgovernor.gov.in

Joined September 2011

122 Following · 663K Followers

Followed by Suman Sharma, Arun chaturvedi Fan's club, Himanshu Kaushik, and 40 others

Tweets · Tweets & replies · Media · Likes

**Anandiben Patel** @anandibe... · 6m
शिवानंदआश्रम-अहमदाबाद के सर्वाध्यक्ष और दिव्यजीवन सांस्कृतिक संघ के अध्यक्ष परम पूज्य स्वामी अध्यात्मानंदजी के निधन की खबर से अत्यंत गहरा दुःख हुआ है और शोक संवेदना व्यक्त करती हूँ। परमात्मा दिव्य आत्मा को शाश्वत शांति और मोक्ष प्रदान करें और भक्त समुदाय को सम्बल प्रदान करें 🙏



# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત
# દિવ્ય જીવન

વર્ષ : ૧૮ | અંક : ૬ | જૂન-૨૦૨૧



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
અરુણભાઈ ઓઝા (તંત્રી)
ડૉ. મિહિર ઉપાધ્યાય (સહતંત્રી)
શ્રીમતી રૂપા મજમુદાર

○

**તંત્રી : અરુણભાઈ ઓઝા**
**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org



### લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


ॐ

**हन्ता चेन्मन्यते हन्तुं हतश्चेन्मन्यते हतम् ।**
**उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥**

**कठोपनिषद् - १:२:१९**

યમરાજ અહીં આત્માના શુદ્ધ સ્વરૂપ અને તેની નિત્યતાનું નિરૂપણ કરે છે; કારણ કે જ્યાં સુધી સાધકને પોતાની નિત્યતા અને નિર્વિકારતાનો અનુભવ ના થાય તેમ જ જ્યાં સુધી પોતાને શરીર આદિ અનિત્ય વસ્તુઓથી ભિન્ન સમજી ના લે, ત્યાં સુધી આ અનિત્ય પદાર્થોથી વૈરાગ્ય પ્રાપ્ત કરીને તેના અંતઃ કરણમાં નિત્ય તત્ત્વની અભિલાષા ઉત્પન્ન નહીં થાય. તેને આ દૃઢ અનુભૂતિ થવી જોઈએ કે જીવાત્મા નિત્ય ચેતન જ્ઞાનસ્વરૂપ છે; અનિત્ય, વિનાશી જડ શરીર અને ભોગો સાથે વાસ્તવમાં એનો કોઈ સંબંધ નથી. તે અનાદિ અને અનંત છે; ન તો એનું કોઈ કારણ છે અને ન તો કોઈ કાર્ય છે; એટલે કે તે જન્મ - મરણથી સર્વથા રહિત, સદા એકરસ, સર્વથા નિર્વિકાર છે. શરીરના નાશથી તેનો નાશ થતો નથી. જે લોકો તેને મારવાવાળો કે મરણશીલ માને છે, તેઓ વસ્તુતઃ આત્મસ્વરૂપને જાણતા જ નથી, તેઓ ભ્રાન્તિમાં જીવે છે. તેમની વાતો પર ધ્યાન આપવું જોઈએ નહીં. વસ્તુતઃ આત્મા ન તો કોઈને મારે છે અને ન તો કોઈ એને મારી શકે છે.

સાધકે શરીર અને ભોગોની અનિત્યતા અને પોતાના આત્માની નિત્યતા પર વિચાર કરીને, આ અનિત્ય ભોગોના સુખની આશાનો ત્યાગ કરીને સદા પોતાની સાથે રહેનાર નિત્ય સુખસ્વરૂપ પરબ્રહ્મ પુરુષોત્તમને પ્રાપ્ત કરવાની અભિલાષા સેવવી જોઈએ.

## શિવાનંદ વાણી

### શ્રદ્ધા

શ્રદ્ધા એ કુદરતી બક્ષિસ છે. તે અદ્‌ભુત રીતે કામ કરે છે. તે બળ અને હિંમત આપે છે. દુર્ભાગ્ય, વિપત્તિઓ, દુઃખો અને મુશ્કેલીઓ એ આપણી શ્રદ્ધાને વિશુદ્ધ અને મજબૂત બનાવવા માટે ઈશ્વરે મુકેલી કસોટીઓ છે. માટે તેમને પ્રસન્ન ચિત્તે વધાવી લો અને ઈશ્વરની કૃપા ગણી તેમનો સ્વીકાર કરો.

ઈશ્વર આપણી શ્રદ્ધાની ડગલેને પગલે કસોટી કરે છે. જો તે મજબૂત - સ્થિર હશે અને આપણા હૃદયના ઊંડાણમાંથી ઉદ્‌ભવેલી હશે તો તે કસોટીમાંથી પાર ઉતરશે. જે શ્રદ્ધા ફક્ત મસ્તક - બુદ્ધિ - માંથી ઉદ્‌ભવેલી હોય છે તે હંમેશાં નબળી હોય છે. જો આપણી આવી શ્રદ્ધા હોય અને કોઈ આકસ્મિક વિપત્તિ આવી પડે તો આપણે ઈશ્વરમાંની શ્રદ્ધા ખોઈ બેસીએ છીએ.

**- સ્વામી શિવાનંદ**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | કઠોપનિષદ્ ......... ............................. | | ૩ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | ......................... | ૪ |
| ૩. | તંત્રી લેખ | શ્રી અરુણ ઓઝા | ૫ |
| ૪. | પરોપકારાર્થમ્ ઈદમ્ શરીરમ્ | ડૉ. મિહિર ઉપાધ્યાય, સહતંત્રી...... | ૬ |
| ૫. | સ્વામીજી – એક પૂર્ણ યુગપુરુષ | શ્રીમતી રૂપા મજમુદાર ........... | ૭ |
| ૬. | પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | શ્રી અતુલ પરીખ...... .......... | ૧૦ |
| ૭. | સ્વામી અધ્યાત્માનંદજી: એક અનોખું વ્યક્તિત્વ.... | ભાગ્યેશ જહા | ૧૪ |
| ૮. | એક સંત દ્વારા બીજા સંતને ભાવભરી શ્રદ્ધાંજલિ | સ્વામી હરિબ્રહ્મેન્દ્રાનંદતીર્થ મહારાજ | ૧૫ |
| ૯. | સ્વામીજીના અમૂલ્ય યોગદાનને યાદ કરી શ્રદ્ધાંજલિ | સ્વામી પ્રેમાનંદજી મહારાજ | ૧૭ |
| ૧૦. | સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજની વર્ચ્યૂઅલ શ્રદ્ધાંજલિ સભા યોજાઈ | | ૧૯ |
| ૧૧. | વર્તમાનપત્રમાં ઓવલ શ્રદ્ધાંજલિ સંદેશા | | ૨૩ |
| ૧૨. | શબ્દો રૂપી પુષ્પાંજલિ - શ્રદ્ધાંજલિ | | ૩૧ |
| ૧૩. | ષોડશી પ્રસંગે વેબીનારમાં શ્રદ્ધાંજલી | | ૩૪ |
| ૧૪. | શ્રી હરિવદનભાઈ અંતાણીનું દુઃખદ નિધન | | ૪૪ |
| ૧૫. | વૃત્તાંત | ................................ | ૪૫ |


## તહેવાર સૂચિ

### જુલાઈ - ૨૦૨૧

| તા. | તિથિ | (જેઠ વદ) |
|---|---|---|
| ૫ | ૧૧ | યોગિની એકાદશી |
| ૭ | ૧૩ | પ્રદોષ પૂજા |
| ૯/૧૦ | ૩૦ | અમાવાસ્યા |
| | | (અષાઢ સુદ) |
| ૧૨ | ૨ | શ્રી જગન્નાથ રથયાત્રા |
| ૨૦ | ૧૧ | દેવશયની પૂજા, ચતુર્માસ વ્રત પ્રારંભ |
| ૨૩/૨૪ | ૧૪/૧૫ | પૂર્ણિમા |
| ૨૪ | ૧૫ | શ્રી ગુરુપૂર્ણિમા |
| | | (અષાઢ વદ) |
| ૩૧ | ૮ | સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો આરાધના દિવસ |

## દિવ્ય જીવન માસિક નવી વ્યવસ્થા સહકારની વિજ્ઞપ્તિ

પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજીએ આદરણીય પ્રા. મફતભાઈ પટણી સાહેબના નિધન પછી મને માસિકના તંત્રી બનવા વિનંતી કરેલ, પરંતુ મેં સવિનય જણાવેલ કે આ ધાર્મિક પ્રકારનું મેગેઝિન છે, માટે એ જવાબદારી ન આપો તો સારું. ત્યારે તેઓએ મને માસિકની કોઈ પણ રીતે જવાબદારી સ્વીકારવાનું ચાલુ રાખવા જણાવેલ અને પ્રકાશક તરીકે બાર વર્ષ જવાબદારી નિભાવતાં ઘણું બધું શીખવા મળ્યું. તેઓએ તંત્રી તરીકેની જવાબદારી નિભાવી. ખૂબ જ ચીવટપૂર્વક સંપાદનકાર્ય કર્યું. આખરી પ્રુફરીડિંગ કરતી વખતે કેટલાંક સૂચનો હું કરતો જે તેઓ સહર્ષ સ્વીકારતા. આમ, સરળ, નિરભિમાની વ્યક્તિત્વ તેઓનું માસિક માટે કાયમ રહેતું. આખરે તેઓની વર્ષો પહેલાંની ઈચ્છા મુજબ મારા શિરે તંત્રીની જવાબદારી આવી છે. આ ઈશ્વરીય કાર્ય છે તેમ માની મેં સ્વીકાર્યું. પ્રભુ આ કાર્ય માટે શક્તિ, સમય અને યોગ્ય સમજ આપે એ જ અભ્યર્થના. નવી વ્યવસ્થામાં સહતંત્રી તરીકે ડૉ. મિહિર ઉપાધ્યાય, સંપાદક મંડળમાં શ્રીમતી રૂપાબહેન મજમુદાર તેમજ પ્રકાશક શ્રી શ્વેતાંકભાઈ એમ. પટેલ આમ, આ ત્રણેય જણાયે સહર્ષ જવાબદારી સ્વીકારી છે, જે માટે એમના આભારી છીએ. આ કાર્ય માટે સહકાર્યકરોનો સહકાર અનિવાર્ય છે, જે મળતો રહેશે એ જ અપેક્ષા સહ પ્રભુ તેમજ પૂ. સ્વામીજીનાં ચરણોમાં પ્રણામ.

## દિવ્ય સ્ફુલિંગ

### પરમકૃપા

ગુરુ કૃપાની મૂર્તિ છે. જિજ્ઞાસુ જીવ પાસે વૈશ્વિક પુરુષ ગુરુ બનીને કે આધ્યાત્મિક આચાર્ય બનીને દિવ્ય કૃપા રૂપે આવે છે અને આ રીતે કૃપા દર્શાવી, તે આપણને લક્ષ્ય ભણી દોરી જાય છે. - **સ્વામી ચિદાનંદ**

# તંત્રી લેખ

- શ્રી અરુણ ઓઝા

## બહુમુખી પ્રતિભાધારકની વસમી વિદાય

પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીનો પરિચય એટલે પ્રખર યોગાચાર્ય, રાષ્ટ્રભક્ત, ગુરુભક્ત, જીવદયાપ્રેમી, સમાજસેવક, સદાય મુખ પર પ્રસન્નતાના ધારક, વાત્સલ્યમૂર્તિ, ઉત્તમ વક્તા, સજ્જનતા-સહૃદયતાની જીવતી-જાગતી મૂર્તિ, શતકવીર રક્તદાતા, પર્યાવરણના જાગૃત-સક્રિય સંરક્ષક-સૈનિક, દરિદ્રનારાયણના હમદર્દ, સંગીતજ્ઞ, ધાર્મિક કથાકાર, દેવીઓના આરાધક અને ગીતાના પરમ ઉપાસક એવા આપણા સ્વામીજી તા. ૮ મે, ૨૦૨૧ના રોજ સવારના ૧૧-૧૦ કલાકે દેહત્યાગ કરી બ્રહ્મલીન થયા. સૌના માટે સહન ન થઈ શકે તેવો વજ્રાઘાત, પરંતુ જન્મ થયો તો મૃત્યુનો ક્રમ અનિવાર્ય છે એવા આશ્વાસનના શબ્દો પણ શાતા ન આપી શકે તેવો સૌ ભક્તોનો અનુભવ રહ્યો. શિવાનંદ આશ્રમનો જાણે પ્રાણ જતો રહ્યો એવો ભાસ થયા કરે છે. શિવાનંદ આશ્રમનાં એકેએક વૃક્ષ, ભવન, મંદિર, ધ્યાનમંદિરમાં તેઓના અસ્તિત્વનો અહેસાસ થાય તે રીતે આશ્રમનો વિકાસ કર્યો અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ફલક ઉપર આશ્રમની પ્રવૃત્તિઓની સુવાસ તેઓએ ફેલાવી.

યોગ-પ્રાણાયામ, ધ્યાન, શંખપ્રક્ષાલન દ્વારા અનેક મુમુક્ષુઓને જાગૃત કરી સામાજિક ચેતના દ્વારા તંદુરસ્ત સ્વાસ્થ્ય જાળવવાની પદ્ધતિનું શિક્ષણ ખૂબ જ ઉમદા અને આગવી રીતે આપ્યું. યોગ, ધ્યાન અને પ્રાણાયામના વૈજ્ઞાનિક આધાર આપતા પુસ્તકો તેઓશ્રીના પ્રસિદ્ધ થયા. અનેક આવૃત્તિઓ પ્રસિદ્ધ કરવી પડી. અમુક પુસ્તકો ઘણી ભાષામાં પણ પ્રસિદ્ધ થયા.અનેક યોગ શિક્ષકો તૈયાર કર્યા. આમ, ૮૧૪ યોગાસન શિબિર ઉપરાંત સનાતન-વૈદિક સંસ્કૃતિનો પણ પ્રચાર-પ્રસાર વિવિધ કથાઓ તથા વ્યાખ્યાનો દ્વારા ગીતા, ઉપનિષદ, ભાગવતનો બોધ જે ભાષામાં જે વર્ગ સમજી શકે તે રીતે સરળતાથી આપ્યો. ગામઠી ભાષામાં પણ 'રામાયણ'ની કથા સ્વામીજી કરતા. રક્તદાનમાં પણ અગ્રેસર રહ્યા. ૨૯૨ રક્તદાન શિબિર યોજી તેટલું જ નહિ પણ પોતે ૧૧૭ વખત રક્તદાન કરી Centurion Blood Donor તરીકે રાજ્યપાલશ્રી દ્વારા સન્માનને પાત્ર બની રહ્યા. આપણા દેશની સેનાના અધિકારીઓ તથા સૈનિકોના લોકપ્રિય યોગશિક્ષક બની સેવાયજ્ઞ કર્યા. સરકારના વહીવટી અધિકારીઓને પણ યોગ-પ્રાણાયામ-ધ્યાનની તાલીમ આપવામાં પણ અગ્રેસર રહ્યા.

૨૦૦૯માં ચીન જેવા દેશમાં પણ શાહકારી પરિષદ યોજી ભારતીય જીવનશૈલીનો પરિચય કરાવેલ અને સન્માન-એવોર્ડ પણ સાહજિકતાથી સ્વીકાર્યા. ૧૯૯૫માં અમદાવાદના શિવાનંદ આશ્રમની ધુરા સંભાળી ત્યારથી તેઓ સાથે અનેકવિધ કાર્યો તથા પ્રવાસ કરવાનો મોકો મને મળ્યો. આ સમયે સંસ્મરણો તાજાં થાય છે અને પ્રેરણા મળે છે. તેઓ કહેતા 'દુર્જનો ભલે એમની દુર્જનતા ન છોડે, પરંતુ સજ્જનોએ પોતાની સજ્જનતા ક્યારેય છોડવી નહીં' આ એક સલાહરૂપી વાક્યમાં પૂ. સ્વામીજીના સમગ્ર જીવનનો ખ્યાલ આવી શકે છે. તેઓ આ જ રીતે જીવન જીવ્યા. તેઓનું જીવન પણ સંઘર્ષમય અને પડકારોનો સામનો કરનારું રહ્યું, છતાં ક્યારેય ડગ્યા નહીં. તેઓએ સદેહે આપણી વચ્ચેથી અણધારી વિદાય લીધી, પરંતુ તેઓના જીવનમાંથી પ્રેરણા મેળવી સમાજ જીવનમાં કાર્ય કરતા રહીએ.

આશ્રમની પ્રવૃત્તિઓને વધુ વેગ આપી સાચી શ્રદ્ધાંજલિ આપવા તત્પર રહીએ તેવી પરમ કૃપાળુ પરમાત્મા આપણને સૌને પ્રેરણાશક્તિ આપે એ જ અભ્યર્થના.

# परोपकारार्थम् ईदम् शरीरम्

- ડૉ. મિહિર ઉપાધ્યાય, સહતંત્રી

**परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः ।**
**परोपकाराय दुहन्ति गावः परोपकारार्थमिदं शरीरम् ॥**

અર્થાત્ વૃક્ષો પરોપકાર માટે ફળ આપે છે, નદી પરોપકાર માટે વહે છે, ગાય પરોપકાર માટે દોહવાય છે તો આ શરીર પણ પરોપકાર માટે છે.

આ શ્લોકનો ભાવાર્થ સરળ છે. વૃક્ષો પોતાનાં ફળ પોતે નથી ખાતાં પણ તે પરોપકાર માટે ફળ ઉત્પન્ન કરે છે. નદીઓ પોતાનું પાણી પોતે નથી પીતી તેઓ પણ પરોપકાર માટે વહે છે. ગાય પોતાનું દૂધ પોતે નથી પીતી. ગાય દૂધ સમાજને આપી પરોપકાર કરે છે, એમ આપણું શરીર પણ પરોપકાર માટે છે. આપણે આપણા માટે તો આ શરીરનો ઉપયોગ કરીએ જ છીએ પણ આપણે સમાજની સેવા કરી આ શરીરનો ઉપયોગ પરોપકાર માટે કરવો જોઈએ.

આપણે ઉપરોક્ત શ્લોકનો અનુવાદ વાંચ્યો, ભાવાર્થ પણ સમજ્યા, પરંતુ આ શ્લોકના ભાવાર્થનો યથાર્થ અનુભવ કરવો હોય તો પરોપકારી બનવું પડે અથવા કોઈ પરોપકારી સંતની જીવનશૈલી જોવી પડે, એનો સાક્ષાત્કાર કરવો પડે તો જ સાચા અર્થમાં આ શ્લોકનો અર્થ સમજાય. દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ, યોગપુરુષ આપણા પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદ મહારાજ આવા જ પરોપકારી હતા, જેઓએ સ્વામીજીને નજીકથી જોયા છે તેઓ જાણે છે કે પરોપકારી પ્રવૃત્તિઓ માટે સ્વામીજીએ પોતાનું જીવન સમર્પિત કરી દીધું. પોતાનું શરીર ઘસી કાઢ્યું. આશ્રમની પ્રવૃત્તિઓથી લઈ આશ્રમમાં આવતા ભક્તો, શ્રદ્ધાળુઓ, યોગજિજ્ઞાસુઓ, દરિદ્રનારાયણો, બાળકો, યુવાનો, વૃદ્ધો દરેક માટે પૂજ્ય સ્વામીજીના હૃદયનાં હૃદયદ્વાર હંમેશાં ખુલ્લાં રહેતાં. આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન હોય કે પછી ભોજનશાળામાં બનતું ભોજન દરેક વસ્તુઓ પર સ્વામીજીની વ્યવસ્થા દૃષ્ટિ રહેતી. ભક્તો અને અનુયાયીઓના સુખમાં સુખ અને દુઃખમાં દુઃખી એવા સ્વામીજી દરેક માટે માર્ગદર્શનનો સ્રોત હતા. એમને ખડખડાટ હસતા જોયા છે તો ભાવુક બની ગળગળા થઈ રડતા પણ જોયા છે. સર્વદા સર્વનું હિત ઈચ્છનારા સ્વામીજી અંત સમય સુધી પરોપકારી રહ્યા. સેવા કાર્ય માટેની એમની કટિબદ્ધતા, નિષ્ઠા, ચિંતા કોઈને પણ પ્રભાવિત કરે એવી હતી. મારે તો સંસ્કૃત ભાષામાં અધ્યાપન માટે આશ્રમમાં અવારનવાર આવવાનું થતું. જ્યારે હું મારો વર્ગ સમાપ્ત કરીને નીકળું ત્યારે સ્વામીજી મારી રાહ જોઈને બેઠા હોય. પોતે અત્યંત વ્યસ્ત હોવા છતાં મને બેસાડે અને- **અલ્પાહારં કરોતુ, ચાયં પિબતુ**-એવું કહી પ્રેમથી નાસ્તો કરાવે. હું પૂછું, **સ્વામીજી ભવાન અલ્પાહારં ન આદતિ?** (તમે નાસ્તો નથી લેતા?) ત્યારે હસીને કહે, **અહમ્ એતત ન ખાદામિ** (હું આ નથી ખાતો). સ્વામી અનેક ભાષા જાણતા. તેમને સંસ્કૃતનું પણ ઉત્તમ જ્ઞાન હતું. આવા જ્ઞાની અને સતત અધ્યયનશીલ એવા સ્વામીજી જ્યારે પણ કંઈ લખે કે વાંચે અને એમાં સંસ્કૃતનો સંદર્ભ આવે ત્યારે ફોન કરીને-**નમો નારાયણ, મિહિર-મહોપાધ્યાય અહમ્ સ્વામી અધ્યાત્માનન્દઃ વદામિ**-એવું સંબોધન કરી અને પ્રશ્ન પૂછે અને મારા અધ્યયનનો પણ આરંભ થાય. સ્વામીજીએ સંપૂર્ણ જીવન પરોપકાર માટે સમર્પિત કર્યું. **પરોપકારાર્થમ્ ઈદમ્ શરીરમ્**-આ ઉક્તિ સ્વામીજીએ વસ્તુતઃ પોતાના આચરણથી સાર્થક કરી અને અનેક લોકોને સેવાની પ્રેરણા આપી છે.

હું સ્વામીજીનાં ચરણોમાં વંદન કરું છું.

**ઓમ્ નમો નારાયણ**

# સ્વામીજી - એક પૂર્ણ યુગપુરુષ

- શ્રીમતી રૂપા મજમુદાર

તા. ૩ મે પૂજ્યપાદ સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજનો પ્રાગટ્ય દિવસ. આ વર્ષે આ દિવસે આશ્રમમાં સ્વામીજીના, 'અમૃત મહોત્સવ' પ્રસંગે તેમની 'સ્મરણિકા' (સોવેનિયર)ની લોકાર્પણ વિધિ કરવાનું આયોજન હતું, પરંતુ ૧૨ એપ્રિલે સ્વામીજીની તબિયત નાદુરસ્ત થવાથી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ખૂબ ઉત્તમ સારવાર મળવા છતાં તા.૮ મે ૨૦૨૧, શનિવારની સવારે સ્વામીજીએ અનંતની યાત્રાનો વિકલ્પ પસંદ કર્યો, તેનું એકમાત્ર કારણ હતું- લોકસેવા.

વર્ષ ૨૦૨૧ દિવાળી વેકેશનમાં સ્વામીજીની વ્યાસપીઠે ઋષીકેશમાં મા ગંગાજીના કિનારે શ્રી પરમાર્થનિકેતન આશ્રમમાં 'શ્રીમદ્ ભાગવત કથા'નું આયોજન કરવામાં આવ્યું હતું. એક વખત સંધ્યકાળે ગંગાજીની ભવ્ય આરતીના દર્શનાર્થે સ્વામીજી ભક્તો સાથે ગંગાઘાટ પર બેઠા હતા. તે વખતે સ્વામીજી આંખો બંધ કરીને ધ્યાન કરતા હતા અને થોડી મિનિટો પછી આંખ ખોલી ભક્તોને કહ્યું હતું કે 'આવનારો સમય ખૂબ કપરો આવી રહ્યો છે અને તેમાં ધ્યાન પ્રાર્થના સિવાય કોઈ રસ્તો નથી.' ત્યારે કોરોના સંક્રમણનું નામ-નિશાન નહોતું, પરંતુ ત્યારબાદ જે મહામારી શરૂ થઈ તેમાં સ્વામીજી પર રોજના અનેક ફોન આવતા હતા, જેમનાં સ્વજનો, મિત્રો આ મહામારીનો ભોગ બન્યા હતા અને રોજ સ્વામીજી બધાંને યાદ કરી તેમનાં નામ લઈને તેમના સુખદ સ્વાસ્થ્ય અને દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરતા હતા. વિશ્વશાંતિ, સમાજકલ્યાણ માટેની તેમની પ્રાર્થના અવિરત ચાલુ જ રહેતી. સ્વામીજીને બધાની ખૂબ ચિંતા રહેતી. મારા ભાઈને કોરોના પોઝિટિવ આવ્યો હતો. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેના રિપોર્ટ સારા નહોતા. મારી મમ્મીએ મને ફોન કરીને કહ્યું, 'બેટા, સ્વામીજીને કહે ને ભાઈ પર કૃપા કરે.' હજુ હું મમ્મીનો ફોન મૂકું છું ત્યાં જ સ્વામીજીનો સામેથી ફોન આવ્યો કે 'બધું બરાબર છે?' મેં તેમને ભાઈની વાત કરી. તેમણે તે પોતાનો દીકરો હોય તેમ બધી જ વિગત જાણી અને કહ્યું, 'મમ્મીને કહી દો હું પ્રાર્થના કરું છું. સંશય ના રાખતાં.' તેમણે રોજ ભાઈ માટે પ્રાર્થના કરી એટલું જ નહીં, રોજ ફોન કરીને મને પૂછતા , 'આજે આપણા ભાઈને કેવું છે ?' આટલી નિસબત, આટલી ચિંતા, આટલો પ્રેમ કોણ રાખે ? ભાઈને એમની કૃપાથી સારું પણ થઈ ગયું.

સ્વામીજીને બધાંની બહુ જ ચિંતા રહેતી. માત્ર કોરોનાથી પીડિત લોકો માટે જ નહીં, પરંતુ લોકડાઉનના કારણે જેમને આજીવિકાની તકલીફ હોય તેમને મદદ કરવી, દૂર-દૂરના અંતરિયાળ વિસ્તારમાં નારાયણ સેવારૂપે અનાજનું વિતરણ કરવું, અનેક લોકોને માનસિક સાંત્વના આપવી, હિંમત આપવી એવાં તો અનેક સત્કાર્ય કર્યાં હતા. બહારગામથી આવેલા કોરોના વોરિયર્સ ડોક્ટરોને આશ્રમમાં રહેવા-જમવાની વ્યવસ્થા પણ કરી આપી હતી, પરંતુ જ્યારે કોરોનાનો પ્રકોપ ખૂબ વધ્યો. ચારે બાજુ લોકો તેનો ભોગ બનવા માંડ્યા ત્યારે પોતે એ દુ:ખને પોતાના શરીર પર સહન કર્યું. તેની પીડાનો અનુભવ કર્યો. મહામારીથી પીડિતોને અને સાજા થયેલા લોકોને સંરક્ષણ આપવાના હેતુથી જે કાર્ય પંચમહાભૂતના શરીરની મર્યાદામાં રહીને કરવું અશક્ય લાગતાં પોતાની ચેતનાને સૂક્ષ્મમાં જઈ વિરાટ ચેતનામાં પરિવર્તન કરી વિશ્વકલ્યાણ અર્થે સેવા કરવાનું નક્કી કર્યું. જે સ્વામીજી હાથી જેવી તકલીફોમાંથી પણ અનેક વાર સાંગોપાંગ બહાર નીકળી જવાની ક્ષમતા ધરાવતા હતા તે કોરોનાથી હારી ના શકે, પણ આની પાછળનો એકમાત્ર ઉદ્દેશ લોકસંગ્રહનો જ હતો.

ગુરુદેવનો ષડંગયોગ - સેવા, પ્રેમ, દાન,

પવિત્રતા, ધ્યાન અને સાક્ષાત્કાર-સ્વામીજી મહારાજે પોતાના જીવનમાં સંપૂર્ણપણે આત્મસાત્ કર્યા હતા. સેવા તો એમના માટે મહાયજ્ઞ હતો. આશ્રમના કેમ્પસમાં ક્યાંય કચરો પડ્યો હોય તો તરત ઉઠાવી લેવો, આગંતુકોનાં ચંપલ આડાઅવળાં પડ્યાં હોય તો તેને સરખાં ગોઠવી દેવામાં તેમને બિલકુલ નાનમ ન હતી. ઘણીવાર આગંતુક એમને પૂછતા, 'સ્વામીજી! તમારો આટલો વિશાળ આશ્રમ આટલો ચોખ્ખો કેવી રીતે રહે છે ?' ત્યારે તેઓ સ્મિત સાથે કહેતા, 'જે મા શ્રી શ્રી અષ્ટલક્ષ્મી ભવનમાં બિરાજે છે તે મા આશ્રમની ચોખ્ખાઈનું પણ ધ્યાન રાખે છે.' સ્વામીજી સફાઈ કરનાર બહેનમાં પણ સાક્ષાત્ મા જગદંબાના જ દર્શન કરતા હતા. કોઈ આશ્રમની રસોઈનાં વખાણ કરે તો રસોઈ બનાવનાર વ્યક્તિની મુક્ત કંઠે પ્રશંસા કરતા. કોઈ નાનું કાર્ય પણ કોઈએ આશ્રમના હિત માટે કર્યું હોય તો સ્વામીજી હંમેશા એ વ્યક્તિને બિરદાવતા, જેથી ફરી-ફરીને એને સારું કાર્ય કરવાનું મન થતું. નાનામાં નાની વ્યક્તિને પણ સામેથી બોલાવવી, તેની સાથે વાત કરવી, તેની પરિસ્થિતિ જાણવી અને એ જાણ્યા પછી કઈ રીતે એને મદદરૂપ થઈ શકાય તે માટેના પોતાના બધા જ પ્રયત્નો મૂકી દેવા એ તો એમનો ખૂબ આગવો ગુણ હતો. નાના બાળકને પણ માનથી બોલાવતા. આવા બધા જ ગુણો પરમાત્માએ તેમનામાં ઠાંસી ઠાંસીને ભર્યા હતા.

આવી વિશાળ હૃદયવાળી દિવ્ય હસ્તીએ વિશ્વના ફલક ઉપર યોગનો પ્રચાર-પ્રસાર કરી લોકોને શારીરિક, માનસિક અને આત્મિક સ્વાસ્થ્ય માટે જાગ્રત કર્યા છે. સ્વયં ૧૧૭ વખત રક્તદાન કરી આ ઉમદા કાર્ય માટે લોકોને પ્રોત્સાહિત કર્યા હતા. વિશ્વને ગ્લોબલ વોર્મિંગના ખતરાના ભયથી મુક્ત કરવા અને પર્યાવરણની રક્ષા માટે સમસ્ત વિશ્વમાં એક કરોડથી વધારે વૃક્ષારોપણ કર્યું અને જે તે કાર્યક્રમના આયોજકોને તેનું ધ્યાન રાખવા પ્રતિજ્ઞાબદ્ધ કર્યા હતા. ચીનમાં શાકાહારી પરિષદનું અધ્યક્ષપદ શોભવીને તો ખરેખર કમાલ જ કરી કહેવાય. એમનાં આવાં તો અનેક ઉમદા કાર્યોથી પ્રભાવિત થઈ તેમને આખા વિશ્વમાંથી અનેક એવોર્ડથી નવાજિત કરવામાં આવ્યા હતા, છતાં પણ આ મહાપુરુષમાં ક્યારેય, 'હું' મહાન છું, હું સંન્યાસી છું' એવા વિચારનો છાંટો સુધ્ધાં જોવા મળ્યો નથી. ખૂબ જ સરળ-સહજ હૃદયમાં વસી જાય, ક્યારેય ભૂલી ના શકાય તેવું તેમનું વ્યક્તિત્વ હતું.

દેહ છોડી દીધા પછી પણ લોકસેવા તો ચાલુ જ રહેવી જોઈએ એવું સ્વામીજી માનતા હતા. તેથી તેમણે યોગસંબંધી અનેક પુસ્તકો લખ્યાં છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, પાતંજલ યોગદર્શન, ઉપનિષદ અમૃતમ્ એવા વિષયો પર પ્રવચનો રેકોર્ડ કરાવ્યાં હતાં, જેમાંથી રોજ એક એપિસોડ પ્રસારિત કરવામાં આવતો હતો. ક્યારેક તબિયત નાદુરસ્ત હોય તો પણ રેકોર્ડિંગ કરાવવામાં ક્યારેય તેમણે રજા પાડી ન હતી. આધ્યાત્મિક જ્ઞાન પ્રસારણના વિશાળ કાર્યક્રમના એક મહત્ત્વના ભાગ તરીકે સ્વામીજીએ જુદાં જુદાં વર્તમાનપત્રો અને સામયિકોમાં લેખો લખવાનું ચાલુ રાખ્યું હતું, પરંતુ મહાસમાધિના અગાઉના થોડા મહિના દરમિયાન તેમણે તેમાં આશ્ચર્યજનક વધારો કર્યો હતો. જીવનના છેલ્લા શ્વાસ સુધી એકધારી સેવા! આ મે મહિનાના 'દિવ્યજીવન'ના અંક માટે હોસ્પિટલમાં ઓક્સિજન માસ્ક સાથે તેમણે મને ફોન પર સંપાદકીય અને એમનો લેખ લખાવ્યાં હતાં. ટાઈટલ પેજ કેવું તૈયાર કર્યું છે તેના ફોટા વોટ્સએપ પર મંગાવીને તે જોઈ 'Good' લખીને મોકલી આપ્યું હતું. કેટલી ચોકસાઈ ! સાથે સાથે વધુમાં વધુ માણસોનું વધુમાં વધુ કલ્યાણ !

અમે છેલ્લે જ્યારે સ્વામીજીની સાથે બેસીને તેમના અમૃત મહોત્સવ નિમિત્તે પ્રગટ કરવાની સ્મરણિકાની ચર્ચા કરતાં હતાં ત્યારે તેઓ સ્મિત સાથે બોલ્યા હતા - **'ના હમ, ના તુમ, દફતર ગુમ.'** ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજનું આ પ્રિય સૂત્ર હતું, જે સ્વામીજી પણ વેદાંતના અંતિમ સંદેશ તરીકે આ સૂત્ર ઘણા માણસોને કહી સંભળાવતા. જે માણસ તુર્યાવસ્થા પ્રાપ્ત કરે છે તેના માટે પછી જગતનું જગત તરીકેનું

અસ્તિત્વ મટી જાય છે. આ છે વેદાંતનો અંતિમ સંદેશ પરંતુ તે દિવસે સ્વામીજી જે રીતે આ સૂત્ર બોલ્યા હતા, તેમાં ચોક્કસ ભાવિ સંકેત હતો.

સ્વામીજીએ જ્યારે નાશવંત દેહ છોડી દીધો ત્યારે સવારના ૧૧.૧૦ વાગ્યા હતા. ઈશ્વરમાં લીન થવા માટે સ્વામીજીએ જે સમય પસંદ કર્યો હતો તે અત્યંત શુભ હતો. જાન્યુઆરીની ૧૫ તારીખથી જુલાઈની ૧૫ તારીખ સુધીનો સમય ઉત્તરાયન કહેવાય છે. બાકીના છ મહિના દક્ષિણાયન ગણાય છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના આઠમા અધ્યાયના શ્લોક - ૨૩ થી ૨૭માં કહ્યું છે કે ઉત્તરાયન દરમિયાન દેહ છોડનાર જીવની સદ્‌ગતિ થાય છે. સ્વામીજીનો દેહાંત એટલો અણધાર્યો હતો કે થોડા સમય માટે તો બધા જ ભક્તો ખૂબ જ સ્તબ્ધ બની ગયા. તેમના વહાલા ગુરુદેવ આ રીતે સૌને છોડીને એકાએક ચાલી જશે તેવું સ્વપ્ને પણ ધાર્યું નહોતું, આ વાત માન્યામાં જ આવતી ન હતી.

તમામ ભક્તની લાગણી વ્યક્ત કરતા કહી શકાય : 'તો હવે એ પ્રેમાળ અવાજનો રણકો બંધ થઈ ગયો. એ ભવ્ય રૂપ સદા માટે અલોપ થઈ ગયું, ભગવા રંગના વસ્ત્રોથી શોભતું શરીર...... પગલાંનો અવાજ કર્યા વગર મક્કમ ચાલે ચાલતા સ્વામીજી...... આપણે- તેમનાં વહાલાં બાળકોને ફળ, જ્ઞાન તથા કામ વહેંચવા સદા તત્પર...... આ બધું હવે જોવા નહીં મળે. એક બાળકના જેવું નિર્દોષ ખડખડાટ હાસ્ય અને સૌને હસાવતા - જે હાસ્ય આપણને સચ્ચિદાનંદનો સ્વાદ કરાવતું હતું તે......તે હવે આપણને ક્યારેય સાંભળવા નહીં મળે.....નહીં મળે !'

આ અંત આપણને કદાચ આઘાતજનક લાગે, પરંતુ આ કંઈ અંત નથી - આ તો આરંભ છે. અત્યાર સુધી સ્વામીજી બાહ્ય જગતમાં નવસર્જનનું કાર્ય કરતા હતા અને બધાંની નજરે પડતા હતા. પરંતુ હવે તેમણે એક સૂક્ષ્મ આંતરિક જગતનું નિર્માણ કર્યું છે અને તેમાં તેમણે પ્રવેશ કર્યો છે. કોઈની નજરે ન પડે એ રીતે તેઓ આ આંતરિક-અંદર આવી રહેલા અંતરના જગતમાં કાર્ય કરી રહ્યા છે. સ્વામીજી આપણા માટે ખૂબ જ સક્રિય બન્યા હતા અને તેમણે આપણા જીવનનું નવેસરથી સાચું ઘડતર કર્યું છે. જે માણસો પાસે જીવનનો કોઈ ઘાટ નહોતો તેમના તેમણે એક નવો ઘાટ આપ્યો છે. પથ્થર ઉપર પથ્થર ગોઠવીને તેમણે આપણા અંતરમાં એક મંદિર ચણ્યું છે જેમાં તેમણે ગવે પ્રવેશ કર્યો છે અને હવે ત્યાં......તેઓ તેમના કામમાં મશગૂલ થઈ ગયા છે.

સ્વામીજી આધુનિક જગતના આપણા એક સક્રિય આધ્યાત્મિક નેતા હતા. તેમના ચાલ્યા જવાથી ભારતને ધાર્મિક અને નૈતિક શિક્ષણક્ષેત્રમાં કદી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેઓ પ્રખર અભ્યાસુ હતા અને આપણા બધા જ ધર્મના તત્ત્વજ્ઞાન ઉપર તેમનું ગજબનું પ્રભુત્વ હતું. સનાતન હિંદુ ધર્મના તેઓ એક સાચા અર્થમાં પ્રતિનિધિ હતા. વધારામાં તેમની પાસે અજોડ ક્રિયાત્મક શક્તિ, ભરચક પ્રેમ ભાવ તથા ભક્તોને આકર્ષવાની કુદરતી બક્ષિસ હતી. તેમના દેહાવસાનથી ભારતે એક મહાન પ્રભાવશાળી ઉદાર મન ધરાવતો હિંદુ ધર્મનો નેતા ગુમાવ્યો છે કે જે ચાલુ જમાનામાં જીવ્યો હતો. સ્વામીજીનો આત્મા હવે વધુ પ્રબળતાપૂર્વક લોકોના ઉત્કર્ષ માટે કાર્યરત થશે એમાં શંકા નથી.

સ્વામીજી જીવે છે - તેમનાં પુસ્તકોમાં, આશ્રમના વાતાવરણમાં, આપણા હૃદયમાં. તેમના ભક્તો દુનિયાના એક-એક દેશમાં વસેલા છે. સ્વામીજી એક માણસ હતા અને માણસ તરીકે જ જીવ્યા હતા. પરંતુ આ માણસ એવો હતો કે જે લોકોની સેવા કરવા માટે જ જીવ્યો હતો. આ માણસ એવો હતો કે જેણે શ્વાસે શ્વાસે લોકોને ગાઢ પ્રેમ કર્યો હતો. આ માણસ માટે 'સેવા અને પ્રેમ' તેમના જીવનનો મુદ્રાલેખ હતો. આપણે આપણી મર્યાદિત બુદ્ધિક્ષમતાથી ક્યારેય તેમની ભગવદ્ ચેતનાને સમજી શકીશું નહીં. માટે સ્વામીજી માટે એટલું જ કહી શકાય.

**'ન ભૂતો ન ભવિષ્યતિ'**

# પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

- શ્રી અતુલ પરીખ

મારા ચિત્તાકાશમાં એક નાનું અધ્યાત્મ જગતનું સામ્રાજ્ય છે, જેમાં પરમ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની યાદો ગૂંથાયેલી છે. આ લેખ દ્વારા ભાષાની સીમિતતા સાથે પૂ. સ્વામીજીની યાદોને વાગોળવાની કોશિશ કરી છે.

એક મીણબત્તીને સૂર્યનો અથવા તેના પ્રકાશનો પરિચય આપવાનો હોય અથવા તો એક કૂપમંડુકને સમુદ્ર વિશે કલ્પનાચિત્ર રજૂ કરવાનું હોય તેવી જ મૂંઝવણભરી વ્યથા પૂ. સ્વામીજીના સૂર્યમુખી તેજથી પ્રદીપ્ત અસ્તિત્વ કે કૈલાસ પર્વતના ઉચ્ચ શિખર સમાન મહાન વ્યક્તિત્વ વિશે અથવા તો ગંગોત્રીમાંથી વહેતી ગંગાનાં પવિત્ર જળ સમાન તેમના નિર્મળ જીવન વિશે અથવા તો તેમની વાણીમાંથી વહેતી સરસ્વતીયુક્ત વાક્-ધારા વિશે અથવા તો તેમની યમુનાજીની કૃષ્ણ સમર્પિત ભક્તિ જેવી ગુરુ સમર્પિત ભક્તિ વિશે અથવા તો 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના અધ્યાય-૩માં વર્ણવેલ કર્મયોગીની પૂર્ણ વ્યાખ્યા સમા લોક સમર્પિત જીવન વિશે વગેરે કાંઈ પણ આલેખવું એટલે એ મહાકાય વ્યક્તિત્વને શબ્દોની બેડીઓમાં ભાષાની મર્યાદામાં બાંધવાની વ્યર્થ કોશિશ બરાબર છે.

**પૂ. સ્વામીજીની પ્રતિબદ્ધતા, પ્રેમ અને કરુણાનો પ્રથમ અનુભવ**

પૂજ્ય સ્વામીજીનો પ્રથમ પરિચય એક આશ્ચર્યજનક ભેટપ્રસાદરૂપે તા. ૧ જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ થયો.

મારા પિતાશ્રી લકવાની બીમારીથી અર્ધસભાન અવસ્થામાં છેલ્લા ત્રણ મહિનાથી પથારીવશ હતા. શિયાળાની થીજેલી રાત્રિના ૧૧.૦૦ વાગ્યા હતા. અચાનક દરવાજે ડોરબેલનો અવાજ થયો. સફાળા મેં દરવાજો ખોલ્યો અને આશ્ચર્યથી અવાક્ થઈ ગયો. પૂ. સ્વામી અધ્યાત્માનંદજી મારા દરવાજે ઊભા હતા. તેમની સાથે આશ્રમના શ્રી મરૂતભાઈ દવે હતા કે જેમના પિતાશ્રી સ્વામી પવિત્રાનંદજી મારા પિતા સાથે બેન્કમાં સહકર્મી હતા. સ્વામીજીએ પ્રારંભિક વાતચીત દરમિયાન મારા પિતાજીની હાલત વિશે મનોમન તાગ મેળવી લીધો. તેઓશ્રીએ મારા પિતાના કાનમાં મંત્રો ભણ્યા ત્યારબાદ ૧૦ દિવસમાં પિતાજી કાળધર્મ પામ્યા. પૂ. સ્વામીજી આટલી મોડી રાતે ખુલ્લી જીપમાં મારા ત્યાં ખાસ પિતાજીની ખબર કાઢવા રોકાયા તે તેમની કરુણા, પ્રતિબદ્ધતા અને નિ:સ્વાર્થ પ્રેમ માત્ર હતાં. ત્યારબાદ સ્વામીજી અને શ્રી મરૂતભાઈ ત્યાંથી વડોદરા જવા રવાના થયા.

તા. ૧૦-૦૧-૧૯૯૯ના રોજ પુનઃ મારા પિતાજીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે શ્રી કૃષ્ણકાંત પરીખ અને નીરંજ પરીખ દ્વારા આયોજિત ભજન સંધ્યામાં પૂ. સ્વામી મનુવર્યજીની સાથે પૂ. સ્વામી અધ્યાત્માનંદજી મારા ત્યાં પધારેલા.

ત્યારબાદ સ્વામીજીને અલગ અલગ પ્લેટફોર્મ પર અમદાવાદ તેમજ મુંબઈ ખાતે વક્તા તરીકે આમંત્રિત કરવાનો તેમજ તેમના સાંનિધ્યનો લાભ મળતો ગયો. સ્વામીજીના સાંનિધ્યમાં થોડી પળો પણ વિતાવવાનો જેમને મોકો મળે તેમને તેમના હકારાત્મક અભિગમ, સરળતા, સહજતા તેમજ હૃદયની પવિત્રતા સાથે માનસિક શાંતિ અને આત્મવિશ્વાસની અનુભૂતિ અચૂક થાય. સ્વામીજીને મળનાર દરેક વ્યક્તિ તેમના આકર્ષક વ્યક્તિત્વના લીધે સ્વામીજી સાથે પોતીકાપણાની લાગણી અનુભવે.

**ये जिंदगी न मिलेगी दुबारा :**

આ પૃથ્વી ઉપર માનવદેહ પ્રાપ્ત કરવો એ સૌભાગ્યની વાત છે. જીવનમાં દરેક માનવી સ્વયંના વિકાસ અને ઉન્નતિ માટે તેમજ શાશ્વત સુખ અને શાંતિ

માટે તત્પરતા સાથે કાર્યરત રહે છે. તેમ છતાં પ્રલોભનોથી ભરેલા જીવનમાં માનવી ઘણી વાર દિશાશૂન્ય બની જાય છે.

આ સત્યને સ્વીકારી હિંદુ સનાતન ધર્મના આધ્યાત્મિક વારસદારો દ્વારા માનસિક રીતે ત્રસ્ત અને દિશાહીન સમાજના જીવનને યોગ્ય દિશામાં ગતિમાન કરવાનો સતત પ્રયાસ થતો રહ્યો છે.

શિવાનંદ આશ્રમ ખાતે હિંદુ સનાતન ધર્મના ઉત્તરાધિકારી પૂ. શ્રી અધ્યાત્માનંદજીએ તેમના ૫૦ વર્ષના સંન્યસ્ત જીવનમાં સમાજના વિવિધ વર્ગ-સમુદાયના શારીરિક, સામાજિક, ધાર્મિક તેમજ આધ્યાત્મિક કલ્યાણ માટે અનેક કાર્ય કર્યાં છે.

પાતંજલ યોગના સૂત્રધાર તરીકે લાખો લોકોના જીવનમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક કલ્યાણ માટેની ચેતના જાગૃત કરી છે. યુવાપેઢીને યોગવિદ્યા દ્વારા સાત્ત્વિક જીવનના માર્ગદર્શક બની સામાજિક દૂષણો, તામસિક અને નશાયુક્ત કુટેવોથી પર રાખવાનું સફળ અભિયાન કરેલું અને તે સાથે દિશાહીન-ભટકેલા યુવાનોને રચનાત્મક રીતે નવ જીવન પ્રદાન કરેલ છે.

**જાજરૂનું મેલુ ઉપાડવાની સેવા- પૂજ્ય સ્વામીજીના મુખેથી સાંભળેલ માનવ સેવાની પરાકાષ્ઠા નો પ્રસંગ**

પૂજ્ય સ્વામીજી તેમના પૂર્વાશ્રમમાં જામનગર માં હોમગાર્ડઝ માં સેવા આપતા હતાં. એ સમયનાં જાજરૂનું મેલું ઉપાડવાનું કામ હરિજનો કરતા તેથી આ ઉત્તમ સેવાને બિરદાવવા ગાંધીજી એ તેમને હરિજન તરીકેની ઓળખ આપેલી.

સ્વામીજીએ મને એક પુસ્તક આપેલ જે જામનગર હોમગાર્ડઝ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ. જેમાં પૂ. સ્વામીજીની ઉત્કુષ્ટમાનવ સેવા ના ઉદાહરણ નો ઉલ્લેખ છે. એક દિવસ જામનગરમાં ઓચિંતા હરિજનો હડતાલ ઉપર ગયા. લોકોનાં જાહેર સ્વાસ્થ્યનો મોટો પ્રશ્ન ઊભો થયો. હડતાલ દરમ્યાન લોકોનાં જાજરૂ માંથી મેલું કોણ ઉપાડશે ?? સર્વેના આશ્ચર્ય વચ્ચે જતીન વૈષ્ણવે (પૂ. સ્વામીજી નું પૂર્વાશ્રમનું નામ) તેમના વિસ્તાર માં દરેક ઘરના જાજરૂનું મેલું ઉપાડવાની સેવાનું કામ સ્વિકાર્યું. સતત ત્રણ દિવસ સુધી આ જન સેવા તેમણે આપી ત્યારબાદ હરિજનો એ હડતાલ પાછી ખેંચવા મજબૂર થયા. માનવ સેવાનું ભગીરથ ઉદાહરણ પૂ. સ્વામીજીની ગળથૂથીમાં હતું. લોકોનું મેલુ ઉપાડવાની ઉત્કૃષ્ટ તેમજ નિઃસ્વાર્થ સેવા એ કોઇ ઉચ્ચ કોટીના મહાત્મા જ કરી શકે.

**પ્રકૃતિ, પર્યાવરણ અને પ્રાણીસૃષ્ટિ પ્રત્યે પ્રેમ અને સંવર્ધનની ભાવના**

સ્વામીજી પ્રકૃતિ પ્રત્યે માતૃતુલ્ય પ્રેમ સાથે કુદરતના નિયમોનું અનુશાસનપૂર્વક સન્માન તેમજ તાદામ્યતા સાથે પ્રકૃતિ સાથે એકરૂપ થઈ જીવનને ગતિશીલ બનાવવાની પ્રેરણા હંમેશાં આપતા રહ્યા. પૃથ્વી પર પર્યાવરણની સમતુલા જાળવવા તેમજ પ્રાકૃતિક સાધન-સંપત્તિ તેમજ જીવસૃષ્ટિની રક્ષા માટે સ્વામીજી હંમેશા સતર્ક અને સભાન રહેતા અને તે દિશામાં નિયત કાર્યરત અને પ્રચારક રહ્યા.

જીવનપર્યંત એક કરોડ વૃક્ષા રોપણ કરી ધરતીને સુશોભિત અને સમૃદ્ધ કરી પર્યાવરણ માટે રચનાત્મક ભગીરથ કાર્ય કર્યું છે. તે દ્વારા સ્વામીજીએ પ્રકૃતિ અને પ્રાણીક સૃષ્ટિના નૈસર્ગિક વિકાસમાં ગણનાપાત્ર ફાળો આપ્યો છે. સ્વામીજીએ કોઈપણ પરિષદ, સમારંભ - ઉદ્‌ઘાટન પ્રસંગમાં માત્ર એક વૃક્ષની દક્ષિણા સ્વીકારી વિશ્વમાં પ્રકૃતિ પ્રેમનું અનોખું દૃષ્ટાંત બેસાડ્યું છે.

**'અધ્યાત્મ અમૃતમ્' સ્મરણિકાની મધુર યાદો**

પૂ. સ્વામીજીના ૭૫ વર્ષ 'અમૃત મહોત્સવ'ની ઉજવણી પ્રસંગે આશ્રમના ટ્રસ્ટીગણ દ્વારા સ્મરણિકા પ્રકાશિત કરવાનો નિર્ણય લેવાયો. સ્મરણિકાનો મુખ્ય ઉદ્દેશ સ્વામીજીના ૫૦ વર્ષના સંન્યસ્ત જીવનમાં તેમના દ્વારા કરાયેલ સમાજોપયોગી અનેક કલ્યાણકારી કાર્યોની સુવાસ જળવાઈ રહે તેમજ તેમના સામાજિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્ર, દેશ-પરદેશમાં યોગ મુમુક્ષુઓ- જ્ઞાનીઓ, જ્ઞાનપિપાસુઓ સાથેનાં સંસ્મણો

અને આધ્યાત્મિક સ્પંદનોને પ્રસ્તુત કરવાના હેતુથી આશ્રમના એક ચિરંજીવ અમૂલ્ય પ્રકાશન તરીકે પ્રકાશિત કરવાનો હતો. આ પવિત્ર કાર્યની જવાબદારી પૂજ્ય સ્વામીજી તેમજ ટ્રસ્ટીગણ દ્વારા મને સોંપવામાં આવેલી. મારા માટે સૌભાગ્યની વાત એ છે કે આ પવિત્ર કોફી ટેબલ સ્મરણિકાના તંત્રી તેમજ સંકલનકર્તા તરીકે પૂર્ણ સ્વાધીનતા મને આપવામાં આવેલી. મારી સાથે આ કાર્યમાં શ્રીમતી રૂપાબહેનને પણ સહાયક તંત્રી તરીકે જોડવામાં આવેલાં.

પાંડેમિકના લીધે આ પુસ્તકના પ્રકાશનમાં ઘણા વિઘ્નનો સામનો કરવો પડેલ અને ધીરજની કસોટીમાંથી પસાર થવાનું હતું. આ કાર્યને પૂ. સ્વામીજીના નિકટ સાંનિધ્ય વગર પાર પાડવું લગભગ અસંભવ હતું.

એક તબક્કે સ્વામીજીએ કદાચ મારી કસોટી કરવા કહ્યું કે, 'અતુલભાઈ, આ પાંડેમિક વ્યાધિના લીધે સ્મરણિકાના પ્રોજેક્ટને પડતો મૂકીએ અને અમૃત મહોત્સવની ઉજવણીને 'દિવ્ય જીવન'ના માસિકમાં જ સમાવિષ્ટ કરી લઈશું.'

પ્રત્યુત્તરમાં મેં સ્વામીજીને ભારપૂર્વક જણાવ્યું કે, 'સ્વામીજી જીવનમાં ૭૫ વર્ષ ફક્ત એક વાર જ આવે છે. મારી મહેચ્છા છે કે આ પુસ્તકનું સંકલન અને પ્રકાશન ઉત્તમ પ્રકારનું થવું જોઈએ, જેમાં કોઈ પણ પ્રકારનું સમાધાન કરવું ન જોઈએ. આ સ્મરણિકાને એક કોફી ટેબલ બુક તરીકે પ્રકાશિત કરીએ કે જે આગામી વર્ષોમાં આપનાં કાર્યને નવી પેઢી માટે પ્રેરણાદાયી અને ચિરંજીવી બનાવે.'

સ્વામીજીએ મારી રજૂઆત સાથે સહમતી દર્શાવતાં કહ્યું કે, 'સાચી વાત છે અતુલભાઈ જીવનમાં ૭૫ વર્ષ એક વાર જ આવે છે. આપણામાંથી ૮૦ વર્ષ કોણ જોશે ? તેથી આ સંકલ્પને સારામાં સારી રીતે સાકાર કરીએ.' મને લાગ્યું કે મારા મનની ઈચ્છાશક્તિને સ્વામીજીએ જાણી લીધી.

**સ્મરણિકાનું નામકરણ**

પુસ્તકની ભૂમિકા તૈયાર થઈ ગઈ પછી મારા મનમાં પુસ્તકના શીર્ષક માટે સ્ફુરણા થઈ કે સ્વામી અધ્યાત્માનંદજીના અમૃત મહોત્સવની સ્મરણિકા માટે 'અધ્યાત્મ અમૃતમ્' શીર્ષક યોગ્ય રહેશે. સ્વામીજી ભોજન કક્ષમાં હતા ત્યારે મેં આ શીર્ષક વિશે મારી લાગણી તેમની સમક્ષ વ્યક્ત કરી અને સ્વામીજીએ તેને સહર્ષ સ્વીકારી.

**'અધ્યાત્મ અમૃતમ્'ની પ્રથમ પ્રત**

પરમ કૃપાળુ પરમાત્માની કૃપા તથા ગુરુદેવના આશીર્વાદ તેમજ આશ્રમના ટ્રસ્ટીગણ અને સહાયકોના સાથ - સહકારથી 'અધ્યાત્મ અમૃતમ્' કોફી ટેબલ સ્મરણિકાનો સંકલ્પ અંતે સાકાર થયો છે. પૂજ્ય સ્વામીજીનાં ભરપૂર સંસ્મરણોથી પ્રકાશિત આ પુસ્તકની પ્રથમ પ્રત શ્રી શ્રીઅષ્ટલક્ષ્મી માતાના પાટોત્સવના દિવસે તા. ૨૯-૦૪-૨૦૨૧ના રોજ તેમનાં શ્રીચરણોમાં સમર્પિત કરવામાં આવેલી. આ પુસ્તક પાછળ કદાચ મેં એક હજાર કલાક ઉપરાંત વર્ષ દરમિયાન કાર્ય કર્યું હશે, પરંતુ તેનાથી એક આધ્યાત્મિક મુમુક્ષુ તરીકે સાત્ત્વિક સંસ્કારોનું સિંચન કરવાનો એક તક પણ મને પ્રાપ્ત થઈ છે. તદુપરાંત એક નવો દૃષ્ટિકોણ અને જીવન પ્રત્યેનો નવો અભિગમ સાંપડ્યો છે.

આ પુસ્તક સ્વામીજી ઉપર જ અને સવિશેષ તેમની યાદોને હંમેશાં જીવંત રાખવાના હેતુથી હોઈ મારે મન પૂ. સ્વામીજીનો આ પુસ્તક વિશેનો અભિપ્રાય ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

આ પવિત્ર પુસ્તકનું કાર્ય પૂર્ણ થવા છતાં મારા આનંદ અને સંતોષ પાછળ હૃદયમાં એક ગમગીની અને વેદના છુપાયેલી છે.

આ પુસ્તકની જેમના માટે અને જેમનાં સંસ્મરણો માટે રચના કરવામાં આવી એ સોહામણું અને સદા જીવંત વ્યક્તિત્વ ભૌતિક સ્વરૂપમાં આજે આપણી વચ્ચે

હયાત ન રહેતાં એક શૂન્યવકાશની લાગણી મૂકી ગયું.

સંતોષ એ વાતનો છે કે પૂ. સ્વામીજીની યાદો 'અધ્યાત્મ-અમૃતમ્' દ્વારા અક્ષરદેહે હંમેશાં જીવંત રહેશે.

**પૂ. સ્વામીજીનો 'આધ્યાત્મ અમૃતમ્' વિશે વિડિયો અને ઓડિયો મેસેજ દ્વારા મળેલો પ્રતિભાવ**

પૂજ્ય સ્વામીજીની આજ્ઞા હતી કે 'અધ્યાત્મ અમૃતમ્' સૂત્રધાર અને તંત્રી તરીકે પુસ્તક પ્રકાશનનું કાર્ય પૂર્ણ થયે હું અમેરિકા જઈ શકું. સ્વામીજીની આજ્ઞા એ મારે મન સંકલ્પ બની ગઈ.

પૂ.સ્વામીજીની નાદુરસ્ત તબિયતના લીધે અમેરિકા જતાં પહેલાં તેમનાં દર્શનની મહેચ્છા અધૂરી રહેશે એવી ભીતિ મારા મનમાં હતી.

તા. ૩૦ એપ્રિલના રોજ મેં અમેરિકા જવાની તૈયારી શરૂ કરી.

મારા આશ્ચર્ય વચ્ચે પૂ. સ્વામીજીનો વીડિયો કોલ આવ્યો. પૂ. સ્વામીજી પથારીમાં આરામ કરતા અને ઓક્સિજન નાકની નળીમાં ચાલુ હતો. આમ છતાં તેઓએ પુસ્તક માટે સંતોષ વ્યક્ત કર્યો અને મને આશીર્વાદ સાથે અભિનંદન આપ્યાં. મેં સ્વામીજીને સમક્ષ મનોમન અભ્યર્થના વ્યક્ત કરી કે આપ જલદી સાજા થઈ આશ્રમમાં પધારો એવી મારી પ્રભુને પ્રાર્થના.

મારા માટે જીવનના એક સંતોષની આ પળો હતી કે તેમનાં હું દર્શન કરી શક્યો તેમજ પુસ્તક વિષે તેમણે સંતોષ વ્યક્ત કર્યો.

**પૂ. સ્વામીજીનો ઓડિયો મેસેજ**

સ્વામીજીના વીડીયો કોલ પછી થોડી વારમાં રેકોર્ડેડ ઓડિયો મેસેજ તેમણે મારા ફોનમાં મોકલાવ્યો. આ મેસેજ તા. ૩૦ એપ્રિલના રોજ અંગ્રેજીમાં પ્રાપ્ત થયો. સંદેશાની મૌલિકતા જાળવવા હું તેને અંગ્રેજીમાં જ રજૂ કરવાનું પસંદ કરીશ.

"Atulbhai, Congratulations! You have done wonderful work; Unimaginable...... 400 pages is beyond imagination! Atulbhai, you deserve big Congratulations! God is with you; Gurudev Sri Swami Chidanandaji is with you ! Gurudev has worked through you ! It's your total 100% Selfless Service ! "Adhyatma Amrutam" is your brain child; ...your production and your Creation ....! " The last sentence he uttered " SWAMI ADHYATMANANDA IS THERE OR NOT BUT ADHYATMANANDA WILL REMAIN ALIVE THROUGH THE PAGES OF "ADHYTMA AMRUTAM" FOR AGES TO GO ! " GOD BLESS YOU" !

પુજ્ય સ્વામીજીના છેલ્લા ઉદ્ગારોથી મારી આંખોમાંથી અશ્રુનું છલકાવું એ બહુ સ્વાભાવિક છે. મારા માટે " અધ્યાત્મ અમૃતમ્" પુસ્તક પ્રત્યે આત્મ સંતોષ અને પૂજ્ય સ્વામીજીના અમૃતવર્ષા સભર આશીર્વચન એ જીવનનો આત્મ સંતોષ તેમજ ઈશ્વર કૃપાની અનુભૂતિ છે.

પૂજ્ય સ્વામીજી આપણી વચ્ચે ભૌતિક સ્વરૂપે નથી, પરંતુ તેમનો દિવ્ય આત્મા અમર છે અને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે આશ્રમને હંમેશાં યોગ, સેવા અને ભક્તિનાં કાર્યોથી ધબકતો રાખશે તેમજ સૌ મુમુક્ષુઓને દિશાસૂચન કરતો રહેશે.

પૂજ્ય સ્વામીજીનું જીવન જ તેમનો સંદેશ છે. નિયમિત યોગ, પ્રાણાયામ અને ધ્યાન ઉપરાંત જપ અને સત્સંગમાં મનને વ્યસ્ત રાખવું. નિઃસ્વાર્થ સેવા અને નિઃસ્વાર્થ કર્મ દ્વારા અંતઃકરણની શુદ્ધિ અને પરમાત્માની પ્રાપ્તિ સાધી શકાય છે.

પૂજ્ય સ્વામીજી કાળથી પરે છે. તેઓએ સમય હંફાવી દે તેવા સમાજ સેવાના અનેકવિધ અગણિત કાર્યો કર્યા છે. તેમજ જનકલ્યાણ અને લોકોના જીવનના ઉત્થાન દ્વારા જનસમુદાયને સાંસ્કૃતિક રીતે જોડતી અજોડ સેવા દ્વારા જીવનને અમૃતમય બનાવી અમૃત્વને પામ્યા છે. પૂજ્ય સ્વામીજીની મધુર યાદો લોક હૃદયમાં હંમેશા જીવંત બની રહેશે.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

# સ્વામી અધ્યાત્માનંદજીઃ એક અનોખું વ્યક્તિત્વ....

- ભાગ્યેશ જહા

એક કટોકટીનો સમય ચાલી રહ્યો છે, એક કસોટીનો સમય ચાલી રહ્યો છે. સૌએ કોઈ ને કોઈ સ્વજન કે મિત્ર ગુમાવ્યા હોય તેવો આ કારમો કાળ ચાલી રહ્યો છે ત્યારે અમદાવાદના 'પોતાના સ્વામી' 'યોગગુરુ' પરમધામ ગયા એ હકીકત માત્રથી વ્યથિત થઈ જવાય છે. 'હવે શિવાનંદ આશ્રમ જઈશું તો સ્વામીજી નહીં મળે' એવો વિચાર આવે તો પણ મન એને માનવા તૈયાર નથી.

એમના વ્યક્તિત્વનાં બે પાસાંઓ મને હંમેશાં આકર્ષતાં. એક તો સતત સક્રિયતા, અવિરત કામ કરતા સ્વામીજી અને બીજું, એમનું મોહક સ્મિત. કાયમ હસતા રહેતા સ્વામીજી. વ્યક્તિ સંન્યાસ લે તો એક પ્રકારની નિષ્ક્રિયતા અને ઉદાસીનતા ઓઢી લેતી હોય છે. સ્વામીજી કાયમ કર્મશીલ અને સદાય પ્રસન્ન મુદ્રામાં. ભગવદ્ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં એક અદ્ભુત મંત્ર કહી શકાય એવી પંક્તિ આવે છે, प्रसादे सर्वदु:खानां हाँइरस्योपजायते । प्रसन्नचेतसो ह्याशु बुध्य : पर्यवतिष्ठते ॥ ૨.૬૫ ॥ જે પ્રસન્નચિત્ત હોય છે એની બુદ્ધિ તરત જ સ્થિરતા પામે છે. સ્વામીજીનું એ સ્મિત એમની 'સિગ્નેચર' ઓળખ હતી, એ મહાદેવનું ત્રિપૂંડ અને અષ્ટલક્ષ્મીનું આભૂષણ હતું. અંદરથી આવતી આ પ્રસન્નતા એમના મુખમંડલને તેજસ્વી બનાવતી હતી તો એમનો કર્મયોગ એમની વાણીને ઓજસ્વી બનાવી રહ્યો હતો. મેં અનેક પ્રસંગો જોયા છે જ્યારે કોઈ નાની જોક પર સ્વામીજી એક બાળકની જેમ હસ્યા હોય, એ અનેક વાર ખડખડાટ હસતા. આ એક વિશિષ્ટતાના કારણે એમની નિખાલસતા પ્રગટ થતી.

સ્વામીજીનું આતિથ્ય અનોખું હતું. વર્ષમાં બે-ત્રણ ઉત્સવમાં તો હું આવું જ, ઘણીવાર વક્તા તરીકે સ્વામીજી આદેશ આપે એ વિષય ઉપર બોલ્યો છું, ક્યારેક હું 'ના' પાડું, કહું; 'બીજા કોઈને ચાન્સ આપો' તરત જ સ્વામીજીનો પ્રેમાળ આગ્રહ ઝળકી ઊઠે, 'સાહેબ, પણ મારે તમને આ વિષય પર સાંભળવા છે'...

મને વિચાર આવે છે, 'શહેર વચ્ચે આશ્રમ ચલાવવો એટલે શું ?' એટલે એક રણમાં નદી વહાવવી, એક જંગલમાં રસ્તો બનાવવો, એક રણમાં વૃક્ષ ઉગાડવું.. સ્વામીજી આજીવન એક લોકશિક્ષક રહ્યા. એમની શૈલી પણ એક શિક્ષકની શૈલી હતી. બધાંને જ્યારે કોઈ સ્તોત્ર બોલાવે તો એમની નજર દરેકના ઉચ્ચાર તરફ જતી. શુદ્ધ ઉચ્ચારોનો એમનો આગ્રહ બહુ જાણીતો હતો. શહેરની યુવાપેઢી યોગ તરફ આકર્ષાય એના માટે એમના સતત પ્રયત્નો રહેતા. એ અમદાવાદના એક સંસ્કારપુરુષ હતા. એમના જવાથી એક ખાલીપો સર્જાયો છે. એમની વિદાય વખતે લખેલી મારી એક અનુભૂતિ અહીં શ્રદ્ધાંજલિરૂપે અર્પણ કરું છું.. **અલવિદા, સ્વામીજી...!**

આશ્રમ આવીએ એટલે ભસ્મના ત્રિપૂંડ જેવું તમારું સ્મિત, સ્વામીજી કેટલું બધું મળ્યા ખડખડાટ હસ્યા. કાર્યક્રમોમાં સંસ્કૃતને પ્રેમ કરવા, સાહિત્યની ગોષ્ઠી અને અનેક વિષયોની ચિક્કાર વાતો અરુણભાઈ,અતુલભાઈ, શ્રેયસભાઈ કે લહેરીસાહેબ, બધાં સાથે અને માતાજી સાથે મળ્યા પણ પ્રસાદ વિના છૂટા નથી પડ્યા.... આજે આમ, ગેબીની ગુફા તરફ જતા હો એમ અષ્ટલક્ષ્મીની આરાધનાના પ્રકાશનો પ્રસાદ આપી સ્મિત, સત્સંગ અને સંસ્કૃત આપીને શિવ પંથે ચાલી નીકળ્યા....

**ૐ નમો નારાયણ... ૐ....**

# એક સંત દ્વારા બીજા સંતને ભાવભરી શ્રદ્ધાંજલિ

**પૂજ્ય શ્રી સ્વામી હરિબ્રહેન્દ્રાનંદતીર્થ મહારાજ, આદિશંકર બ્રહ્મ વિદ્યાપીઠ, ઉત્તરકાશી.**

ૐ નારાયણં પદ્મભવં વસિષ્ઠં શક્તિં ચ તત્પુત્ર પરાશરં ચ.
વ્યાસં શુકં ગૌડપદં મહાન્તં ગોવિન્દ યોગીન્દ્રમથાસ્ય શિષ્યં
શ્રી શંકરાચાર્ય મથાસ્ય પદ્મપાદં ચ હસ્તામલકં ચ શિષ્યં
તં તોટકં વાર્તિકકાર મન્યાનસ્મદ્ગુરૂન્ સન્તતમાનતોસ્મિ.

**શ્રી સદ્ગુરુ મહારાજ કી જય**
**ૐ નમો ભગવતે શિવાનંદાય**
**ૐ નમો ભગવતે ચિદાનંદાય**

બધી જ ગુરુ પરંપરાને નમસ્કાર કરતા પરમ પૂજ્ય પરમ આરાધ્ય-શ્રદ્ધેય શ્રી સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી મહારાજને શ્રદ્ધાંજલીના રૂપમાં મારા હૃદયપૂર્ણ ભાવ વ્યક્ત કરતા બે શબ્દો બોલવા ઉપસ્થિત છું. આ અમારું સાધુ-સંતોનું જીવન બીજા માટે હોય છે અને જ્યારે એ કોઈ કાર્ય કરે છે, તેઓના શરીરથી કર્મોનું પરિપાલન કરે છે, પરંતુ એનું ફળ બીજા માટે હોય છે. **"પરોપકારાય સતાંવિભૂતયઃ"** એમની અંદર જે શક્તિ છે, જે માનસિક શક્તિ, બુદ્ધિશક્તિ, શારીરિકશક્તિ, ધનશક્તિ, તપશક્તિ આ બધી શક્તિઓ કર્મના રૂપે પરોપકાર માટે સમર્પિત હોય છે અને તેઓનું લક્ષ્ય એ પરોપકારના માધ્યમથી લોકસંગ્રહ કરતા પરમ મોક્ષને પ્રાપ્ત કરવાનું હોય છે. અમારા-આપણા આરાધ્ય પરમ પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદ સરસ્વતી મહારાજ તેઓના સંપૂર્ણ જીવનમાં આ કાર્ય કરતા રહ્યા અને એ પણ પૂર્ણ રૂપથી ગુરુમાં સમર્પિત થઈને. એવા ગુરુભક્ત વિરલ જ જોવા મળે છે, જે બધાં જ કાર્યોમાં પોતાના ગુરુનું નામ જ આગળ રાખે છે, ગુરુની શક્તિ, ગુરુના આશીર્વાદ, એને જ આગળ રાખીને કાર્ય કર્યું છે. અમે ઘણી વાર જોયું છે કે જ્યારે સ્વામીજી વાત કરે છે કે કોઈ કાર્યક્રમ કરે છે, કોઈને કોઈ ઉપદેશ આપે છે ત્યારે શરૂઆતમાં અને અંતમાં ગુરુનું નામ જરૂર લે છે. આ બધા જ સાધકો માટે એક અતિ ઉત્તમ માર્ગદર્શન છે કે જીવનમાં ગુરુને કેવી રીતે માનવું જોઈએ. તેઓ કર્મયોગી હતા અને સાથે-સાથે પરમ ગુરુસેવક પણ હતા. જે સ્થિતિમાં અમદાવાદનો શિવાનંદ આશ્રમ હતો અને પોતાના કર્મ સામર્થ્ય દ્વારા, કર્મયોગ દ્વારા કેટલો વિશાળ સ્થાપિત કર્યો. અમારા પરમ પૂજ્ય સ્વામીજી મહારાજ શ્રી ચિદાનંદજી કહેતા હતા કે, ''શિવાનંદ આશ્રમ સાથે જોડાયેલા જેટલા પણ કર્મયોગી છે,એમાં અધ્યાત્માનંદજી મહરાજ સૌથી આગળ છે, તેઓ ઉત્તમ રીતિથી કર્મ કરે છે'' આવું કેટલીય વાર કહ્યું હશે. અમે એમ પણ સાંભળ્યું છે, ''તેઓ સાધકની દૃષ્ટિએ દરેક કાર્ય કરવા સક્ષમ છે.'' સ્વામીજી કહેતા **"તેઓ તો હરફન મૌલા છે"** એટલે કે બધાં જ કાર્યો કરવા સમર્થ છે. તેઓ સંગીત પણ જાણતા હતા, પ્રવચન પણ કરી શકે છે. યોગી પણ છે. યોગ શીખવાડે પણ છે. હજારો લોકોને યોગ શિખવાડ્યા છે. હજારો લોકોના ગુરુ છે. સુંદર સંગીતના માધ્યમથી ભજન ગાતા હતા અને સેવાના રૂપમાં સમાજસેવા માટે બહુ જ કાર્યો કર્યાં છે. દેશ-વિદેશમાં કેટલી બધી વાર યાત્રા કરી છે. કોઈ પણ કાર્યક્રમની વ્યવસ્થા કરવી, પુસ્તકો લખવા. તો આવી રીતે કથાઓ દ્વારા ભાગવત કથા, દેવીભાગવત કથા, વેદાંત પ્રવચન, પાતંજલ યોગસૂત્રનાં પ્રવચન તો કોઈ પણ રીતે જોઈએ તો સ્વામીજીનો જન્મ અને તેઓનું કાર્ય આ સાધન જીવન માટે જ આવ્યું હતું એવું જ લાગે છે. આવા મહાત્મા, જેઓનું સાંનિધ્ય, દર્શન-સ્પર્શન આપણને પ્રાપ્ત થયું છે. આમ તો ઘણાં વર્ષથી અમે તેઓને જાણીએ છે,

અહીં ઉત્તર કાશીમાં તો તેઓનું નામ એમ પણ પ્રસિદ્ધ છે કે તેઓ ૧૯૯૧માં એ એકલવ્યમાં જે ભૂકંપ આવ્યો હતો તો એ સમયે, ગામે ગામ જઇને જે કાર્ય કર્યું તે આજે પણ અહીંના ઘરડા માણસો અને સંતો યાદ કરે છે. તેઓ પોતાને સાધન રૂપના સંન્યાસીના રૂપમાં એમનું જીવન છે અને પોતે કર્મયોગી તરીકે જીવન જીવ્યા. આવા સંત ફરી ક્યારે મળે ? એક મોટો વિચિત્ર સમયોગ છે. હું સમજું છે કે આ સદ્‌ગુરુ મહારાજની જ કૃપા છે, ગુરુ મહારાજ પરમ પૂજ્ય ચિદાનંદ મહારાજની જ કૃપા છે કે એમના જીવનના કાર્યને સ્વામીજીએ આગળ વધાર્યું. બહુ જ બધું એમની યાદમાં કહેવા જેવું છે, પરંતુ સંદર્ભમાં શ્રદ્ધાંજલિના રૂપમાં કહીશ કે ૨૦૧૫માં પરમ પૂજ્ય ચિદાનંદ મહારાજજી કે શતાબ્દી મહોત્સવ વખતે જે ભાષ્ય પારાયણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. શિવાનંદ આશ્રમ અમદાવાદમાં અને એના પછી ૨૦૧૯માં પૂજ્ય સ્વામીજીના પંચોતેરમી જયંતિ પર જે ભાષ્ય પારાયણ કાર્યક્રમ થયો હતો. એમાં જે સંતોની સેવા, સંતો સાથે સ્વામીજીનો વ્યવહાર એ જોઇને બધા જ આશ્ચર્યમાં હતા કેટલા વિનયભાવથી, કેટલા પ્રેમથી વ્યવહાર કરે છે. સ્વામીજી માટે કેટલાય સંતો એ સમયે કહેતા હતા કે ખરેખર સ્વામીજીનો આવો વ્યવહાર તો શીખવા જેવો છે કે કેવી રીતે એક-એક વ્યક્તિને પ્રેમથી પૂછીને સંતો સાથે વ્યવહાર કરે છે ! આ બધું જ મારા મનમાં ભરેલું છે. કેટલું પણ કહીએ એ ઓછું જ હશે. હું ભગવાન-ગુરુ મહારાજને પ્રાર્થના કરું છું કે તમે આજે અશરીરી છો, આ પણ સંતોનું જીવન, શરીર ત્યાગની સ્થિતિ છે એનું વધારે મહત્ત્વ નથી કે શરીર ક્યાંય પણ હોય. આમ તો શાસ્ત્રમાં કીધું છે, તેઓ કોઇ પણ કાળમાં, કોઇ પણ અવસ્થામાં પણ કોઇ પણ જગ્યા પર, ક્યાંય પણ શરીર નાશ થાય તો એ શરીરનું પ્રારબ્ધ છે. તો ક્યારેય સારા સમયમાં તો ક્યારેક બીજા સમયમાં જાય, એનો કોઇ મહિમા નથી. મહત્ત્વ એ છે, તેઓએ પોતાના સંત જીવનમાં શુ કાર્ય કર્યું, કેટલા લોકોને શિક્ષણ આપી ધર્મ માટે શું કર્યું. એનું બહુ જ મહત્ત્વ હોય છે અને જ્ઞાની પુરુષોએ તો એવું કહ્યું છે કે તેઓનો પ્રાણ પણ ક્યાંય જતો નથી તો જ્યાં એમનું સ્મરણ કરીએ છીએ ત્યાં તેઓ ઉપસ્થિત રહે છે, તો આમ આપણા બધાની અંદર વ્યાપ્ત થઇને આજે તેઓ ઉપસ્થિત છે. તેઓએ જે દર્શન માર્ગ દેખાડ્યો છે આપણાં બધાનું કર્તવ્ય બને છે, બધા ભક્તોનું કર્તવ્ય બને છે કે આપણે એનું અનુસરણ કરીએ. એમની ધરોહરને સમ્ય પ્રકારથી આગળ ચલાવીએ અને તેઓનું જે સાહિત્ય છે, એનું પુનઃ પ્રકાશન અને માર્ગદર્શનથી જો કાર્ય થઇ શકે એ કરીએ તો એનાથી તેઓ પ્રસન્ન થશે. તેઓ માટે શ્રદ્ધા, સમર્પણ આ જ કાર્ય હશે તો આ જ શબ્દોને પરમ પૂજ્ય, પરમ આરાધ્ય સ્વામીજી મહારાજના શ્રદ્ધાંજલિના રૂપમાં સમર્પિત કરું છું. ઉત્તર કાશીના બધા સંતોના તરફથી તેઓને પ્રણામ અર્પિત કરું છું અને ભગવાનને પ્રાર્થના કરું છું કે આપણા સૌની અંદર તેઓની શક્તિ પ્રદાન કરે અને આપણને બધાને એ માર્ગ પર લઇ જાય જ્યાં જઇને આપણે પણ પરમ ગતિને પ્રાપ્ત કરીએ. અંતમાં પ્રાર્થના સાથે વાક્‌પુષ્પાંજલિને સમર્પણ કરું છું.

ૐ અગ્ને નય સુપથા રાયે અસ્માન્
વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન.
યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો ભૂયિષ્ઠાં
તે નમઉક્તિં વિધેમ.
**(ઈશોપનિષદ-૧૮)**

શ્રી સદ્‌ગુરુ મહારાજની જય
ૐ નમો ભગવતે શિવાનંદાય
ૐ નમો ભગવતે ચિદાનંદાય
ૐ અધ્યાત્માનંદ મહારાજ કી જય
સમસ્ત સંતન કી જય
ગંગામૈયાકી જય, કાશી વિશ્વનાથકી જય
ૐ નમઃ પાર્વતીપતે હર હર મહાદેવ.
સુશાંતિ ભવતુ

# સ્વામીજીના અમૂલ્ય યોગદાનને યાદ કરી શ્રદ્ધાંજલિ

**પૂજ્ય શ્રી સ્વામી પ્રેમાનંદજી મહારાજ, અધ્યક્ષઃ શિવાનંદ આશ્રમ, ગણેશપુરા, ઉત્તર કાશી**

શોક સમાચાર સાંભળીને ખૂબ જ દુ:ખ થયું. મારા બહુ વર્ષોના મિત્ર અને જિગરનો ટુકડો, તેજસ્વી વ્યક્તિત્વ ધરાવતા શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ ડિવાઇન લાઇફ સોસાયટીના જે પૂર્વ અધ્યક્ષ હતા અને પૂરી દુનિયા જેને જાણે છે તેમના તેઓ પટ્ટશિષ્ય હતા.

સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે દેહનો ત્યાગ કર્યો આ સાંભળતાંની સાથે જ મારો આત્મા ખૂબ જ દુ:ખી થઇ ગયો. આટલા જલદી દેહનો ત્યાગ કેવી રીતે કર્યો? અરે ! ખૂબ જ મોટું નુકસાન થયું, અમારો આધાર હતો. એ જેવી રીતે કોઇ વસ્તુમાં તિરાડ પડી જાય એવી રીતે મારો આત્મા તડપી રહ્યો.

સ્વામી અધ્યાત્માનંદજીએ પ્રાણ ત્યાગ કર્યો છે એ સાંભળીને મારા સ્મૃતિપટલમાં ઘણી જૂની ઘટનાઓ યાદ આવવા લાગી. હૃષીકેશમાં આવેલા શિવાનંદ આશ્રમમાં જ્યાં સુધી રહ્યો અને ઉત્તર કાશીમાં આવીને મારી સાથે જે જે કાર્યો કર્યાં અને કુંભમેળા વગેરેમાં બધાંને સાથે લઇને બહુ મોટા-મોટા ઉત્સવો સફળતાપૂર્વક કર્યા. એ બધાં જ પ્રસંગો મને ખૂબ જ યાદ આવે છે.

આવા પરમ મિત્ર અને ગુરુ મારા જીવનમાંથી જતા રહ્યા. એક-એક કરીને બધા જઇ રહ્યા છે. બહુ જ દુ:ખ થાય છે. જ્યારે હરિદ્વારમાં પહેલો કુંભમેળો આવ્યો ત્યારે અમને જરા પણ અનુભવ હતો નહીં. તે વખતે સ્વામી ચિદાનંદજી મહારાજે અમને-મને, સ્વામી અધ્યાત્માનંદજી, કૃપાનંદજી, સાકેતાનંદ સ્વામીજી આ પાંચ જણાને પૂરી જવાબદારી સોંપી હતી અને એમણે સૂચના આપી કે હરિદ્વારના કુંભમેળાની જવાબદારી સારી રીતે નિભાવવી અને એની વ્યવસ્થા કરવી. એ સમયે મારી સાથે અધ્યાત્માનંદજીએ રહીને જે કાર્યો કર્યાં તે ખૂબ યાદ આવે છે.

એક પણ પળનો વિશ્રામ લીધા વગર તેઓ બધી જ વ્યવસ્થા સારી રીતે યોજના પૂર્વક કરીને દિવસ-રાત એમાં લાગેલા રહેતા હતા. આખા હરિદ્વારમાં જેટલા અખાડા હતા તેમાં શ્રેષ્ઠ શિવાનંદ આશ્રમનો અખાડો હતો જેનું એક માત્ર કારણ સ્વામી અધ્યાત્માનંદજી જ હતા. કુંભમેળાના ડાયરેક્ટરે પણ અમારા અખાડાની સ્વચ્છતા અને વ્યવસ્થા જોઇ ખાસ તેની મુલાકાત લીધી હતી અને ખૂબ ગદ્ગદ્ થઇ ગયા હતા. આ બધાની પાછળ અધ્યાત્માનંદજીનો મોટો ફાળો હતો.

જોધપુર ટેકરા ઉપર આવેલા સુંદર આશ્રમ અને આશ્રમ તરફથી જે કંઇ પણ કામ તેમને સોંપવામાં આવે તો તેઓ શાંતિથી બેસતા નહીં અને એ પૂર્ણ કરવામાં પૂરો સહયોગ આપતાં. તેઓ હંમેશાં કંઇ ને કંઇ વિદેશમાં કાર્યક્રમ કરતા તથા ભારતમાં યોગ શિબિર તથા બાળકોને સંસ્કાર સિંચન આપવું તથા આધ્યાત્મિક જીવનમાં સાધકોને મદદ કરવી એવી પ્રવૃત્તિઓ કર્યા જ કરતા. એમના જેવા સાધુ-પુરુષનો સંબંધ બધાંની સાથે, નાનાથી મોટા સરકારી અધિકારી સાથે કે વ્યવસાયી લોકો કે પછી વિદ્યાર્થીઓ સાથે ખૂબ જ ઘનિષ્ઠ સંપર્કમાં રહેતા.

તેઓ હૃષીકેશથી વારંવાર ઉત્તર કાશી જતા. એક વાર ૧૯૯૧માં ધરતીકંપ થયો. એ સમયે અચાનક જ રામ સત્ગુરુ યોગ પહેલાં અહીં આવીને પરિસ્થિતિની જાણકારી મેળવીને પાછા ગયા. બે દિવસ અધ્યાત્માનંદજીના વડપણ હેઠળ એક વીસ-પચ્ચીસ સ્વયંસેવકો સાથે આશ્રમથી ટ્રક ભરીને સામાન લઇ ત્યાં ગયા. અમારી ટીમે ગામેગામ જઇ સાથે મળી આ કાર્ય કર્યું. આ રાહતકાર્ય ભૂલી શકાય તેમ નથી. દરેક ગામમાં જઇ તથા પહાડો ઉપરના ગામેગામ જઇ દરેક પરિવારના ખબર-અંતર પૂછી કોને શું જરૂર છે ? તેનું લિસ્ટ બનાવી સામાન મંગાવવાની તૈયારી કરી.

શિવાનંદ આશ્રમ તરફથી હિના નામના એક ગામમાં બધાં જ કુટુંબોને મકાન બનાવીને આપ્યાં. આમાં સંપૂર્ણ સહયોગ અધ્યાત્માનંદજીનો જ રહ્યો. અધ્યાત્માનંદજીએ કરેલ સત્કાર્યો ઘણાં યાદ આવે છે. એક વાર સ્વામી ચિદાનંદજી મહારાજે અધ્યાત્માનંદજીને ઉત્તરકાશીમાં મારી પાસે એકાંતવાસ માટે મોકલ્યા. એકાંતમાં રહેવા તથા મૌન ધારણ કરવા મારી પાસે ફક્ત બે જ ઓરડા હતા, તેમાં એક રૂમમાં હું અને બાજુના રૂમમાં અધ્યાત્માનંદજી માટે આસન પાથર્યું. એકાંતવાસ માટે દરવાજો બંધ કર્યો. મૌન ધારણ કર્યું અને જરા પણ બોલવાનું નહીં. એમને રસોઇ તથા પાણી એમના રૂમમાં જ પહોંચાડતા. ૬ મહિના સુધી તેઓ જપ કરતા રહ્યા. પછી ચિદાનંદજી મહારાજે એમને બોલાવી લીધા.

જ્યારે મુંબઇમાં વર્ષ ૨૦૦૦માં ''મિલેનિયમ મીટ''નો ઉત્સવ થયો એમાં એમણે ખૂબ જ સુંદર વ્યવસ્થા કરેલી. અલ્હાબાદના કુંભમેળા માટે પણ ખૂબ જ સામાન એકઠો કર્યો હતો અને તે કુંભમેળાની સુચારુ વ્યવસ્થા અધ્યાત્માનંદજીએ કરી. આંતરિક વ્યવસ્થા કરવી તે મને સોંપવામાં આવ્યું અને બાહ્ય વ્યવસ્થા જેવી કે બધો જ સામાન લાવવો, કોઇને નિમંત્રણ આપવું, પ્રવચન તથા સત્સંગની વ્યવસ્થા કરવી, બહારના લોકો સાથે સંપર્ક કરવો એ તેમને સોંપવામાં આવ્યું. અમે રાજ માતાજીના ઘરે, જે ત્યાંનાં પ્રવાસી હતાં તથા આશ્રમ સાથે ઘનિષ્ઠતા હતી તેમના ઘરે રોકાણ કર્યું. પછી બધાંએ મળીને ટેન્ટની વ્યવસ્થા કરી. કુંભમેળાની બધી જ જવાબદારી તેમના ઉપર હતી. આવા કર્મઠ વ્યક્તિત્વવાળા અધ્યાત્માનંદજીએ કોઇ પણ કાર્ય માટે ક્યારેય ના પાડી ન હતી. આવા વ્યક્તિત્વની ખોટ સાલે, જોધપુર ટેકરાવાળા આશ્રમમાં હું ગયો ત્યારે ત્યાં પણ એમનો ખૂબ જ સ્નેહ મળ્યો. આશ્રમમાં ફરવું, વ્યવસ્થા જોવી, રસોઇ માટે તથા ખાવા-પીવાની સુંદર વ્યવસ્થા તેઓ પ્રેમપૂર્વક કરતા. સ્નેહની એક મૂર્તિ, એક અદ્‌ભુત વ્યક્તિત્વ એવા અધ્યાત્માનંદજીએ એકલા ભારતમાં જ નહીં પણ પરદેશમાં પણ ઘણાં સુંદર કાર્યો કર્યા.

અધ્યાત્મની દુનિયામાં એ આદર્શ તારા જેવા સમાન ધ્રુવ તારો બધાંને અધ્યાત્મનો રસ્તો દેખાડતો રહેશે. એમની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી લાગે. એમણે કરેલાં સત્કાર્યો વારંવાર યાદ આવે છે. અધ્યાત્માનંદજી જ્યારે પ્રવચન આપતા ત્યારે તેમનો ચહેરો, ચરિત્ર અને તેમની કાર્યકુશળતા આત્માને સ્પર્શી જતી હતી. શિવાનંદ પરિવારને ખૂબ જ ક્ષતિ થઇ છે, જે કોઇ પૂર્ણ કરી શકે તેમ નથી. સમયની બલિહારી ન્યારી જ છે. આવા-આવા મહાત્માઓ જતા રહ્યા. હવે પ્રભુને પ્રાર્થના છે કે એમના આત્માને શાંતિ પ્રદાન કરે.

કર્મ જ જીવનનો માપદંડ છે. અને અધ્યાત્માનંદજીનાં કર્મો તેમની સાથે રહ્યાં. એ હંમેશાં પરમાત્માનું ચિંતન કરતા દિવસ-રાત લોકસેવાનાં કાર્યોમાં જીવન પસાર કરતા. જિંદગીમાં કરવા જેવાં બધા જ સારાં કાર્યો એમણે કર્યા, પ્રભુ પરમ પદમાં હંમેશાં એમને હૃદયમાં સ્થાન આપે એવી પ્રભુને પ્રાર્થના. કહેવા માટે શબ્દો નથી.

''સદ્‌ગુરુ ભગવાનકી જય''

## યોગ દિવસ નિમિત્તે આગામી કાર્યક્રમ

**પરમ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજીની પુણ્ય સ્મૃતિમાં તા. ૨૧ જૂનના રોજ યોગ દિવસને કેન્દ્રમાં રાખીને વિશિષ્ટ રીતે ઊજવવાનું આયોજન કરેલ છે, જેમાં તા. ૧૯, ૨૦, ૨૧ જૂનના દિવસો દરમિયાન ધોરણઃ ૬-૭-૮ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તથા શિવાનંદ આશ્રમના સંયુક્ત ઉપક્રમે યોગ શિક્ષણનો કાર્યક્રમ પ્રસારિત થશે. એ જ રીતે ધોરણઃ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા આશ્રમના સંયુક્ત ઉપક્રમે ૩ દિવસ યોગ શિક્ષણની તાલીમનું પ્રસારણ થશે. જે તે પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અન્ય વર્ગો પણ વેબિનાર કે પ્રત્યક્ષ રીતે કરવાનું આયોજન યોગશિક્ષકોની સહાયથી થઈ રહ્યું છે.**

# સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજની વર્ચ્યૂઅલ શ્રદ્ધાંજલિ સભા યોજાઈ

બ્રહ્મલીન થયાના બે દિવસ પૂર્વે સ્વામી અધ્યાત્માનંદજીએ કહ્યું હતું કે, ''૭૯ વર્ષ સુધી ગુરુકૃપાથી આ દેહે ખૂબ સેવાકાર્યો થયાં. હવે આ શરીર ન રહે તો પણ ચિંતા નથી''

સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજની વર્ચ્યૂઅલ શ્રદ્ધાંજલિ સભાનું આયોજન ૧૫ મે, ૨૦૨૧ના રોજ થયું હતું. સભાના પ્રારંભે શ્લોકગાન-ધૂન થયાં હતાં. ત્યારબાદ નીરજભાઈ પરીખ, વિકાસભાઈ પરીખ અને માતંગભાઈ પરીખ દ્વારા સંગીતમય સ્વરાંજલિ અપાઈ હતી.

આશ્રમના ભક્તો વતી સ્વામીજીને શિવાનંદ આશ્રમના ટ્રસ્ટી અરુણભાઈ ઓઝા, પ્રકાશભાઈ અને વિજયભાઈએ હૃદયાંજલિ પુષ્પ સમર્પિત કરી અર્પણ કરી હતી, સાથે જ સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજના જીવન-કવનની વીડિયો ડોક્યુમેન્ટરીનું નિદર્શન થયું હતું.

શિવાનંદ આશ્રમના ટ્રસ્ટી અરુણભાઈ ઓઝા કે જેઓ ૧૯૭૪થી આશ્રમ સાથે સંકળાયેલા છે. તેઓએ પૂ. સ્વામીજીના જીવન-કવન અંગે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સ્વામી અધ્યાત્માનંદજીએ શિવાનંદ આશ્રમને માત્ર અમદાવાદ શહેર, ગુજરાત કે ભારત જ નહીં, વિશ્વભરમાં પ્રસિદ્ધિ અપાવી. યોગ શીખવા માટે છેક અમેરિકા, યુરોપ, તાઈવાન, જાપાન વગેરે દેશોમાંથી વિદેશીઓ અમદાવાદના શિવાનંદ આશ્રમ આવતા એનું શ્રેય પણ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીને જાય છે. તેઓએ ૧૧૭ વખત રક્તદાન કર્યું, ૧ કરોડથી વધુ વૃક્ષારોપણ વિશ્વભરમાં કર્યું. એટલે કે યોગની સાથોસાથ વૃક્ષારોપણ, રક્તદાન માટે પણ પ્રેરણા આપી. તેઓને નારાયણ સેવા સૌથી પ્રિય હતી, માટે જ ષોડશી સુધી આશ્રમ દ્વારા નારાયણ સેવાનું આયોજન કરાયું છે. આપણે સૌ તન-મન-ધનથી શિવાનંદ આશ્રમની ઉન્નતિ માટે પ્રવૃત્ત થઈએ જ સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

આ વર્ચ્યૂઅલ શ્રદ્ધાંજલિ સભામાં સંતો-મહંતો સહિત મહાનુભાવોએ વાક્પુષ્પ અર્પણ કર્યાં હતાં, જે અંતર્ગત સ્વામિનારાયણ **ગુરુકુળ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)**ના **અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજીએ** જણાવ્યું હતું કે સ્વામીજીનું વ્યક્તિત્વ અત્યંત પ્રેમાળ હતું. વર્ષ ૧૯૮૮માં અમારા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો સ્મૃતિ ઉત્સવ ઊજવાયો હતો ત્યારે તેઓને મળવાનું થયું અને એક સાચા યોગીનાં દર્શન થયાં. તેઓએ યોગને હળવોફૂલ બનાવી દીધો હતો. અમારા સદ્‌ભાગ્યે અમને છેલ્લે છેલ્લે સ્વામીજીની સેવાનો અવસર મળ્યો હતો. ૩ મે, ૨૦૨૧એ સ્વામીજીનાં ૭૯ વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે તેમનો જન્મદિવસ હોસ્પિટલ ખાતે જ ધૂન-ભજન સાથે સાદાઈથી અમે ઊજવ્યો. ત્યારબાદ તેઓનો દેહ શાંત થયો તેના બે દિવસ પૂર્વે જ તેમની સાથે સુદીર્ઘ સંવાદ થયો ત્યારે તેમણે મને કહ્યું કે, ''સ્વામીજી, ૭૯ વર્ષ આ દેહને થયાં, ગુરુકૃપાથી સેવાનાં ખૂબ કાર્યો થયાં, હવે આ શરીર ન રહે તો પણ ચિંતા નથી.''

પરમાર્થનિકેતન, હૃષીકેશના **અધ્યક્ષ સ્વામી ચિદાનંદ સરસ્વતીજીએ** પરમાર્થનિકેતન પરિવાર વતી શ્રદ્ધાંજલિ પાઠવતાં જણાવ્યું કે ''સ્વામી અધ્યાત્માનંદજી સ્વયં સૌ માટે એક પ્રેરણાપુંજ હતા. તેમણે વિદેશની ધરતી પર પણ યોગ-ધ્યાનની જ્યોતિ પ્રગટાવી હતી. હમણાં જ લોકડાઉન પૂર્વે પૂજ્ય સ્વામીજીએ ગંગા તટે ભાગવતરૂપી આનંદગંગા વહાવી હતી – એ સ્મૃતિ હજુ વિસરાતી નથી ત્યાં તેઓના બ્રહ્મલીન થયાના સમાચાર મળ્યા તે હૃદયવિદારક છે. તેમણે વિશ્વભરમાં યોગામૃત વહેંચ્યું હતું. તેઓ સ્વયં પુણ્યશ્લોક હતા. તેઓ માત્ર યોગી જ

નહીં, સહયોગી, ઉપયોગી, ઉદ્યમી-ઉદ્યોગી હતા. તેઓ અનેક ભાષાઓના જાણકાર હતા. તેઓ હૃદયની ભાષાના જાણકાર અને હૃદયથી જીવતા હતા. સ્વામીજી હંમેશાં ભક્તોના હૃદયમાં જીવંત રહેશે. સનાતન સંસ્કૃતિના વિસ્તાર માટે શિવાનંદ આશ્રમ ક્ષણ-ક્ષણનો ઉપયોગ કરે એ જ સાચો યોગ બની રહેશે. આપણે સૌ કોરોનાકાળમાં કરુણાની ગંગા વહાવીએ."

**સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગરના અધ્યક્ષ પૂજ્ય સ્વામી જિતેન્દ્રપ્રસાદજીએ જણાવ્યું કે,** "સ્વામી અધ્યાત્માનંદજી સંતોનાં બત્રીસ લક્ષણયુક્ત સંત હતા. સ્વામીજીનાં દર્શનમાત્રથી ભક્તોને દિવ્ય શાંતિનો અનુભવ થતો હતો. તેઓ સનાતન સંસ્કૃતિના સાચા પથદર્શક હતા. રક્તદાન, વૃક્ષારોપણ વગેરે અનેક માનવસેવાનાં કાર્યોના પ્રેરક હતા. સ્વામીજી હંમેશાં તેઓનાં કાર્યોથી જીવંત રહેશે."

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પૂજ્ય સ્વામી અક્ષરવત્સલદાસજીએ જણાવ્યું કે,** "અમારા ગુરુદેવ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે પણ પૂજ્યપાદ સ્વામી અધ્યાત્માનંદજીને પ્રાર્થનાપૂર્વક ગુણાનુવાદ અર્પતાં જણાવ્યું હતું કે, 'તેઓએ સૌને સેવાનો લાભ આપ્યો હતો.' આદરણીય અને ગુરુજન સમા સ્વામી અધ્યાત્માનંદજીના અક્ષરવાસ-બ્રહ્મલીન થવાથી ગુજરાતને એક યોગાચાર્યજીની ખોટ પડી છે. તેઓ એક યોગી જ નહીં, સહયોગી, ઉપયોગી પણ હતા. તેઓનું વ્યક્તિત્વ સૌને માર્ગદર્શન, ઉન્નત જીવન જીવવાની પ્રેરણા આપનારું હતું. તેઓનો સંસ્થા સાથેનો નાતો બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સમયથી એટલે કે પાંચ દાયકાથી પણ વધુ પુરાણો છે. સ્વામી અધ્યાત્માનંદજી ગોંડલ આવી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને મળતા હતા. સ્વામી અધ્યાત્માનંદજી અમને નૂતન દીક્ષિત સાધુઓને યોગ શીખવતી વખતે કહેતા કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામીમાં અમે સ્વામી ચિદાનંદજીનું સ્વરૂપ જોઈએ છીએ અને માટે જ આપણે ગુરુભાઈઓ કહેવાઈએ. સ્વામી અધ્યાત્માનંદજી ખરેખર સૌના આત્મીય હતા. તેઓએ સૌની સાથે સ્નેહ-સંબંધ જાળવ્યો હતો. જનસમુદાયનું આધ્યાત્મિક સ્વાસ્થ્ય જળવાય તે માટે તેઓએ પ્રયાસ કર્યો હતો. સ્વામી અધ્યાત્માનંદજીએ જે સેવાનો માર્ગ ચીંધ્યો છે, સત્કાર્યોની પ્રેરણા આપી છે તેના દ્વારા અમર રહેશે."

**હિન્દુ ધર્મ આચાર્ય મહાસભાના સંયોજક મહામંત્રી સ્વામી પરમાત્માનંદજી મહારાજે જણાવ્યું કે,** "સ્વામી શિવાનંદજીએ યોગરૂપી બીજનું રોપણ કર્યું અને તેમાં ચિદાનંદજીરૂપી અંકુર ફૂટ્યાં. ત્યારબાદ સ્વામી અધ્યાત્માનંદજીએ એ યોગરૂપી છોડને વૃક્ષરૂપે વિસ્તાર અપાવ્યો. તે માટે આપણે સૌ તેઓનો આભાર માનીએ છીએ. તેઓ યોગની સાથે શાસ્ત્રના પારંગત હતા. ભાષા ઉપર તેઓનું પ્રભુત્વ હતું. તેઓ સર્વસ્વીકૃત હતા. તેઓ નિરંતર ઉત્સાહયુક્ત હતા અને સૌના માટે પ્રેરણારૂપ હતા. સ્વામી અધ્યાત્માનંદજીના સંકલ્પ અને સત્કાર્યોમાં આપણે જોડાઈ જઈએ. સ્વામી અધ્યાત્માનંદજી જેવું શુદ્ધ, કરુણાસભર, પ્રેમાળ અને ઉત્સાહસભર હૃદય આપણું પણ બને તેવી પ્રાર્થના."

**'નવગુજરાત સમય'ના તંત્રી અજય ઉમટે જણાવ્યું હતું કે,** "સ્વામી અધ્યાત્માનંદજી મારા માટે મિત્ર, તત્ત્વચિંતક અને માર્ગદર્શક હતા. તેઓ યોગી જ નહીં, પરંતુ કર્મયોગી હતા. તેઓની વ્યવસ્થાપનશક્તિ, સંચાલનશક્તિ પણ અદ્ભુત હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીને પણ તેઓએ યોગને રાજ્યાશ્રય આપવા માટે પ્રેરણા આપી હતી. તેઓએ 'બહુજન હિતાય-બહુજન સુખાય' કાર્ય કર્યાં હતાં. તેઓ અનેક ભાષાઓના જાણકાર હતા. તેઓ બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા હતા. બે વર્ષ પૂર્વે અમે તેઓનું 'આધુનિક યુગના ગાંધી' તરીકે સન્માન કર્યું હતું. તેઓમાં સાદગી, સરળતા, સહૃદયતા, સહજતા, સહિષ્ણુતા હતી. ખરેખર તો તેઓના બ્રહ્મલીન થવાથી ભારતમાતાએ પોતાના એક સપૂત ગુમાવ્યા છે.

તેઓનાં ચરણોમાં પ્રણામ.''

**ખેડા સ્થિત આશ્રમના સ્વામી પૂજ્ય અસંગાનંદજી મહારાજે જણાવ્યું કે,** ''સ્વામી અધ્યાત્માનંદજી દિવ્યરૂપમાં-સૂક્ષ્મરૂપમાં-કાર્યો દ્વારા સદાય હંમેશાં આપણી વચ્ચે રહેશે. તેઓનું વ્યક્તિત્વ બહુઆયામી હતું. સામાન્ય વ્યક્તિથી માંડી મહાનુભાવ સૌને એવું લાગે કે સ્વામીજી અમારા છે – એવું પ્રેમાળ વ્યક્તિત્વ હતું.''

**'તત્ત્વતીર્થ'ના સ્વામી પૂજ્ય વિદિતાત્માનંદજી સરસ્વતીએ જણાવ્યું કે,** ''મેં મારા એક મિત્રને ગુમાવ્યા છે. તેમનો પ્રેમ, હૂંફ, જ્ઞાન અને માર્ગદર્શન સૌને યાદ રહેશે. સ્વામીજીના ન રહેવાથી સૌને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.''

**અનુપમ મિશન, મોગરીના પૂજ્ય સાહેબશ્રીએ જણાવ્યું કે,** ''સ્વામી અધ્યાત્માનંદજીની હાજરી જ એક પ્રસન્નતા, ચેતનાનો સંચાર ઊભી કરી દે એવી હતી. તેઓ હંમેશાં સહૃદયતાપૂર્વક, સરળતા, નિર્માનીપણા સાથે કાર્ય કરતા હતા. સૌને તેઓ આદર-પ્રેમ પાઠવતા હતા. આવા દિવ્ય પુરુષે ભક્તોને ભગવાન સાથે જોડવા માટે પ્રેરિત કર્યા અને ભારતીય સંસ્કૃતિની સુવાસ સમગ્ર વિશ્વમાં ફેલાવી છે. તેઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.''

**હું મા ભારતીના સાચા ઉપાસકને મારી અંજલિ અર્પણ કરું છું : હિન્દુ ધર્મ આચાર્ય મહાસભા અધ્યક્ષ, સ્વામી અવધેશાનંદજી મહારાજે** વીડિયો સંદેશો પાઠવતાં જણાવ્યું કે, ''સ્વામી અધ્યાત્માનંદજી 'પ્રસ્થાનત્રયી'ના અભ્યાસુ, ભારતના યોગ-વેદાંત તથા અનેક ગ્રંથોના પ્રચારક હતા. યોગના માધ્યમથી તેમણે વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કર્યો. તેઓ ભારતીય સંસ્કૃતિના અનુપમ ઉદ્‌ઘોષક હતા અને સાંસ્કૃતિક ચેતનાના જ્યોતિર્ધર હતાં. તેઓના લોકકલ્યાણકારી કાર્યો સતત ચાલતાં રહે તે માટે આશ્રમવાસીઓ સૌ પ્રયાસરત રહે. આ પ્રાર્થનાસભામાં હું મા ભારતીના સાચા ઉપાસકને મારી અંજલિ અર્પણ કરું છું.''

**અધ્યાત્મજગતમાં સ્વામી અધ્યાત્માનંદજીએ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું આદરણીય મોરારિ બાપુએ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીને વીડિયો સંદેશા દ્વારા શ્રદ્ધાંજલિ પાઠવતાં જણાવ્યું કે,** ''સ્વામી અધ્યાત્માનંદજી નિર્વાણપદને પ્રાપ્ત થયા છે. તે સમાચાર મળતાં જ તેઓની સ્મૃતિ મારા માનસપટ ઉપર ઊભરી આવી હતી. તેઓને વર્ષોથી મારી સાથે સ્નેહાદર રહ્યો છે. અધ્યાત્મજગતનાં અનેક ક્ષેત્રમાં આપે વિનમ્રતા સાથે એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આત્મા જેમ અદૃશ્ય હોય છે તેમ મહાત્મા દૃશ્યમાન રહે છે, પરંતુ તેઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે, પરંતુ તેમની ચેતના સૌને સત્કાર્યોની પ્રેરણા આપતી રહેશે. આપની દિવ્ય ચેતનાને મારી હૃદયપૂર્વકની પ્રાર્થના. સ્વામીજીની સાથે જોડાયેલાં તમામ સાધક ભાઈ-બહેનોને મારા તરફથી દિલસોજી પાઠવું છું.''

સ્વામી અધ્યાત્માનંદજીના ગુરુ સ્વામી ચિદાનંદજી અને તેમના પણ ગુરુ સ્વામી શિવાનંદજી તથા યોગીજી મહારાજની અનેક વખત આધ્યાત્મિક મુલાકાત થઈ હતી. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સ્વામી અધ્યાત્માનંદજીના ગુરુ સ્વામી ચિદાનંદજી મહારાજ માટે કહેતા કે સ્વામી ચિદાનંદજી ભારતની આધ્યાત્મિકતાનું મૂર્તિમંત સ્વરૂપ છે.

**જાણીતા ધર્મોપદેશક, પૂજ્ય ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે,** ''સ્વર્ગથી કોઈ દિવ્ય ચેતના આવે ત્યારે એક વિલક્ષણ ચેતનાની અનુભૂતિ થાય છે એવી અનુભૂતિ આપણને સૌને થઈ છે. તેઓના બ્રહ્મલીન થવાથી ભારતના અધ્યાત્મ વિશ્વ માટે એક મોટી ખોટ ઊભી થઈ છે. તેઓ ઉદાર હતા, જ્ઞાનપ્રદાતા હતા.''

**લીંબડી મોટા મંદિર, નિમ્બાર્કપીઠના સ્વામી લલિતકિશોરજીએ વીડિયો સંદેશામાં જણાવ્યું કે,** ''મને સ્વામી અધ્યાત્માનંદજીના ગોલોકવાસના

સમાચાર જાણીને દુઃખ થયું. તેઓના ઉપદેશ દ્વારા સૌને તેઓ હંમેશાં પ્રેરણા આપતા રહેશે.''

**આણદાબાવા આશ્રમ, જામનગરના મહંત પૂજ્ય દેવપ્રસાદજી મહારાજે જણાવ્યું હતું કે,** ''આયુષ્ય, કર્મ, વિદ્યા, સંપત્તિ અને મૃત્યુ — આ પાંચ બાબતો ઈશ્વર નિર્ધારિત કરે છે. માટે કેટલું જીવવું? એ તો ઈશ્વરને આધીન હોય છે, પરંતુ કેવું જીવવું? એ તો વ્યક્તિગત રીતે મનુષ્ય પર આધારિત છે. માટે જ સ્વામીજીનું જીવન સૌને વિનમ્રતા, વિવેકની પ્રેરણા આપી છે. તેઓના સંકલ્પને આપણે પૂર્ણ કરીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ.''

**શાંતિધામ આરાધના કેન્દ્ર, તીથલના જૈનાચાર્ય જિનચંદ્રસૂરીશ્વરજી મ.સા. (બંધુત્રિપુટી)એ જણાવ્યું કે,** ''સ્વામી અધ્યાત્માનંદજીએ સૌને વાત્સલ્યથી પોતાના બનાવ્યા. સૌને યોગ-સાધનાના માર્ગે વાળવાનો પ્રયત્ન કર્યો છે. સંનિષ્ઠ, સક્રિય રહી લોકકલ્યાણ, માનવતાનાં કાર્યોમાં આગળ વધી સૌને પ્રેરણા આપી. ભલે સદેહે વિદાય લીધી, પરંતુ યોગ, યશરૂપે તેઓ હંમેશાં ચિરંજીવી રહેશે. તેઓના આત્માને કોટિ કોટિ પ્રણામ.''

**એડિશનલ સેક્રેટરી જનરલ ઓફ બ્રહ્માકુમારીઝ, માઉન્ટ આબુના પૂજ્ય બી.કે. બ્રિજમોહનભાઈજીએ અંતમાં શ્રદ્ધાસુમન પાઠવતાં જણાવ્યું હતું કે** ''સ્વામી અધ્યાત્માનંદજીનો નાતો બ્રહ્માકુમારીઝ સાથે વર્ષો જૂનો છે. સદ્‌ગુણો અને સત્કાર્યો દ્વારા તેઓ હંમેશાં યાદ રહેશે. બ્રહ્માકુમારીઝ સંસ્થા વતી હું તેઓને શ્રદ્ધાંજલિ પાઠવું છું.

વર્ચ્યૂઅલ શ્રદ્ધાંજલિ સભાના અંતે આભારવિધિ અરુણભાઈ ઓઝાએ કરી હતી. તેઓએ શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત રહેલા સૌ સંતો-મહાનુભાવોનો આભાર માન્યો હતો, સાથે જ હસમુખભાઈ સહિત આશ્રમના સાધકો અને શ્રોતાજનોનો ટ્રસ્ટીગણ વતી આભાર વ્યક્ત કર્યો હતો. સભાનું સફળ સંચાલન શ્રી જિતુભાઈ ચૌહાણે કર્યું હતું.

**સંકલન : ડૉ. પ્રણવભાઈ દવે.**

## શ્રદ્ધાંજલિ

મહાસમાધિ પ્રયાણ

ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદજીના અનન્ય શિષ્ય અને દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ અમદાવાદના અધ્યક્ષ સ્વામી શ્રી અધ્યાત્માનંદજી આજ રોજ કોરોના સામે સંઘર્ષ કરતા ગુરુદેવના ચરણોમાં મહાસમાદિસ્થ થયા છે. સ્વામીજી વડોદરા શાખા અને દિવ્ય જીવન સંઘ ગુજરાતની પ્રવૃત્તિઓના અગ્રણી અને આપણા સૌના આત્મબંધુ રહ્યા. આપણે સૌ ગુરુદેવને પ્રાર્થના કરીએ કે તેમના પવિત્ર આત્માને ચિરશાંતિ અને પરમ કલ્યાણ બક્ષે.

આજ સાંજનો સત્સંગ આપણે તેમને શ્રદ્ધાંજલિ રૂપે સમર્પિત કરીશું.

હરિઃ ૐ

દિવ્ય જીવન સંઘ, વડોદરા.

ઓમજી જયશ્રી કૃષ્ણ

યોગ આપણી વારસાગત સંસ્કૃતિનો આધાર છે. યોગ ક્ષેત્રે વૈજ્ઞાનિક મહર્ષિ પતંજલિને સૌ જાણે છે. એક યુવાન ડોક્ટર થયા પછી થોડો સમય મેડિકલ સારવારની સેવા કરીને બાલ્યાવસ્થાથી પરમાત્માને પામવાની ઝંખના સેવલી તેની પ્રાપ્તિ અર્થે હિમાલયની કંદરાઓમાં જાય છે. પછી મહાન યોગી બની ગુરુ શિવાનંદથી આખી દુનિયામાં સેવાક્ષેત્રે તથા આધ્યાત્મિક સાહિત્ય સર્જન કરી સમાજના મોટા વર્ગના હૃદયમાં સ્થાન પામે છે. તેમના આશ્રમો દુનિયાના દેશોમાં આવેલા છે.


તે પૈકી અમદાવાદના આશ્રમની ગુરુ ગાદી એ ઘણા વર્ષોથી સદા વંદનીય તેજોમય લલાટ ધરાવતા, સાલસ સ્વભાવી, પ્રભાવી તતા વાસ્તવિક શિક્ષક કહો કે કહો યોગગુરુ શ્રદ્ધેય સ્વામી અધ્યાત્માનંદજી બ્રહ્મલીન થયા છે. તેમના ચરણોમાં કોટી કોટી નમન કરતાં પરમાત્માને પ્રાર્થના કરીએ કે પોતાના કરી લે. ૐ શાંતિ... શાંતિ.. શાંતિ

યોગગુરુ જીવણકાકા.

શ્રદ્ધાંજલિ

# યોગ ઉપરાંત અધ્યાત્મ અને લાઇફ મેનેજમેન્ટના પણ ગુરુ હતા સ્વામીજી

સ્વામી અધ્યાત્મનંદજી મહારાજ - અમદાવાદ અને કદાચ સમગ્ર ગુજરાત માટે આ નામ નવું નથી. વર્ષોથી અમદાવાદ સ્થિત શિવાનંદ આશ્રમ ખાતે વિવિધ યોગ શિબિરોના આયોજન થકી અને ડીડી ગિરનાર ચેનલના ઉપક્રમે જીવન યોગ નામના કાર્યક્રમ થકી સ્વામી અધ્યાત્મનંદજીનું નામ ઘરે ઘરે જાણીતું બન્યું હતું. એ સ્વામી અધ્યાત્મનંદજી મહારાજ ૭૬ વર્ષની ઉંમરે બ્રહ્મલીન થયા. કારણ હતું કોરોનાનું સંક્રમણ. છેલ્લા કેટલાક દિવસોથી તેઓ હૉસ્પિટલમાં ઍડ્મિટ હતા. યોગ અને પ્રાણાયામનો નિયમિત સ્વાધ્યાય કરનારા સ્વામીજીને કોરોનાની પહેલી લહેર તો સ્પર્શી ન શકી, પણ બીજી લહેરે તેમના શ્વાસ સદૈવ માટે વિરમી દીધા.



સ્વામી અધ્યાત્મનંદજીના નિધનથી માત્ર સેલિબ્રિટીઓ જ નહીં, પણ સામાન્ય લોકો પણ શોક અનુભવી રહ્યા છે, તેની પાછળનું એક કારણ સ્વામીજીનું ચિત્તાકર્ષક વ્યક્તિત્વ અને છટાદાર વાક્શૈલી હતા. સ્વામીજી માત્ર યોગ શિબિરો જ નહોતા કરતાં, તેઓ લાઇફ મૅનેજમૅન્ટ જેવા વિવિધ વિષયો પર લેક્ચર પણ આપતા હતા. તેમની આગવી શૈલીને કારણે સામાન્ય લોકો પોતાની જાતને તેમની સાથે સાંકળતા અને તેથી જ સ્વામીજીની વિદાયથી સામાન્ય લોકો પણ વ્યથિત થયા છે. સ્વામી અધ્યાત્મનંદજી આંતરરાષ્ટ્રીય સ્તરે નામના અને લોકપ્રિયતા ધરાવતા હતા. ૮૧૪ જેટલી યોગશિબિરોનું આયોજન કરનારા સ્વામીજી ઘણા સામાજિક કાર્યો સાથે જોડાયેલા હતા.

સ્વામીજીનું પૂર્વાશ્રમનું નામ જતિન વૈષ્ણવ. જામનગરનું ખંભાળિયા ગામ તેમનું મોસાળ થાય. તેમણે પ્રાથમિક અભ્યાસ જામનગરની નવાનગર શાળામાં કર્યો હતો. નાગર બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા જતિન વૈષ્ણવે અધ્યાત્મનો માર્ગ પકડ્યો અને વર્ષ ૧૯૭૪માં દિવ્ય જીવન સંઘના સ્વામી ચિદાનંદજી મહારાજ પાસેથી દીક્ષા લઈને સ્વામી અધ્યાત્મનંદ નામ ધારણ કર્યું.

સ્વામીજી ગુજરાતી, હિન્દી, અંગ્રેજી સહિત દસથી વધુ ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા હતા. વર્ષ ૨૦૦૩માં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા મહર્ષિ અરવિંદ ગોલ્ડ મેડલથી સન્માનિત સ્વામીજી ગુજરાતી, અંગ્રેજી, હિન્દી સહિત દસથી વધુ ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા હતા. વર્ષ ૨૦૧૬માં ગ્લોરી ઓફ ગુજરાત સન્માન મેળવનારા સ્વામી અધ્યાત્મનંદજી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધિ ધરાવતા હતા. તેઓ ખૂબ સારા લેખક અને વક્તા હતા. નવનીત ગીતા ઉપરાંત યોગ અને અધ્યાત્મ ઉપર તેમણે ઘણા પુસ્તકો લખ્યા હતા. ચહેરા પર મોહક સ્મિત અને શબ્દોમાં શાંતિનો અનુભવ કરનારા સ્વામીજીની યોગ શિબિરો અને સિરીઝો ખૂબ લોકપ્રિય બની હતી. તેઓ સેશન દરમિયાન યોગ અને અધ્યાત્મ ઉપરાંત જીવન દર્શન અને તત્ત્વજ્ઞાનની વાતો કરતાં, જેને લોકો ખૂબ પસંદ કરતાં. સ્વામીજીના પરમધામમાં ગમનની સાથે ગુજરાતે સાંસ્કૃતિક રીતે પૂરી ન શકાય તેવી ખોટ સાથે વધુ એક સંન્યાસી ગુમાવ્યા. ■

Sunday, May 9, 2021 | 3

ts

for
re


# Swami Adhyatmananda loses fight against Covid

## Yoga guru of Sivananda Ashram died of Covid-19 at city hospital on Saturday

Ahmedabad Mirror Bureau
feedback@ahmedabadmirror.com
TWEETS @ahmedabadmirror

According to the ashram's trustee Arun Oza, "Swamiji was admitted to SGVP Hospital on April 13 after he was found infected with the coronavirus. He died at the hospital at 11.10 am on Saturday."

The 77-year-old Swami had spread yoga, pranayam and meditation across the world by organising 814 camps, according to the ashram.



Swami Adyatmanandji was 77

PM Narendra Modi, Union Home Minister Amit Shah and Chief Minister Vijay Rupani condoled his demise. "Saddened to know about the passing away of Yoga Guru Swami Adhyatmanandji. He explained a profound subject like spirituality in a simple style. I pay homage to Swamiji who, apart from teaching Yoga, served the society through various creative activities of Sivananda Ashram in Ahmedabad. Om Shanti!" the PM tweeted in Gujarati.

Shah tweeted, "I am distressed to know the news of demise of Swami Adhyatmanandji Maharaj, the yoga guru of Sivananda Ashram, Ahmedabad. Swamiji has always been serving for the upliftment of every society through yoga, spiritual as well s various social activities. May the ord bestow 'Sadgati' on the divine ul of respected Swamiji."

Rupani tweeted that the spiritual and yoga world has suffered grea from Swamiji's demise.

### MICA prof succumbs

MICA professor Jay Shah (41) s cumbed to the coronavirus infec on Saturday. Shah had over a ade-long experience with lea media companies. He held a PhD Gujarat University and MBA in keting from Saurashtra Unive Jay was an IAMAI and Google ce digital marketing professional

Prof Shailendra Raj Mehta, dent and director of MICA, sa he was an outstanding te researcher and colleague. He ha lished in top management jou the world.

He is survived by his wif Trivedi.

TIMES CITY
SUNDAY TIMES OF INDIA, AHMEDABAD
MAY 9, 2021

# Swami Adhyatmananda of Sivananda Ashram no more

Times News Network



**Ahmedabad:** Renowned yoga guru **Swami Adhyatmananda** who was the trustee of Ahmedabad-based Sivananda Ashram, breathed his last on Saturday. He was infected with Covid and admitted to a hospital in Ahmedabad. He was 77.

Prime Minister Narendra Modi expressed grief over the demise of the yoga guru. The PM in his tribute recalled Swamiji's simple ways of explaining deep spiritual learnings. Along with yoga education, Swamiji served the society through many constructive activities, the PM recalled.

Swami Adhyatmananda had spread yoga, pranayam and meditation across the world by organizing 814 camps, said a note issued by the Ashram.

He represented India for the World Peace Conference at Chiapas, New Mexico in 1999, and was a recipient of the Lifetime Achievement Award from the India Canada Culture and Heritage Association, it said.

"Swamiji was fluent in 10 languages. He has been our spiritual guide for decades now. We have not only lost a family member but also a towering spiritual figure who was the guiding light for thousands," said Yagnesh Pandya, chairman and MD, Print Vision Pvt Ltd.

Apart from PM Modi, Union home minister Amit Shah and Gujarat chief minister Vijay Rupani condoled his demise.

## GRIEF FLOWS



Saddened to know about the passing away of yoga guru Swami Adhyatmanandaji. He explained a profound subject like spirituality in a simple style. I pay homage to Swamiji who, apart from teaching yoga, served the society through various creative activities at Sivananda Ashram in Ahmedabad. Om Shanti!

**Narendra Modi** | PRIME MINISTER



With profound sorrow, we accept the news of the untimely demise of renowned yoga guru Swami Adhyatmanandaji of Sivananda Ashram! I have lost a dear family friend and well-wisher! A multi-faceted personality and champion of several worthy causes, Swamiji had endeared himself to thousands around the globe!

**Mukesh Patel** | MD, INTERNATIONAL TAX & INVESTMENT CONSULTANTS



Covid does not spare anyone. Parampujniya Swami Adhyatmanandaji of Sivananda Ashram who taught yoga to thousands (including me) lost his battle with Covid. This great yoga teacher and spiritual leader shall always remain in our thoughts and prayers. A great loss to humanity indeed!

**Bhushan Punani** | PRESIDENT, WEST ASIA AT INTERNATIONAL COUNCIL FOR THE EDUCATION OF PEOPLE WITH VISUAL IMPAIRMENT



Once, when I was travelling with Swamiji, I saw that the bathroom of our room was very clean. When I asked, Swamiji said he had cleaned up the bathroom before taking a bath. He told me that we should do what we expect others to do for us.

**Arun Oza** | SIVANANDA ASHRAM TRUSTEE


શ્રદ્ધાંજલિ

## વિશ્વભરમાં યોગ, ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરનારી બ્રહ્મનિષ્ઠ વિભૂતિ

# સ્વામી અધ્યાત્માનંદજી બ્રહ્મલિન

વિશ્વભરમાં યોગનો પ્રચાર-પ્રસાર કરનારા બ્રહ્મનિષ્ઠ સંતવર્ય, શિવાનંદ આશ્રમ, અમદાવાદના અધ્યક્ષ પ. પૂ. સ્વામી અધ્યાત્માનંદજી નશ્વર દેહને ત્યાગીને વૈશ્વિક ચેતનામાં તા. ૮મી મે, ૨૦૨૧ના રોજ ભળી ગયા. વિશ્વભરમાં અંદાજિત છ લાખથી વધુ યોગપ્રેમીઓને યોગનું પ્રશિક્ષણ સ્વામી અધ્યાત્માનંદજીએ પોતાના ૭૭ વર્ષના જીવનકાળ દરમિયાન આપ્યું હતું. વિશ્વભરમાં યોગશિક્ષકોને પ્રશિક્ષણ આપીને માત્ર યોગ જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરનારા, અત્યંત નિખાલસ, સરળ સ્વભાવી સ્વામી અધ્યાત્માનંદજીને લોકો યોગગુરુ, યોગાચાર્ય પણ કહેતા, પરંતુ તેઓ 'ફોજીસ્વામી' તરીકે પણ જાણીતા હતા.

સ્વામી અધ્યાત્માનંદજીએ ઈન્ડિયન આર્મી, નેવી, એરફોર્સનાં જવાનોને પણ યોગનું પ્રશિક્ષણ આપ્યું હતું. સાથોસાથ વર્ષ ૧૯૭૪થી લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઑફ એડમિનિસ્ટ્રેશન, મસૂરી ખાતે યોગ-પ્રાણાયામનું માર્ગદર્શન પણ આપ્યું. ખાસ કરીને વિદેશીઓ પણ તેઓની પાસે યોગની તાલીમ લેવા આવતા હતાં. માટે જ તેમને વર્ષ-૨૦૦૮માં ચીન ખાતે સૌપ્રથમ 'વેજિટેરિયન કૉન્ફરન્સ' કરી હતી અને તે પણ બેજિંગ ખાતે કરી હતી. સાથે જ તેઓ શતાયુ અને ત્યારબાદ શતાધિકરક્તદાતા તરીકે પણ પ્રખ્યાત હતા. સ્વામીજીએ એકવાર 'ફોજી સ્વામી' ઉપનામ કેવી રીતે મળ્યું ? તે સંદર્ભમાં રસપ્રદ વાત કરતા કહ્યું હતું કે, 'મારા ગુરુ સ્વામી ચિદાનંદજીના, ગુરુ સ્વામી શિવાનંદજી મહારાજના ભક્ત જનરલ કરિઅપ્પા હતા, જે દુર્ગમાં રહેતા હતા. તેઓ જ્યારે સ્વામી સમક્ષ મને મળતા ત્યારે તેઓ મને 'ફોજી સ્વામી' તરીકે સંબોધતા હતા અને ત્યારબાદ તો ઈન્ડિયન આર્મીની ત્રણેય પાંખનાં જવાનોને પણ યોગની તાલીમ આપી છે અને ત્યારથી જ મારું ઉપનામ 'ફોજીસ્વામી' પડ્યું છે. આ ઉપરાંત મેં જીવનમાં અનુશાસનને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. જો કે, તેનો યશ મારા માતા-પિતા, દાદા-દાદી અને મારા ગુરુને ફાળે જાય છે. જેઓએ મને શીખવ્યું કે જીવનમાં અનુશાસન હશે તો વ્યક્તિગત જીવન અને પારિવારિક જીવન પણ અનુશાસન સાથેનું બનશે. મારા ગુરુદેવ સ્વામી શિવાનંદજીએ મને શિક્ષણ આપ્યું છે કે નિષ્કપટ, નિષ્પાપ જીવન જીવો, સેવા અને પ્રેમનું વિસ્મરણ ન કરો.'



સ્વામીજીએ વિશ્વભરમાં તૈયાર કરેલા યોગ શિક્ષકોની સંખ્યા ચાર આંકડાએ પહોંચે છે.

ચીન-તાઈવાન, અમેરિકા, લંડન, યુરોપમાં પણ તેમણે તૈયાર કરેલા યોગ શિક્ષકો છે. સ્વામીજી કહેતા કે યોગના અભ્યાસથી માત્ર યોગશિક્ષકોના જ નહીં, તેઓનાં પરિવારમાં પણ પરિવર્તન આવે છે અને તેઓ યોગના માધ્યમથી બીજા હજારો લોકોનાં જીવનમાં પરિવર્તન લાવીને એક હકારાત્મક, સ્વસ્થ વિશ્વનું નિર્માણ કરવામાં સહાયક બને છે.

સ્વામી અધ્યાત્માનંદજીએ હંમેશાં કહેતા કે સ્વામી વિવેકાનંદજીની ઈચ્છા હતી કે ભારત વિશ્વનું શિરમોર બને. આદરણીય અબ્દુલ કલામ સાહેબે પણ વિઝન-૨૦૨૦નું ભારત વિશ્વનું પથદર્શક બને એવું સ્વપ્ન સેવ્યું હતું. આ અસંભવ નથી. આવશ્યકતા છે આપણા દેશને પ્રેમ કરતા શીખીએ. દેશ પહેલાં, સમાજ પછી અને સ્વાર્થ તો કદીયે નહીં. વ્યક્તિગત અનુશાસનથી જ સમાજ અને રાષ્ટ્ર અનુશાસિત બને. પ્રતિપળ આપણો પ્રત્યેક વિચાર, વાણી અને વર્તન રાષ્ટ્રના હિતમાં જ હોય એવું અસંભવ નથી. જાગૃત થઈએ, પવિત્ર ચારિત્રવાન બનીએ અને સત્યમાં પ્રતિષ્ઠિત થઈ અને ખરા અર્થમાં મા ભારતીનો જય કરીએ. આપણી આસપાસ-ચોપાસની સંપત્તિ જડ કે ચેતન — એ બધું

જ દેશનું ઘરેણું છે. એને તન-મન-ધનથી સાચવીએ. સુલેહ, શાંતિ અને પવિત્રતાને આગળ રાખો. દરરોજ પોતાનાં પરિવારમાં સૌ સાથે મળીને બેસે તે જરૂરી છે. પરિવારમાં એકતા હશે તો દેશમાં એકતા જરૂર આવશે. આપણા જીવનમાં પ્રત્યેક ક્ષણે પારદર્શિતા આવવી જરૂરી છે. સમય-પાલન એ અત્યંત જરૂરી છે.

આપણી ગુર્જરભૂમિ માટે સ્વામીજી કહેતા કે, 'ગુજરાત સદૈવ ગૌરવસભર રહ્યું છે, ભગવાન શ્રીકૃષ્ણને અહીં આવીને રહેવાનું ગમ્યું, મહાત્મા ગાંધી અને સરદાર રાષ્ટ્રના સુકાની રહ્યા. નરસિંહ મહેતા અને નર્મદ — એમણે માનવજીવનનાં આંતરિક અને બાહ્ય જીવનને ઢંઢોળ્યા. ગુજરાતની ગરિમા, ગૌરવ અને સંસ્કૃતિ તથા સંસ્કારને કોઈ પણ ભોગે જાળવી રાખીએ.'


યોગ સંબંધી વાત કરતાં સ્વામીજી કહેતા કે ભોજન અડધું, પાણી બમણું, કસરત ત્રણગણી, ચાર ગણું હસો, પાંચગણું આનંદ મેળવો અને ૧૦ ગણું રામ નામ જપો. જ્યારે યોગનું મહત્ત્વ સમજાવતાં સ્વામીજી કહેતા કે યોગની પ્રવૃત્તિનો દૈનિક જીવનમાં વિનિમય દીર્ઘકાળે વિશ્વ ફલક ઉપર સુખ સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય અને માનસિક શાંતિ પ્રદાયક પ્રયોગ છે. યોગને માત્ર શારીરિક પ્રક્રિયા કે અંગકસરત ન જાણતા, કર્મયોગને પણ જીવનમાં અપનાવતા વ્યક્તિ માત્ર કર્મયોગી બની રહે તો જ ભારત આગામી પાંચ વર્ષમાં વિશ્વગુરુનું સ્થાન પ્રાપ્ત કરી શકે. આજે આવશ્યકતા યોગને તેનાં વિવિધ પરિપ્રેક્ષ્યમાં જાણવાની અને જોવાની છે. દા. ત. વર્તમાન સમયની આવશ્યકતા સંબંધ યોગની છે. વ્યક્તિ માત્ર પોતાનાં સ્વાર્થના જ કુંડાળાનો છેદ કરી પરસ્પર પ્રેમ, પરસ્પર સદ્ભાવ, પરસ્પર સન્માન દ્વારા સંબંધ યોગ વિકસાવે તો મૈત્રીભાવનું પવિત્ર ઝરણું સૌના હૃદયમાં વહી શકે. તેના થકી વિશ્વ બંધુત્વ અને વિશ્વમાં એકતા અને અખંડતા અવશ્ય ઉપજી શકે છે.

તેઓ હંમેશાં દરિદ્ર નારાયણની સેવા કરવા તત્પર રહ્યા. છેવાડાના માનવીથી લઈને ઉચ્ચ પદવીધારીઓ સૌને સમાન રીતે નિઃસ્વાર્થ, પવિત્ર પ્રેમનો ધોધ તેઓએ વહાવ્યો છે. સ્વામીજીની પાવન સ્મૃતિમાં સૌને 'ઓમ્ નમો નારાયણાય.'

## પ. પૂ. સ્વામી અધ્યાત્માનંદજી 'સાધના'નાં કાર્યકર્તા સંમેલનમાં પધારેલા ત્યારે...





પાંચમી સપ્ટેમ્બર, ૨૦૧૦નાં રોજ કર્ણાવતી ખાતે ''સાધના સાપ્તાહિક''નાં કાર્યકર્તાઓનું વાર્ષિક પ્રાંત સંમેલન યોજાયું હતું. એ પ્રસંગને દીપાવવા પ. પૂ. યોગાચાર્ય સ્વામી અધ્યાત્માનંદજી પધાર્યા હતા અને તેમનાં વરદ્ હસ્તે 'સાધના'નાં કાર્યકર્તાઓનું સન્માન થયું હતું. 'સાધના' પરિવાર માટે એ ધન્ય ઘડી અવિસ્મરણિય બની રહી છે.



*વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે, 'યોગગુરુ સ્વામી અધ્યાત્માનંદજી પરમધામ સીધાવ્યા તે જાણી દુઃખ થયું. આધ્યાત્મિકતા જેવા ગહન વિષયને તેઓએ સરળ શૈલીમાં સમજાવ્યો. યોગ શિક્ષણ ઉપરાંત અમદાવાદના શિવાનંદ આશ્રમની અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓથી સ્વામીજીએ સમાજની સેવા કરી છે તેનું સ્મરણ કરી શ્રદ્ધાંજલિ અર્પું છું.'*

–શ્રી નરેન્દ્રભાઈ મોદી (વડાપ્રધાનશ્રી)



*અમદાવાદ શિવાનંદ આશ્રમના યોગગુરુ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ બ્રહ્મલીન થયાના સમાચાર જાણી હું વ્યથિત છું. સ્વામીજી યોગ, આધ્યાત્મિક તેમજ વિભિન્ન સામાજિક પ્રવૃત્તિઓ વડે દરેક સમાજના ઉત્થાન માટે સદાય સેવારત રહ્યા છે. તેમને હું શ્રદ્ધાંજલિ આપુ છું.*

*–શ્રી અમિતભાઈ શાહ (કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી)*

*સ્વામી અધ્યાત્માનંદજીનું સમગ્ર વિશ્વમાં યોગનો પ્રચાર કરવામાં મોટું યોગદાન હતું. તેમના હાથ નીચે અનેક યોગ શિક્ષકો તૈયાર થયાં છે. ૨૦૧૬માં ગુજરાતના રાજ્યપાલ દ્વારા 'ગ્લૉરી ઑફ ગુજરાત' ઍવૉર્ડથી તેઓનું બહુમાન કરાયું હતું. સ્વામીજી બ્રહ્મલીન થતા આશ્રમને પૂરી ન શકાય તેવી ખોટ પડી છે અને તમામ ટ્રસ્ટીઓ અને ભક્તો દુઃખની લાગણી વ્યક્ત કરી રહ્યા છે.*

*અરૂણભાઈ ઓઝા (ટ્રસ્ટીશ્રી — શિવાનંદ આશ્રમ, અમદાવાદ)*

afternoonvoice.com/opinion contact@afternoonvoice.com afternoon_voice afternoonvoicenews

Afternoon Voice

# Voices

TUESDAY, MAY 11, 2021
AFTERNOON VOICE, MUMBAI | 03




"Sri Swami Adhyatmanandaji Maharaj had spread yoga, pranayam and meditation across the world by organising 814 camps and has always been serving for the upliftment of every society through yoga, spiritual as well as various social activities."


Vinod C. Dixit




# Tribute to Yoga Guru Swami Adhyatmanandaji

Renowned yoga guru Swami Adhyatmananda 77 a trustee of Ahmedabad-based Sivananda Ashram, breathed his last on 8th May. I feel myself lucky that I got an opportunity to have Prasad and blessings from Swamiji on Diwali New Year day. He was a spiritual giant who touched the heart of everyone who came in contact with him. Swamiji naturally radiates peace, love and divinity. People from all walks of life found solace in his holy presence. Sri Swami Adhyatmanandaji Maharaj of the Sivananda Ashram, Ahmedabad, is a beloved disciple of H.H Sri Swami Chidanandaji Maharaj. He was the only Swami who was approachable to one and all, whether he was a chief minister or a celebrity tennis player or a common person. His unparalleled devotion, loyalty and obedience to the master in all circumstances is noteworthy. He had spread yoga, pranayam and meditation across the world by organising 814 camps and has always been serving for the upliftment of every society through yoga, spiritual as well as various social activities. He explained a profound subject like spirituality in a simple style. Prime Minister Narendra Modi has expressed his grief over the demise of the yoga guru and he recalled Swamiji's simple ways of explaining deep spiritual learnings. Along with yoga education, Swamiji served the society through many constructive activities.

His spiritual fragrance attracted the bees of devotees wherever he goes. He was down-to-earth inspite of his towering spiritual personality. His ability to make the esoteric subject of spirituality simple through a perfect blend of humor, melodious singing and down to earth practical approach put him in the class all by himself. He was well known for his ability to lead kirtans to the highest ecstasy through his melodious voice and supreme devotion. He was an embodiment of love purity, and truth. He was a guru who imparted knowledge of the ancient cultural and spiritual heritage of yogic science, encompassing asanas, pranayama, and meditation. He spoke on management, yoga, stress management, and self-improvement at national and international organizations such as Ahmedabad Management Association, Sardar Patel Institute of Public Administration, and Lions and Rotary Clubs. He had represented India for the World Peace Conference at Chiapas, New Mexico in 1999, and was a recipient of the Lifetime Achievement Award from the India Canada Culture and Heritage Association. He was not just a yoga guru, but a linguistic who knew 16 languages. Swamiji was a reservoir of spiritual knowledge with the uncanny ability to translate the profound truths into simple instructions implementable in daily life. He rightly said that "The most powerful communication is to cultivate the habit of being one with the 'Self'. One has only to find time to be with oneself and it is not impossible to seek it". He was an epitome of Guru-bhakti and devotion to God and was a tireless karma yogi who utilized every second of his day in rendering the highest service to mankind. He had a limitless repository of virtues, and his humility, which was the foundation of all virtues, pervaded



through his every pore. He was an icon of inspiration and service to youth, his contribution to free them from drug addiction has brought him recognition. Speaking on "learnings from Indian scriptures", he said scriptures are a path to blessedness, a light and life to us. Scripture teaches us not to have vanity. Love the last person of society. When we follow scriptures, we live a divine life. Today Swami Adhyatmanandaji Maharaj is not with us but he will always be remembered through his lectures that are sprinkled with appealing anecdotes.




# અધ્યાત્મ અમૃતમ્
## (કોફી ટેબલ સ્મરણિકા)

**''અધ્યાત્મ અમૃતમ્''** એ પરમ પૂજ્ય પ્રેરણામૂર્તિ પ. પૂ. શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના જીવનની મધુર યાદોનું સંભારણું કોફી ટેબલ સ્મરણિકાના સ્વરૂપમાં લોકાર્પણ કરવામાં આવશે. પ. પૂ. શ્રી સ્વામી અધ્યાત્માનંદજીનાં ૭૫ વર્ષ 'અમૃત મહોત્સવ'ની ઉજવણી પ્રસંગે તેમજ પૂ. સ્વામીજીનાં ૫૦ વર્ષ પર્યંતના સંન્યસ્ત જીવનમાં યોગ, પર્યાવરણ, સનાતન ધર્મ તેમજ સમાજ સેવાનાં કલ્યાણકારી કાર્યોની સુવાસ જળવાઈ રહે તેમજ તેમના સામાજિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં દેશ-વિદેશમાં યોગ મુમુક્ષો, જ્ઞાનીઓ - જ્ઞાનપિપાસુઓ સાથેનાં સંસ્મરણો અને આધ્યાત્મિક સ્પંદનોને પ્રસ્તુત કરવાના હેતુથી શિવાનંદ આશ્રમના એક ચિરંજીવ પ્રકાશન તરીકે આ કોફી ટેબલ સ્મરણિકાને પ્રકાશિત કરવામાં આવનાર છે. **'અધ્યાત્મ અમૃતમ્'**ના પ્રકાશન વખતે પ.પૂ. સ્વામીજીનાં સૂચનોને ધ્યાનમાં લઈ તેમાં આવરી લેવામાં આવ્યા છે.

**'અધ્યાત્મ અમૃતમ્'** (કોફી ટેબલ સ્મરણિકા) ૪૦૦ પાનાંનું પુસ્તક છે કે જેમાં ૪૦૦ ઉપરાંત પૂ. સ્વામીજીના સંત-મહાત્માઓ સાથેના દેશ-વિદેશના અનેક પ્રસંગોની આવૃત્ત તસવીરો છે. સંત-મહાત્માઓ, રાજકીય નેતાઓ તેમજ દેશ-વિદેશના સ્વામીજીના અનુયાયીઓના આશરે ૧૦૦ જેટલા સંદેશા છે. પૂજ્ય સ્વામીજીના પૂર્વાશ્રમથી લઈ ૭૫ વર્ષની જીવનયાત્રાનાં અનેક સંસ્મરણોને આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવ્યાં છે. પૂ.સ્વામીજી દ્વારા હસ્તલિખિત દુર્લભ અલગ અલગ વિષયો પરના ગુજરાતી તેમજ અંગ્રેજી ટૂંકા લેખોને પણ પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ પુસ્તકની પ્રથમ પ્રત શ્રી શ્રી અષ્ટલક્ષ્મી માતાના પાટોત્સવના પવિત્ર દિવસે પ્રકાશિત થઈ અને તેને પ.પૂ. શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ દ્વારા સંપૂર્ણ દૃષ્ટિગોચર થયા બાદ તેઓશ્રીની આજ્ઞા મુજબ શ્રી શ્રી અષ્ટલક્ષ્મીમાતાનાં શ્રીચરણકમળમાં ભેટસ્વરૂપે સુપરત કરવામાં આવેલ.

**'અધ્યાત્મ અમૃતમ્'** (કોફી ટેબલ સ્મરણિકા) ગ્રંથના રચયિતા-સંકલનકાર અને તંત્રી આપણા આશ્રમના ઉપપ્રમુખ શ્રી અતુલભાઈ પરીખ છે તેમજ સહાયક તંત્રી તરીકે શ્રીમતી રૂપાબહેન મજમુદાર છે.

પ. પૂ. સ્વામી અધ્યાત્માનંદજીએ શ્રી અતુલભાઈને આ પુસ્તક વિશેનો પ્રતિભાવ તા. ૩૦-૦૪-૨૦૨૧ના રોજ વીડિયો તેમજ ઓડિયો મેસેજ દ્વારા અંગ્રેજીમાં આપેલા : જેના મુખ્ય અંશ નીચે મુજબ છે.

"Atulbhai Congratulations! You have done wonderful work. It is unimaginable ... 400 pages is beyound imagination! God is with you! Gurudev has worked through you!"

It is your 100% selfless service!

પૂ. સ્વામીજીનું છેલ્લું વાક્ય: "Swami Adhyatmananda is there or not but will remain alive through the pages of **"Adhyatma Amrutam"** for ages to go ! God Bless You."

પરમ પૂજ્ય બ્રહ્મલીન શ્રી સ્વામી અધ્યાત્માનંદજીને જો સાચા અર્થમાં ભાવાંજલિ આપવી હોય તો તેમની પવિત્ર યાદમાં **'અધ્યાત્મ અમૃતમ્'** પુસ્તક **'દિવ્ય જીવન'**ના વાચકે, આશ્રમના અનુયાયીઓએ તેમના ઘરમાં એક આધ્યાત્મિક ઘરેણા તરીકે વસાવવા યોગ્ય છે. પૂ. સ્વામીને ઉપરના તેઓના વાક્ય મુજબ જીવંત રાખવા પુસ્તક પ્રસાદી રૂપે ઘરમાં રાખીએ. અન્યને ભેટ પણ આપી શકાય.

**'દિવ્ય જીવન'**ના વાચકમિત્રો માટે ખુશીની જાહેરાત કે જો આ પુસ્તક તમો તા. ૧૫-૭-૨૦૨૧ સુધીમાં બુક કરાવશો તો તે રૂ. ૫૫૦/-નું પુસ્તક આપને ફક્ત રૂ. ૩૫૦/- (બહારગામના માટે પોસ્ટેજ ખર્ચ અલગ) ભરીને તેની નકલ આગોતરામાં નોંધાવી શકશો.

તા. ૨૪-૭-૨૦૨૧ની ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે આ પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવશે.

**આગોતરા ગ્રાહક નોંધવા માટે સંપર્ક : આશ્રમ ફોન નં. : ૦૭૯-૨૬૮૬૧૨૩૪**
**(મો.) ૦૯૪૨૮૮ ૦૫૦૧૫ (વીરેન્દ્ર દાસ), ૦૯૯૦૯૦ ૩૨૯૧૦ (શ્રી નાંદી સાહેબ)**



શ્રદ્ધાંજલિ સભાનું સંચાલન કરતા
શ્રી જિતુભાઈ ચૌહાણ



આશ્રમના ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ, અરુણભાઈ, વિજયભાઈ તથા
'ગુજરાત દિવ્ય જીવન સંઘ'ના ટ્રસ્ટી શ્રીમતી પૂનમબેન થવાણીએ
શ્રદ્ધાંજલિ સભાના પ્રારંભે પુષ્પાંજલિ અર્પણ





વિશ્વનાથ મહાદેવના ૨૬મા પાટોત્સવ પ્રસંગે હવન, પૂજા-અર્ચના સહમંત્રી શ્રી યોગેશભાઈ તથા
તેમના પત્ની બીનાબેનના યજમાનપદે સંપન્ન થયા.




પૂજ્ય સ્વામીજીની હોસ્પિટલમાંથી અંતિમ વિદાય વેળાનું દૃશ્ય

# શબ્દો રૂપી પુષ્પાંજલિ - શ્રદ્ધાંજલિ

સ્વામી અધ્યાત્માનંદજી યોગસાધના અને તેજસ્વિતા ઉપરાંત સદૈવ પ્રસન્નચિત્ત હોઈ ૭૫ વર્ષ વટાવીનેય એવડા તો લાગતા નહિ ને હંમેશાં સામાજિક કાર્યો માટે સ્વસ્થ જ દેખાય. 'કોવિડ ડેવિલ'ના કારણે આપણે એમનોય દેહાંત જોવાનો થયો. ઘણી વાર અન્યત્ર પ્રવચનમાળાઓમાં તો એમનું સાંનિધ્ય મળતું જ. પણ એ પોતે અમદાવાદ એમના આશ્રમના કાર્યક્રમોમાં મને બોલાવતા. રસથી વાંચે બધું ને ખૂલીને ચર્ચાઓ પણ કરે. નવા વિષયો પર વાત કરવાનું કહે. મારી સાથે તસવીર હર્ષેન્દુ ઓઝાએ લીધી ત્યારે એમણે મૌન પર વ્યાખ્યાન રાખેલું ! મને બરાબર યાદ છે, એક મિત્ર સાથે થલતેજ પીવીઆરમાં 'શિપ ઓફ થિસિયસ' ફિલ્મ જોઈને હું ત્યાં બોલવા ગયેલો ને પછી એ ફિલ્મની અંગદાનની થીમ બાબતે વાતો થયેલી. ભારતીય વારસા, કૃષ્ણ ને શિવની અમુક ઉત્તમ દાર્શનિક વાતો થાય અમારે. જોક પણ શેર કરીએ. સંગીત અને સાહિત્યમાંય ઊંડો રસ એમને. ક્યારેક કોઈ સરસ પુસ્તક વાંચીને ચર્ચા કરવા કોલ કરે. કાયમી નિમંત્રણ એમનું આશ્રમના અતિથિ બનવાનું. હાસ્ય તો સદાકાળ એમની આંખોને અવાજમાંય. નવી વાતો માટે પૂછે ને ટેક્નોલોજીનો સહજ સ્વીકાર પણ કરે. અંગ્રેજીય ફાંકડું. વિશ્વપ્રવાસી. નરસિંહ મહેતાની પ્રેમધારાનું એક વિદ્વાન વ્યક્તિત્વ ગુમાવ્યું ગુજરાતે. નિ:સંગનો આત્મા નિસર્ગ બની ગયો.

- જય વસાવડા

Deeply saddened by the news of tragic demise of Swami Adhyatmanandaji. We pray Almighty for the eternal peace for the departed pious soul. A huge loss to all disciples of Swamiji. Om Shanti.

**- Dr. Mahadevbhai Desai**

So sorry to hear this. We have lost a great hindu dharma proponent, a yogi, yoga education leader & a dearly elder. Ashram's loss of a founder. May god rest him in peace. Om Namo Narayanan.

**- Mukesh Shah - Editor Sadhana**

Arunbhai, heard about Swamiji. Very very sad news. He was a great Mahatma who served the society thruout his life. A great karmayogi. We will miss him forever. I pray Lord to give strength to all bhakt parivar to bear a loss. Will talk to you sometimes. Namo Narayan.

**- Shobha Mataji, Chinmaya Mission**

પ. પૂ. શિવાનંદજીએ ૧૯૩૬માં ડિવાઇન લાઈફ સોસાયટીની સ્થાપના કરી. પ. પૂ. અધ્યાત્માનંદજીએ આ પ્રવૃત્તિ સાથે ૧૯૭૧માં જોડાઈ ૧૯૭૪માં સંન્યાસ ગ્રહણ કર્યો. તેમના પૂ. ગુરુદેવના આદેસતી ઋષિઓના સંદેશને વિસ્તારિત કરવા યોગ, પ્રાણાયામ, ધ્યાન, આપણા પ્રાચીન સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક વારસાને સાચવવાનું કાર્ય કર્યું. તેઓ શિવાનંદ આશ્રમ, અમદાવાદ અને દિવ્ય જીવન સંઘ, ગુજરાતના અધ્યક્ષ હતા. તેઓએ યોગગુરુ તરીકે વૈશ્વિક સ્તરે ૮૦૦ થી વધુ યોગ શિબિર યોજી. સ્વામીજી યોગ પ્રશિક્ષકોના પ્રશિક્ષણ માટે ૨૦ દિવસના તાલિમ શિબિર વર્ષમાં બે વાર આયોજિત કરતા હતા. તેમણે આ પ્રકારની ૪૪ તાલિમ શિબિર યોજેલ છે. સ્વામીજીએ ૩૦૦થી વધુ રક્તદાન શિબિરનું આયોજન કરેલ છે અને તેમણે પોતે ૧૧૭ વાર રક્તદાન કરેલ છે. રાજ્યપાલ દ્વારા તેમને શતકવીર રક્તદાતા તરીકે સન્માનિત કરવામાં આવ્યાં

છે. પર્યાવરણ સુરક્ષા માટે ૧ કરોડથી વધુ વૃક્ષો રોપેલ છે. યુવાધનને માદક દ્રવ્યોથી દૂર રહેવા અને પ્રમાણિકતાથી પરિશ્રમપૂર્વક જીવવા પ્રેરિત કરતા હતા. ગીતા, ઉપનિષદ, ભાગવત જેવા સદગ્રંથોના પ્રસાર માટે યુ.એસ.એ., કેનેડા, યુ.કે., જર્મની, આફ્રિકા જેવા અનેક સ્થાનો પર પ્રવાસ કરેલ છે.

૧૯૯૯માં મેક્સિકોમાં વિશ્વ શાંતિ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કરેલ. તેમણે લખેલ ''ગીતા નવનીતમ્''ને મહર્ષિ અરવિંદ ગોલ્ડ મેડલ મળેલ છે. સમાજ સેવાના કામમાં આ પ્રકારના અનેક પારિતોષિક મળેલ છે. પ.પૂ. અધ્યાત્માનંદજી મહારાજનું જીવન દરેક માટે દીવાદાંડી સમાન હતું. પ. પૂ. અધ્યાત્માનંદજી મહારાજના સ્વધામ ગમનના કારણે હિન્દુ સમાજ તથા સંત સમાજને અપૂરણીય ક્ષતિ થઈ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગુજરાત વતી પ. પૂ. અધ્યાત્માનંદજી મહારાજને હૃદયના અંતર્ભાવથી શ્રદ્ધાંજલિ અર્પું છું. આપશ્રીના જીવન-કવનમાંથી સૌને કાર્ય કરવાની પ્રેરણા મળે તેવી પરમાત્માને પ્રાર્થના...

**- ડૉ. ભરતભાઈ પટેલ, પ્રાંત સંઘચાલક, ગુજરાત,**
**રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - ગુજરાત**

આદરણીય ઓઝા સાહેબ, સ્વામીજીના દેહવિલયના ખૂબ જ દુઃખદ સમાચાર સાંભળ્યા. આપણા વચ્ચેથી એક મહાન સંન્યાસીએ વિદાય લીધી છે. તેમની જગ્યા પૂરવી અશક્ય છે. તેમના સાંનિધ્યમાં એક અનોખી પવિત્રતાનો અનુભવ થતો. પ્રભુ તેમના પવિત્ર આત્માને સદાય તેમનાં ચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના. સ્વામીજીનાં કાર્યોમાં ક્યાંય યોગદાન આપી શકીશ તો હું પોતાને ભાગ્યશાળી સમજીશ.

**- પ્રિ. મહેશ છાબરિયા.**
**આચાર્ય, એલ. એમ. ફાર્મસી કોલેજ, અમદાવાદ**

Just came to know about sad demise of Swamiji. He was a very Gr8 sant. Long back he has visited to our hospital with you. Once a poor boy from Maharashtra with heart disease stayed at their Ashram after visiting a doctor. He came to know that the boy need heart operation but don't have money. He has paid given full payment for his operation.
May god give peace to Devine Soul.
Om Shanti

**- Dr. Amit Mishra**
**U. N. Mehta Institute of Cardiology.**

દિવ્ય જીવન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ અને અમદાવાદ શિવાનંદ આશ્રમના સર્વાધ્યક્ષ, પ્રાતઃ સ્મરણીય, ગુરુવર્ય, આદરણીય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી શ્રીજીચરણ પામ્યા છે. ૐ નમો નારાયણાય. પ્રભુ પૂજ્ય સ્વામીજીના દિવ્ય આત્માને મોક્ષ આપે તેવી પ્રાર્થના. જીવન આખું દિવ્ય જીવનને સમર્પિત, યોગનિષ્ઠ, તપસ્વી, તેજસ્વી અને નરસિંહ મહેતા પછી નાગર કુળને દીપાવનાર આપણા ગુરુ સમાન સંતના આત્માને કોટી કોટી નમન.

**- ડો હરિ દેસાઈ, પત્રકાર-કટાર લેખક**

Dear Arunbhai and all the Shivanand Ashram family members. I am very saddened to hear the loss of Swami Adhyatmananda ji. Today's society needs the constant presence and guidance of such a spiritual Guru. Void created by the passing away of an illustrious personality like him, can never be filled in. I know that how close you were with him and doing all the activities of Ashram so efficiently and diligently in great coordination. It is indeed a loss to the whole society, but a personal loss to you in particular. I appreciate a terrible journey which you were required to pass through, when we talked the other day for putting Swami ji on ventilator. Arun bhai, I appreciate how you must be feeling ,but it is not the time to grieve, but to cherish the happy memories of the departed soul.I can't help but reminisce about the love and

affection he was showering upon me, when I used to meet him.Pls accept my deepest and heartfelt condolences. May the departed soul rest in eternal peace. Om Shanti With warm regards.

**- Kamal Trivedi.**
**Advocate General. State of Gujarat**

दिव्य जीवन संघ के संत परम पूजनीय संत श्री अध्यात्मानंदजी कितने सालों से शिवानंद आश्रम, अमदावाद में योग शिविरों द्वारा समाज में आध्यात्मिक शक्ति और आरोग्य की सेवा में रत रहे है। विश्व हिन्दू परिषद को भी अपना मार्गदर्शन और सहयोग देते रहे है। आज वो हम को छोड़ के प्रभु चरणों में समा गए है। भगवान उनके दिव्य आत्मा को शांति प्रदान करें।

**- अशोक रावल, क्षेत्रमंत्री**
**विश्व हिन्दू परिषद, गुजरात**

- એક પતંગિયું અમદાવાદમાં શિવાનંદ આશ્રમ સ્થાપીને સૌના હૃદયને સ્પર્શી ગયું.
- ઋષીકેશથી ઊડીને સૌના દિલમાં રંગ ભરતું ગયું.
- હસતાં હસતાં તમામ પુષ્પ સાથે પ્રેમ કરતું ગયું.
- સ્વામી અધ્યાત્માનંદજી એટલે એક જવાબદાર અને સ્વ પ્રેરિત સ્વયંસેવક. એક એવી વ્યક્તિ કે જે સૌને સહાય કરે, પ્રેમ કરે , નિ:સ્વાર્થ સેવા આપે અને સૌનું ભલું ઈચ્છે.
- એક પતંગિયાને ભડકતી જ્યોતથી અનુરાગ છે
- વિશ્વને મન આગ આગ પણ તેને મન તો બાગ બાગ છે
- સેવા કરવાની મહેચ્છા રગેરગમાં કરી ગઈ હોય ઘર એવા પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી ક્યાં જોતા હતા કે બાગ છે કે આગ છે
- પરમ કૃપાળુ પરમાત્માની ઈચ્છાથી આપણા સૌના પ.પૂ.સ્વામી અધ્યાત્માનંદજી પરમ તત્ત્વમાં વિલીન થતાં આપણે સૌ શોકાતુર બનેલ છીએ. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે અને આપણને પ.પૂ. સ્વામી અધ્યાત્માનંદજીના વિરહને જીરવવાની શક્તિ આપે એવી અભ્યર્થના સહ.

**- રમેશ મુલવાણી અને પરિવાર**

Nameste.....

Very Sad to hear about Swamiji..God give strength to all of us to bear this irreversible loss of wisdom and strength..

I remember Swamiji for his prayers for us in Covid.. and I shall always treasure the Prasad sari he sent me.

May his soul rest in eternal peace....

OM SHANTI..SHANTI..SHANTI.

**- Zubin Bharda**
**Advocate High Court**
**Mrs Ferzin Bharda**

---

KRIYA YOGA
INTERNATIONAL

24757 SW 167 Avenue, Homestead, Florida, USA 33031, TEL: 1-305-247-1960, www.kriya.org
Hariharananda Gurukulam, P.O. Chandinan, Balighai, Puri, Odisha, India 752002. TEL: 91-6752-246644

THE KRIYA YOGA OF BABAJI MAHARAJ, SHRI LAHIRI MAHASHAYA, SWAMI SHRIYUKTESHWAR, SHRI SANYAL MAHASHAYA, PARAMAHAMSA YOGANANDA, SWAMI SATYANANDA, PARAMAHAMSA HARIHARANANDA, PARAMAHAMSA PRAJNANANANDA

In Memoriam

Humbly I bow to God and Shri Gurudev. I pray for Swami Adhyatmanandaji who left his body on May 8, 2021.

In December 1982 I was appearing for my final M.A. examination at Ravenshaw College, Cuttack. Although I was initiated into Kriya Yoga, I was actively involved in the Divine Life Society activities. Just before Christmas the college was closed, and I was staying in a hostel. When I went to join an evening *satsanga* at a devotee's residence, I heard about a Swamiji who was coming by train to Cuttack DLS Branch. After the *satsanga* I went straight to the train station. The train reached the station. I saw this man. I was impressed by his presence.

The next afternoon we organized a *satsanga* with Swamiji in my hostel. More than two hundred students joined, and we had three morning yoga and *pranayama* classes on the roof.

The Swami was none but Swami Adhyatmanandaji.

In the passage of time many things happen. It is the drama of the Divine. As a divine coincidence I had my last meeting with Swamiji in Odisha about two or three years ago on a road. He invited me to come to his ashram the next year, but it was not possible.

I am praying for Swamiji.

I bow to all.

With Love,

Paramahamsa Prajnanananda
May 19, 2021

**શિવાનંદ આશ્રમ, અમદાવાદના અધ્યક્ષ પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના ષોડશી પ્રસંગે તા. ૨૩-૫-૨૦૨૧, રવિવારના રોજ શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં સંતો દ્વારા વેબીનારમાં શ્રદ્ધાંજલી.**

**પૂજ્ય આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ, જામનગર (શ્રી કૃષ્ણ પ્રણામી સંપ્રદાયના વર્તમાન આચાર્ય) શ્રદ્ધા સુમન અર્પણ કરતા જણાવે છે** સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ હિન્દુ ધર્મના ધર્મનિષ્ઠ અને વિવિધ વિષયના જાણકાર, એક સરસ પ્રવક્તા, ઉચ્ચ કોટિના સાધક, બહુ ભાષી, અનેક વિષયોનું જ્ઞાન ધરાવનાર આજના સમયમાં અતિ દુર્લભ એવા મહાપુરુષ હતા. એમનો સ્વભાવ ખૂબ જ સરળ હતો. નાના બાળકથી લઈ મોટા માણસ કોઈ પણ પ્રકારના વ્યક્તિત્વ સાથે કેવી રીતે વર્તવું એમાં સ્વામીજી નિષ્ણાત હતા. આજે એમણે ચિરવિદાય લીધી. મહાસમાધિ લીધી ત્યારે હિન્દુ સમાજમાં જે કોઈ પણ સંત એમને ઓળખતા હોય તો એમને ક્ષતિનો અનુભવ થયો જ હશે કારણકે ક્ષતિ તો બહુ મોટી થઈ જ છે.

એક તો આજે સંત ઓછા છે અને જે છે તે સર્વ પ્રકારે કુશળ અથવા સારા સાધક નથી, એટલા માટે જ કોઈ પણ આવા વ્યક્તિત્વ આપણી વચ્ચેથી જતાં રહે તો સમાજને ક્ષતિ તો થવાની જ.

શિવાનંદ મિશનમાં રહી ને એમણે સ્વામી શિવાનંદના નિર્દેશ હેઠળ અને સ્વામી ચિદાનંદના આશીર્વાદથી સંસ્થાને આગળ વધારી એટલું જ નહીં, યોગનાં અંગોમાં આસન અને પ્રાણાયામને વિશેષ પ્રશિક્ષણ આપીને જન-જનને લાભાન્વિત કર્યા છે. અમારા આશ્રમમાંથી પણ જે લોકો સ્વામીજી પાસે યોગ શીખીને આવ્યા તેમના પાસેથી મેં ઘણું સાંભળ્યું છે.

હું પણ સ્વામીજીને ઘણી વાર મળ્યો છું. મળતા અને બીજા પાસેથી સાંભળતાં વાતો પરિપક્વ થઈ જાય છે

કેમ કે સાધના વિશે, તેમની એકાગ્રતા વિશે મેં ઘણું સાંભળેલું છે તો આજે આ પ્રમાણે યોગ્ય, કર્મઠ અને વિવેકશીલ સંતોની બહુ જ કમી છે

સનાતન ધર્મનું હાર્દ છે ''વસુધૈવ કુટુંબકમ્''

આજે બધાંને એક માનીને એક કુટુંબ તરીકે રહેવાની ભાવના ઓછી થતી જાય છે.

વિશ્વની દૃષ્ટિએ દુનિયા એક બજાર છે, જ્યારે સનાતન સંસ્કૃતિ-હિંદુ સંસ્કૃતિ દુનિયાને પરિવાર માને છે.

તો આ સંસ્કૃતિના પોષક અને જ્યોતિર્ધર સંત હોય છે એટલે સંત એ સંસ્કૃતિના સંવાહક હોય છે

સ્વામી અધ્યાત્માનંદજી એ જ પ્રકારે સંસ્કૃતિના સંવાહક હતા. એમણે દુનિયામાં બહુ મોટું યોગદાન આપ્યું છે. હોઈ શકે કે એમનાથી ઓછું યોગદાન આપવાવાળાને પ્રસિદ્ધિ વધારે મળી હોય પણ એમનું યોગદાન બહુ જ મહત્ત્વપૂર્ણ રહ્યું છે, જે લોકો એમને જાણે છે એ લોકો ચિરકાળ સુધી એમને યાદ કરશે. એમની કીર્તિ તો ચિરકાળ સુધી બની રહેશે.

પરમાત્માને પ્રાર્થના કરીએ કે એમણે સ્વામીજીને તો પોતાનાં ચરણોમાં લઈ લીધા છે પણ આવા સંતો દુનિયામાં મોકલતા રહે, જેથી આ સંસ્કૃતિનું પોષણ થાય, સંવર્ધન થાય. આજે આની બહુ જ વધારે જરૂર છે.

ભારતના સપૂતને આવા સંસ્કૃતિના એવા દિવ્ય સંવાહકને હું શત શત નમન કરું છું.

સંસ્થા બહુ સારી રીતે ચાલે અને સ્વામી શિવાનંદ પરંપરા નિત્ય નિરંતર આગળ વધતી રહે અને લોકકલ્યાણનાં કાર્યો આ સંસ્થા વડે થતાં રહે એવી શુભેચ્છાઓ. પ્રણામ

**પૂજ્ય સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજી (અધ્યક્ષ, રામકૃષ્ણ મિશન, રાજકોટ) એ શ્રદ્ધા સુમન અર્પણ** કરતા જણાવેલ કે, પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજ તા. ૮ મેના રોજ બ્રહ્મલીન થયા. આ સમાચાર સાંભળીને અમોને ઘણું દુઃખ થયું, કારણ કે હું એ પણ નહોતો જાણતો કે તેઓશ્રીને કોરોના ક્યારે

લાગુ પડ્યો. ગયા પાછલા વર્ષે તેઓએ મારી સાથે ફોન પર વાત કરી હતી કે મારે મે મહિનામાં શિવાનંદ આશ્રમમાં પ્રવચન માટે આવવાનું છે. વચ્ચેના સમયમાં ઘણીવાર તેઓ મને પ્રવચન માટે બોલાવતા પણ હતા. તે દિવસે ફોન પર હસતાં હસતાં મેં કહ્યું કે તા. ૧ મેના રોજ રામકૃષ્ણ મિશનનો પણ સ્થાપના દિવસ છે અને ગુજરાતનો પણ સ્થાપના દિવસ છે ત્યારે તેઓ ઘણા પ્રસન્ન થયા અને તેમણે કહ્યું કે તા. ૧ મેના રોજ આપનું જે પ્રવચન અમે આશ્રમમાં રાખ્યું છે તે ખરેખર યથાયોગ્ય છે.

પરંતુ ઈશ્વરની ઈચ્છા કાંઈક જુદી જ હતી. આ પ્રસંગ આડે કોરોનાની મહામારી આવી ગઈ અને લોકડાઉન શરૂ થઈ ગયું અને તે કાર્યક્રમને રદ કરવાની ફરજ પડી ત્યારે તે સમયે એવી વાત થઈ હતી કે આવતા વર્ષે જોયું જશે અને આ બીજા વર્ષે તો તેઓએ પોતાનું સ્થૂળ સ્વરૂપ જ ત્યાગી દીધું. ઈશ્વરની ઈચ્છા વિરુદ્ધ આપણે કશું નથી કરી શકતા, પરંતુ થોડો વધુ સમય તેઓ આ ધરતી પર હયાત હોય તો માનવજાતિને તેમની કૃપા-આશીર્વાદનો થોડો વધારે લાભ પ્રાપ્ત થાત.

૭૫ વર્ષ જેટલી જૈફ ઉંમરના હોવા છતાં તેઓએ માનવ સેવાનાં ઘણાં કાર્ય કર્યાં છે, જેના માટે તેઓને હંમેશાં યાદ રાખવામાં આવશે. ૧૦૦ થી વધુ વખત તો તેમણે પોતે રક્તદાન કરેલું છે. સમગ્ર વિશ્વમાં ૧૦ બિલિયન જેટલાં વૃક્ષારોપણનું કાર્ય તેમણે કરેલ છે. આવાં ઘણાં ઉમદા કાર્યો તેમના દ્વારા કરવામાં આવેલાં છે કે જેના માટે હરહંમેશ તેઓને યાદ રાખવામાં આવશે.

સ્વામી વિવેકાનંદજીએ મૈસુરના મહારાજાને પત્ર લખ્યો હતો કે મહારાજા આ જીવન ક્ષણભંગુર છે. આ ક્ષણભંગુર જીવનમાં જે વ્યક્તિ બીજાના જીવનના સેવાકાર્ય માટે જીવે છે, તે જ વ્યક્તિ સાચું જીવન જીવી રહી છે. બાકી બધા તો મૃત વ્યક્તિઓ સમાન છે. પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી પણ બીજા લોકોના જીવનની સેવા માટે જીવ્યા. કેટલાં બધાં સેવાનાં સત્કાર્યો તેઓએ કર્યાં. યોગનો ફક્ત પ્રચાર-પ્રસાર કર્યો એમ નહીં પણ યોગ શિક્ષણ લોકો સુધી પહોંચે તે માટે ઘણાં સેવાકાર્યો પણ તેમણે કર્યાં અને તેમનું નામ જ અધ્યાત્માનંદ હતું. આધ્યાત્મિક ક્ષેત્રમાં તેમણે પોતાનાં પ્રવચનો અને પુસ્તકો દ્વારા જે સેવા આપી છે તેના માટે સદૈવ તેઓ ચિરસ્મરણીય રહેશે. કબીરે કહ્યું હતું, 'કબીર જબ તૂ આયા જગત મે, જગ હસે તૂ રોયે, ઐસી કરની કર ચલો કબીર, મરતે સમય તુમ હસો જગ રોયે'. આ જ જીવનની સફળતાનો મંત્ર છે, જે સ્વામી અધ્યાત્માનંદજીએ પોતાના જીવનમાં સિદ્ધ કરીને બતાવ્યો છે. હું ઈશ્વરને વંદન કરીને પ્રાર્થના કરું છું કે પ્રભુ શ્રી સ્વામી અધ્યાત્માનંદજીને પોતાના શ્રીચરણો-હૃદયમાં સ્થાન આપે અને તેમને પરમ શાંતિ પ્રદાન કરે.

**પૂજ્ય શ્રી સ્વામી બ્રહ્મનિષ્ઠાનંદજી મહારાજ,** જગન્નાથપુરીએ જણાવ્યું કે આજે સ્વામીજીને બ્રહ્મલીન થયાને સોળમો દિવસ (ષોડશી) છે. પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજ પોતાના પરમગુરુ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ, સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ તથા સ્વામી શ્રી કૃષ્ણાનંદજી મહારાજ દ્વારા આપવામાં આવેલી ગુરુઆજ્ઞાનું પ્રતિનિધિત્વ કરતા હતા.

સ્વામીજી વિશે કોઈ વાત કરવી એ યોગ વિશે વાત કરવી, યોગના એકીકરણ વિશે વાત કરવી તથા યોગના વિશ્લેષણ વિશે વાત કરવા બરાબર છે, તેમના વિષે વાત કરવી એટલે કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ અને રાજયોગનું પ્રતિનિધિત્વ કરવા બરાબર છે. અત્યારના આ કપરાકાળના સમયમાં સ્વામીજીના વિદાયમાન થવાથી સમગ્ર શિવાનંદ પરિવાર અને સમગ્ર આધ્યાત્મિક જગત માટે એક મોટા પ્રમાણમાં આધ્યાત્મિકતાની ઊણપ ઊભી થઈ છે, આધ્યાત્મિક ખોટ વર્તાઈ રહી છે. જે કોઈ પણ સમયે જેટલા લોકોએ પૂજ્ય સ્વામીજી સાથે સમય વિતાવ્યો હશે તેમણે અનુભવ્યું હશે કે સ્વામીજી એક આધ્યાત્મિકતાના બોધ સમાન હતા. આધ્યાત્મિકતાની પરાકાષ્ઠા,

આધ્યાત્મિકતાના શિખર સમાન હતા. તેમના મુખ પર દિવ્ય તેજની આભા રહેતી હતી તે છતાં આ હકીકત કોઇ દિવસ તેમણે નહોતી જણાવી.

એક વિદ્યાર્થી તરીકે સ્વામીજી સાથેના મારા જીવન પ્રસંગો મને યાદ આવે છે. મારા વિદ્યાર્થીજીવનમાં જ્યારે હું કટક (ભુવનેશ્વર)ના બારાબતી સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય વૈશ્વિક બંધુત્વ પરિષદ માટે સ્વયંસેવક તરીકે કાર્ય કરતો હતો. સ્વામીજી નિત્ય સવારે આવી જતા અને સ્વયંસેવકો સાથે જે સવારની શિબિરનું આયોજન થયું છે તેનું સંકલન કરતા સાથે-સાથે તે જ સમયે તેઓ ગુરુમહારાજની સુખ-સગવડ અંગેની પૂછપરછ પણ કરતા.

એક પ્રસિદ્ધ ગીત છે, જે બધા જ આધ્યાત્મિક શિક્ષણનો સાર છે, **"વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે, પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ના આણે રે"** દરેક વ્યક્તિ આ ગીતને જાણે છે અને આ ભારતના મહાન સંત નરસિંહ મહેતા દ્વારા રચિત છે અને સ્વામી અધ્યાત્માનંદજી નરસિંહ મહેતાના કુળવંશમાંથી આવેલા છે. ગુજરાત રાજ્યએ તેમને "ગુજરાતની અસ્મિતા (ગુજરાતનું ગૌરવ)" થી સન્માનિત કર્યા છે, પરંતુ હું કહીશ કે તેઓ સમગ્ર ભારતવર્ષનું ગૌરવ (ગરિમા) છે, ભારતમાતાનું ગૌરવ (ગરિમા) છે, સનાતન ધર્મનું ગૌરવ (ગરિમા) છે અને સમગ્ર વિશ્વનું તેઓ ગૌરવ છે.

એક વિદ્યાર્થી તરીકેની કારકિર્દીમાં મેં સ્વામીજી સાથે ઘણીવાર વાતચીત કરી છે અને ત્યારબાદ પણ એક સંન્યાસીનું જીવન જીવતા સ્વામીજીએ હરહંમેશ મને સાથ-સહકાર આપ્યો છે. સ્વામીજી આંતરરાષ્ટ્રીય સંમેલન માટે ઘણી બધી બાબતોનું ધ્યાન રાખતા હતા અને મને આશા છે કે સ્વામીજીએ જે પ્રશિક્ષણ આપણને આપ્યું છે તે તેમના શિક્ષકો, છાત્રો, સ્વયંસેવકો અને ભક્તોના માધ્યમથી સ્વાસ્થ્ય શિબિર, નેત્ર ચિકિત્સા શિબિર, રક્તદાન શિબિર જેવી ઘણી બધી પ્રવૃત્તિઓમાં પરિપૂર્ણ થશે. સ્વામી અધ્યાત્માનંદજી શતકવીર રક્તદાતા હતા. હજારો વૃક્ષારોપણ કરવાની જે ચળવળ સ્વામીજીએ તે ફક્ત ગુજરાત રાજ્ય કે ભારત દેશ સુધી જ સીમિત નહોતી તે તો એક આંતરરાષ્ટ્રીય વિશ્વવ્યાપી ચળવળ છે. યોગ અંગેનાં તેમનાં પુસ્તકો યોગ શીખવતા શિક્ષકો માટે પથદર્શક સમાન છે. યોગનો જ્ઞાન ભંડાર છે. વિશ્વયોગ પુસ્તિકા છે. દરેક વ્યક્તિએ સ્વામીજીનું કીર્તન સાંભળ્યું જ હશે. તેઓ ખૂબ જ મધુર કંઠમાં ગાતા હતા. સંગીતનાં વાદ્ય પણ વગાડતા હતા. કોઇ પણ વિષય પર તેઓ વક્તવ્ય આપી શકતા હતા. અમદાવાદ જેવા શહેરમાં 'દિવ્ય જીવન સંઘ'ની સ્થાપના કરી શિવાનંદ આશ્રમ ખાતે યોગ પ્રશિક્ષણ, વૃક્ષારોપણ કાર્યક્રમ અને રક્તદાન શિબિર જેવી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો ભેખ જગાવનાર તેવા પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજને મારા અને સમગ્ર શિવાનંદ પરિવાર વતી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ છે.

**પરમ પૂજ્ય શ્રી સ્વામી નારાયણાનંદજી મહારાજ, શિવાનંદ આશ્રમ, અમદાવાદ એ જણાવેલ કે** બ્રહ્મલીન પરમ પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજના ચરણારવિંદ કોટિ કોટિ પ્રણામ. ઉપસ્થિત સર્વે સંતો-મહાત્માઓને ચરણારવિંદ કોટિ કોટિ પ્રણામ.

આજે મારે સ્વામીજી માટે કંઈ બોલવું પડે છે ત્યારે હું સહન નથી કરી શકતો કે શું બોલું ? જ્યારે નાનપણમાં બાર-ચૌદ વર્ષની ઉંમરમાં દિવ્ય જીવન સંઘના સંમેલનમાં પહેલી વાર સ્વામીજીને જોયા ત્યારે એમના પ્રભાવનો મારા ઉપર ખૂબ જ પ્રભાવ પડ્યો. જીવનના પથ પર ચાલતાં-ચાલતાં જ્યારે હું હૃષીકેશ આવ્યો ત્યારે મને સ્વામીજીના અનેક દુર્લભ સત્સંગનો લાભ મળ્યો હતો. ભગવાનની અપાર કરુણા અને ગુરુ ભગવાનની ઈચ્છાથી ૨૦૧૯માં સ્વામીજી થકી મને

સંન્યાસ દીક્ષા પ્રાપ્ત થઈ. સ્વામીજી એક અનોખી પ્રતિભા ધરાવતા હતા.

**'ક્રીમ વચનીયમ ક્રીમ સ્મરણીયમ'**

સ્વામીજીની દિવ્ય પ્રતિભા, દિવ્ય પ્રેમ, તેઓના દિવ્ય આશિષ, દિવ્ય જ્ઞાનની શું વાત કરું? તેઓ તો સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ હતા. આજે પણ હું એટલી જ પ્રાર્થના કરું છું કે પરમ પૂજ્ય સ્વામીજીને કે તેઓનો અભય વરદ્ હાથ આપણા પર અને તેમના પથ પર ચાલનારા પર રહે અને તેમના, શરીર પર તેમના દિવ્ય જ્ઞાનની વર્ષા હંમેશાં થતી રહે. પ્રત્યક્ષ રૂપમાં નહીં પણ પરોક્ષ રૂપમાં પણ એમના દિવ્ય સત્સંગની અનુભૂતિ હંમેશા થતી રહે એ જ પ્રાર્થના સાથે એમના ચરણોમાં સમર્પિત થઉં છું.

**પરમ પૂજ્ય સ્વામી શ્રી શિવચિદાનંદજી મહારાજ, અધ્યક્ષ, શ્રી સ્વામી શિવાનંદ સેન્ટેનરી બોયઝ હાઈસ્કૂલ, ખંડગીરી, ભુવનેશ્વર**

ૐ નમો ભગવતે શિવાનંદાય. ૐ નમો ભગવતે ચિદાનંદાય. ૐ નમો ભગવતે કૃષ્ણાનંદાય.

આપણા પ્રિય પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીને નમન. પ્રણામ કરતાં આજે જેઓ આપણા ફિલોસોફર અને ગાઈડ હતા એ બધું યાદ કરીએ. કોઈ એવું ન હોતું ઈચ્છતા કે સ્વામીજી આટલા જલદી આપણાથી અદશ્ય થઈ જશે . નિયતિને કોઈ બદલી નથી શકતું. નિયતિને માનવી જ પડશે. સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ ૧૯૭૯માં જે પહેલો વેદાંત એકેડેમી કોર્સનાં ફર્સ્ટ ક્લાસના વિદ્યાર્થી, જેમાં ઉછરંગજી સ્વાદિયાનો રોલ નંબર- ૧, ચિત્રાનંદજી મહારાજનો રોલ નંબર-૨, રામસ્વરૂપજી, અમે બધા પણ એ ક્લાસના વિદ્યાર્થી હતા, જ્યાં સ્વામીજી અમને રાજયોગ ભણાવતા હતા. પરમ પૂજ્ય સ્વામી યોગસ્વરૂપાનંદજી મહારાજ ગીતા ભણાવતા હતા. સને ૧૯૮૨માં દેવાનંદ સ્વામીજી અધ્યાત્માનંદજી સ્વામીજી સાથે પ્લેનમાં કલકત્તાથી ઇમ્ફાલ જઈ ત્યાં સેટ થઈ ગયા. મણિપુર જતી વખતે સત્સંગ કરીને સ્વામીજીએ ગુરુવાણી પ્રગટ કરી હતી. ૧૯૯૩માં ભુવનેશ્વરમાં સ્વામી શિવાનંદ સેન્ટેનરી બોઈઝ હાઈસ્કૂલ માટે ૭૫ હજાર રૂપિયા દાનમાં આપ્યા હતા. તેઓ બધી ભાષામાં પ્રવીણ હતા. તેઓ બધાંને આનંદ જ વિતરણ કરતા હતા. યોગનો દેશ-વિદેશમાં પ્રચાર કરવા માટે તેઓ અગ્રગણ્ય હતા. હજારો લોકોને તેમણે યોગનું શિક્ષણ આપ્યું અને અસંખ્ય યોગાચાર્યો તૈયાર કર્યા અને આજે શ્રી શ્રી અષ્ટલક્ષ્મી માતાજીની સાક્ષીએ પ્રાર્થના કરું છું કે સ્વામીજીનું ગૌરવ વધતું જાય. હું સ્વામીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સ્વામીજી હજુ પણ છે, જશે ક્યાં? તેઓએ આ શરીર ધારણ નહોતું કર્યું ત્યારે પણ હતા, શરીરમાં હતા ત્યારે પણ હતા અને જ્યારે અદશ્ય થઈ ગયા છે ત્યારે પણ તેઓ છે જ. એ અમર આત્માને હું પ્રણામ કરું છું. સ્વામીજી આનંદ અને આશીર્વાદ વિતરણ કરતા રહ્યા. બધાને ઓમ નમો નારાયણાય. સ્વામીજી મહારાજની જય.

**પરમ પૂજ્ય શ્રી સ્વામી રામસ્વરૂપનંદજી સરસ્વતી મહારાજ, ઉત્તર કાશી એ જણાવેલ કે** સદ્‌ગુરુ ભગવાનની જય. શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની જય. અમારા ગુરુ મહારાજ સ્વામી ચિદાનંદજી મહારાજના પટ્ટશિષ્ય મને બહુ જ વહાલા છે. હજુ પણ તે ગુરુ મહારાજની સાથે જ છે શિવાનંદ, કાકા લક્ષ્મીકાંત દવેએ અમદાવાદમાં આશ્રમ શરૂ કર્યો ત્યારે તેના વિકાસ માટે ગુરુ મહારાજ બોલ્યા, **'અધ્યાત્માનંદજી જાવ, એમને મદદ કરો'** બધા લોકો જાણે છે કે સ્વામી અધ્યાત્માનંદજીએ અમદાવાદ આશ્રમમાં આવીને તેનો કેટલો વિકાસ કર્યો છે. મહારાજજીએ બહુ જ લોકોને મદદ કરી છે. એક વાર શિવાનંદ આશ્રમ ઋષીકેશમાં અન્નપૂર્ણા ભવન વ્યવસ્થિત ચાલતું ન હતું તો એમણે બે મહિનામાં વ્યવસ્થિત કરી દીધું. જ્યાં જરૂર પડતી ત્યાં સ્વામીજી

દોડી જતા. એક વાર હૈદરાબાદમાં આશ્રમ બની રહ્યો હતો ત્યારે ગુરુ મહારાજ બોલ્યા, **'અધ્યાત્મનંદ, અધ્યાત્માનંદ પ્લીઝ ગો ટુ હૈદરાબાદ'** પછી તરત જ કહ્યું, **'યુ ગો ટુ બર્થ પ્લેસ ઓફ શિવાનંદજી મહારાજ'**. ગુરુ મહારાજ હસવા લાગ્યા, પરંતુ અધ્યાત્માનંદજી તો હનુમાનજીની જેમ ગુરુ મહારાજ જ્યાં મોકલતા ત્યાં જવા તૈયાર. મારા ગુરુભાઈ સ્વામી અધ્યાત્માનંદજી હંમેશાં મારી સાથે છે જેમના જેમના જીવનને તેમણે સ્પર્શ કર્યો છે તેવા પરિવાર માટે તે ઉત્સવ થઈ ગયો છે. એમની યાદો હંમેશાં જીવંત રહે. સદ્‌ગુરુ દેવ કી જય

ૐ નમો નારાયણાય

**પૂજ્યા સ્વામિની દિવ્ય સ્વરૂપાનંદનજી માતાજી શિવાનંદ આશ્રમ, કેન્દ્રપાડા, ઓરિસ્સા એ જણાવેલ કે**

હરિ ૐ ભગવાનની સૃષ્ટિ અતિ વિચિત્રમય છે. સૃષ્ટિનો રહસ્ય ભેદ કરવો સંભવ નથી પણ એક વાત સાચી છે, જે સંસારમાં આવ્યો છે એને એક દિવસ પોતાના ધામમાં પાછા જવું જ પડશે.

**જાતસ્ય હી ધ્રુવોમૃત્યો ધ્રુવમ જન્મમ્ તસ્ય ચ**

આ જ વિધિનું વિધાન છે. આ સંસારમાં એવી એવી વિભૂતિઓ આવી છે, જે ગયા પછી પણ બધાંના હૃદયમાં જીવીત છે અને અમર થઈ ગયા.

એવા જ અમારા પ્રાત:સ્મરણીય પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ વિશ્વ દિવ્ય જીવન સંઘ સભાપતિ ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજથી સંન્યાસ દીક્ષા લીધી હતી.

ભારતીય સંસ્કૃતિના યોગ-વેદાંતનો પ્રચાર-પ્રસાર દેશ-વિદેશમાં કર્યો અને સ્વામી અધ્યાત્માનંદજી લોકોના હૃદયમાં વસી ગયા.

સ્વામીજી મહારાજ એક વિભૂતિ હતા તેથી આજે બધાને ચિંતા અને દુ:ખ થાય છે

એ તો ભક્તિ-પ્રેમ, શાંતિ અને કરુણાનો વિગ્રહ હતા. બધાંની સેવા કરવી, બધાંનો પ્રેમ અને સત્કાર કરવો આવા દિવ્ય ગુણોના ભંડાર હતા. સ્વામી આધ્યાત્માનંદજી ભક્ત જિજ્ઞાસુ મુમુક્ષુઓ માટે માતા-પિતા સમાન હતા. ગુજરાત જ નહીં, સમગ્ર વિશ્વ એમનો પરિવાર હતો . ગુજરાતને તો પોતાનો પ્રાણ માનતા હતા.

સાધુ-સંતોનું તો બહુ જ સન્માન કરતા અને સાધુ-સંતોને તો ભગવાન સમાન માનતા હતા અને તેમને ખૂબ જ પ્રેમ કરતા હતા. ઓડિશાવાસીઓ તેમને બહુ જ પ્રેમ કરતા હતા, જ્યારે પણ ઓડિશા આવતા ત્યારે અહીંની સ્થિતિ જોઇ ખૂબ દુ:ખી થતા, ખૂબ જ મદદ કરતા હતા. ચંદાપરા તો બહુ વાર આવતા હતા

અચાનક સ્વામીજીના મહાપ્રયાણે બધાંને સ્તંભિત કરી દીધા છે પણ સ્વામીજી બધાં માટે સ્મરણીય અને અમર થઈ ગયા છે

એમનું જ્ઞાન - એમની પ્રતિભા બધાં માટે સ્મરણીય છે આજે અમદાવાદ આશ્રમ આટલો મનોહર છે કે બધાંને આકર્ષિત કરે છે, જેના મૂળમાં સ્વામીજી જ રહેલા છે. આશ્રમનાં ફૂલ-પાંદડાં-ઝાડ-ફળ કે પથ્થર બધામાં જ સ્વામીજીનાં સ્પંદનો રહેલાં છે, જે કોઈ પણ આશ્રમમાં જશે તેને સ્વામીજીનાં સ્પંદન મળશે જ.

સ્વામી અધ્યાત્માનંદજી હંમેશાં ભક્તોના હૃદયમાં અમર રહેશે.

આજે સ્વામીજી મહારાજની ષોડશીના અવસર પર ઓડિશાના ચંદાપરાના ભક્તગણો તરફથી શ્રદ્ધાંજલિ આપું છું.

**પૂજ્ય સ્વામીની શ્રદ્ધાનંદજી માતાજી, અધ્યક્ષ કુલ કમલ ફાઉન્ડેશન, રેડીંગ્સ, પેન્સિલવિનિયા, યુ.એસ.એ. એ જણાવેલ કે,** આ સુંદર મંત્ર (અસતો મા સદ્‌ગમય) દ્વારા જે સ્વામીજી આપણને શીખવી ગયા કે કેવું સુંદર જીવન તેઓ જીવ્યા, જે બીજાઓ માટે પ્રેરણારૂપ બની શકે. આ તે આત્મવિશ્વાસ છે, જે તેમના જીવનચરિત્ર દ્વારા વ્યક્ત થાય છે અને બીજા માટે પ્રેરણાસ્રોત બની રહે છે. તેમણે શીખવ્યું કે પ્રત્યેક માનવીએ પોતાની અવાસ્તવિકતા પ્રત્યેની આસક્તિને ત્યજી વાસ્તવિકતાની સ્વતંત્રતા પ્રત્યે આગળ વધવાનું છે. આપણા જીવનનો ધ્યેય એ છે કે આ નિરામય અંધકારમાં પ્રભુની હયાતી- હાજરીનો આપણે સ્વીકાર

કરીએ અને પ્રેમ, કરુણા તથા એકતાના પ્રકાશપથ પર આપણે આગળ વધીએ.

તેમણે બોધ આપતાં કહ્યું છે કે આપણે મૃત્યુના ભયથી પર થઈ અને આત્માના અમરત્વને ઓળખી તેનો સ્વીકાર કરીને ઉત્સવ ઊજવવો જોઈએ અને આ રીતે જ સ્વામીજી પોતાનું જીવન જીવ્યા અને આ વિચારમાં જ સ્વામીજીને સંપૂર્ણ આત્મવિશ્વાસ હતો.

સ્વામીજીનું પાર્થિવ શરીર આપણી વચ્ચે ઉપસ્થિત નથી, પરંતુ તેમના દ્વારા શીખવવામાં આવેલું શિક્ષણ અનંતકાળ સુધી શાશ્વત રહેશે અને જો આપણે તેમની સાથેના આપણા સંબંધો અને તેમના દ્વારા શીખવવામાં આવેલ પ્રત્યેક સુંદર બાબતોનું સન્માન કરવા માગીએ છીએ તો આપણે વ્યક્તિગત અને સામાજિક રીતે સત્ય, ચેતના અને તેમના આશીર્વાદને પ્રાપ્ત કરી સત્ ચિત્ આનંદ તરફના આપણા ધ્યેયને પ્રાપ્ત - પૂર્ણ કરવા તરફ આપણે પ્રયાણ કરી શકીએ છીએ. આપણા હૃદયમાં જેમના માટે અપાર પ્રેમ ભરેલો છે તેવા એક મહાન સંત, એક મહાન શિક્ષક, એક મહાન ગુરુ કે જેમણે પોતાનું જ્ઞાન જ નહીં, પોતાનો પ્રેમ, પોતાની કરુણા, પોતાનો વિશ્વાસ, પોતાની તેજોમય દિવ્ય આભા તથા પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું, તેમની સ્મૃતિમાં આપણે એટલું તો કરી જ શકીએ છીએ, જે આપણી તેઓના માટે સાચી શ્રદ્ધાંજલિ પુરવાર થશે.

જે જ્ઞાન પૂજ્ય સ્વામીજીએ મને આપ્યું, જે જ્ઞાન તેમણે સમાજને આપ્યું અને પૂરા વિશ્વ સુધી દૂર દૂર સુધી પહોંચાડ્યું તે માટે હું હર હંમેશ પૂજ્ય સ્વામીજીની ઋણી રહીશ. તેને શબ્દોમાં વર્ણવી શકાય, વ્યક્ત કરી શકાય તેમ નથી. તે અવિસ્મરણીય છે. એક જ વસ્તુ આપણે જાણી લેવાની (સમજવાની) જરૂર છે કે આપણા પ્રત્યેનો અપાર પ્રેમ, જે તેમણે વ્યક્ત કર્યો છે તે જ ફક્ત અત્યારે અહીં આપણા હૃદયમાં વિદ્યમાન છે. હરહંમેશ તેઓના મુખ પર સ્મિત રમતું રહેતું. તેઓ સદા હસતા જ રહેતાં, તેઓ દરેક કાર્યને શ્રેષ્ઠ બનાવવા માટે સતત સુધારો કરાવતા, સૂચન કરતા અને તે કાર્ય માટે દિશા-નિર્દેશ પણ કરતા હતા. તેમનું હૃદય પ્રભુમય હતું. યોગીઓમાં પણ પરમ યોગી. તેઓ અને તેમનો દિવ્યાત્મા માનવતાનાં દુ:ખોનો અંત લાવવા અને તેની ભલાઈ, ઉત્થાન અને કલ્યાણ માટે સમર્પિત હતો. સ્વામીજીની ખોટ આપણને સાલશે પરંતુ તેઓ સદૈવ આપણા વિચારોમાં, આપણી સ્મૃતિમાં હરહંમેશ જીવંત રહેશે. આપણે આપણા જીવમાં તેમણે શિખવેલા (ચિંધેલા) માર્ગ પર-પથ પર ચાલીને તે પ્રમાણે કાર્યો કરીને તેમને સાચી શ્રધ્ધાંજલિ અર્પિત કરી શકીએ છીએ.

**પરમ પૂજ્ય શ્રી સ્વામી અચ્યુતાનંદજી મહારાજ, અધ્યક્ષ, શ્રી શ્રી મા આનંદમયી ઓલ ઈન્ડિયા સંઘ એ શ્રદ્ધાંસુમન અર્પણ કરતાં કરતાં** જણાવેલ કે અમદાવાદ ખાતેના શિવાનંદ આશ્રમના ટ્રસ્ટી રહેલ પ્રસિદ્ધ યોગપુરુષ સ્વામી અધ્યાત્માનંદજીનું શનિવારે નિધન થયું.

તેમના નિધન પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ દુ:ખ વ્યક્ત કરી યોગગુરુ સ્વામીજીના આધ્યાત્મિક જ્ઞાનનાં વખાણ કર્યાં.

સ્વામીજીએ યોગ શિષ્ય અને લોકકલ્યાણનાં ઘણાં બધાં કાર્યો પણ કર્યાં. તેમણે રચનાત્મક કાર્યો કર્યા આશ્રમમાં સેવા કરી એને પણ વડાપ્રધાને યાદ કર્યા.

એમના આશ્રમમાં ત્રણ મુખ્ય કાર્યો હતાં. સેવા, યોગ અને શિક્ષા - સત્સંગ.

આ સ્થૂળ જગતમાં આત્મા ક્યારેય મૃત્યુ પામતો નથી. એને જન્મ કે મરણ જેવું કંઈ નથી. આત્મા જન્મ-મૃત્યુથી રહિત છે.

તેઓ દર મહિને નારાયણ સેવામાં અનાજ આપતા અને જમવાનું પણ આપતા, પરંતુ કોરોના આવ્યા પછી તો તેઓ દર મહિને રૂપિયા એક લાખની નારાયણ સેવા કરતા હતા. અંતરિયાળ વિસ્તારના પરિવારોને પેટ ભરી જમવા મળે તેની તેઓ બહુ જ કાળજી રાખતા હતા.

આશ્રમમાં એક મહારાજની સમાધિ થઈ તે ઉપર તેમણે વિશ્વનાથ મંદિર બનાવ્યું. રામ મંદિર,

અષ્ટલક્ષ્મી - આદિ શક્તિ પીઠ પણ બનાવ્યાં. દર ગુરુવારે સ્વામી શિવાનંદજી મહારાજ અને સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાજીનાં પૂજન- અર્ચન થાય, અભિષેક થાય. જે રૂમમાં સ્વામી ચિદાનંદજી મહારાજ રહેતા હતા ત્યાં મને રહેવાની વ્યવસ્થા કરી આપી તેના માટે હું બહુ જ કૃતજ્ઞ છું. તેઓ ૧૪ ભાષા જાણતા હતા. તેઓ દેશ-વિદેશમાં યોગનો પ્રચાર-પ્રસાર કરતા હતા. સ્વામીજીના સમાધિ લેવાથી અમે માત્ર એક પરિવારના સદસ્ય ખોયા છે એવું નથી, એક આધ્યાત્મિક નેતા ખોયો છે. હજારો લોકો માટે તેઓ માર્ગદર્શક હતા. હું ભગવાન પાસે પ્રાર્થના કરું છું. એમના આત્માને શાંતિ પ્રાપ્ત થાય. ગુરુકૃપાથી આશ્રમની પ્રગતિ થાય અને આશ્રમના જે અનુયાયીઓ છે તેમના ઉપર તેમની કૃપા હંમેશાં રહે.

**નિર્વાણ પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર પૂજ્ય શ્રી સ્વામી વિશોકાનંદજી મહારાજ, અધ્યક્ષ, સંન્યાસ આશ્રમે જણાવેલ** કે પૂજ્યપાદ સ્વામી અધ્યાત્માનંદજી સરસ્વતીજી મહારાજના સદ્‌ગુરુ બ્રહ્મલીન પૂજ્યપાદ શ્રી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ સાથે મારો દૈવી અને આધ્યાત્મિક સંબંધ હતો. જેવા નામ તેવા ગુણ અધ્યાત્મવિદ્યાનો પ્રચાર અને પ્રસાર કરી શિવાનંદ મિશનને બહુ જ ઊંચાઈએ પહોંચાડી દીધું છે.

અમારો અને એમનો વ્યક્તિગત સંબંધ ભાઈ તરીકેનો હતો. હું આ વાત ભાવનાત્મક દૃષ્ટિએ કરી રહ્યો છું.

મારી અધ્યક્ષતામાં બિકાનેરનાં પાંચ સંસ્થાનોમાં સ્વામી ચિદાનંદજી મહારાજે અધ્યાત્મના શિક્ષણનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. આ સંબંધના કારણે તે મને ભાઈ સમાન ગણતા હતા.

એટલે એમણે શિવાનંદ આશ્રમ, બિકાનેરના સંરક્ષણનો કાર્યભાર મને સોંપી દીધો હતો. બિકાનેર શિવાનંદ આશ્રમને એમણે ચાર ચાંદ લગાવ્યા. એમણે એમાં એક મોટો હોલ બનાવ્યો, જેમાં યોગ શિક્ષણ જીવનશૈલી જીવવાનું શિક્ષણ અને સત્સંગના કાર્યક્રમ થાય છે. સ્વાસ્થ્ય સંબંધી કાર્યક્રમ એમના જીવનનો એક વિશેષ લક્ષ્ય રહ્યો હતો.

આની સાથે સાથે સાધુ-સંતની સાંકરી પરંપરા એમના જવાથી પ્રભાવિત થઈ છે. એની ખોટ પુરાય તે સંભવ નથી.

સરદર્શન સમાજને જોડનાર સંત, પ્રેમી ભક્ત, પ્રેમી પ્રેરક સાધુ સ્વભાવ. હું પરમાત્માને પ્રાર્થના કરું છું, બ્રહ્મલીન સ્વામી અધ્યાત્માનંદજી સરસ્વતી મહારાજ લક્ષ પ્રાપ્ત કરે અને એમના ભાવુક જિજ્ઞાસુઓ સત્સંગીઓ અને દૈવી સંપદાના ઉપાસક દિવ્ય જીવન પ્રાપ્ત કરનાર સાધકોને એમનો વિયોગ સહન કરવાની શક્તિ આપે.

પરમાત્માને પ્રાર્થના કરું છું કે આવા પરમાર્થી અધ્યાત્મવાદી પુરુષાર્થી મહાત્મા ભવિષ્યમાં પણ સંસાર-આ લોકમાં અવતરિત થતા રહે, જેથી લોકો-સમાજનું ભલું થાય.

આ શબ્દો સાથે બ્રહ્મલીનતા બ્રહ્મનિષ્ઠતાનાં પાવન ચરણોમાં મારી શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું.

**મહામંડલેશ્વર પૂજ્ય શ્રી સ્વામી સત્યાનંદગિરિજી મહારાજ - ગીતા મંદિરએ શ્રદ્ધા સુમન અર્પણ કરતા જણાવેલ છે** કે બહુ દુઃખી હૃદયથી આ સંદેશ આપવો પડે છે. શિવાનંદ આશ્રમના કર્મનિષ્ઠ, કર્મયોદ્ધા સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજ પોતાના આ પંચ ભૌતિક શરીરને છોડીને અનંતમાં સમાઈ ગયા છે. આ ધ્રુવ સત્ય છે. જે આવ્યા છે તેનું જવું નિશ્ચિત છે.

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ

આ વ્યક્તિએ પોતાનું વ્યક્તિત્વ સમાજમાં જે છોડ્યું છે તેની સ્મૃતિ હોવાને કારણે મનમાં દુઃખ અવશ્ય થાય છે. શિવાનંદ આશ્રમના અધ્યક્ષ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ જેવું તેમનું નામ એવા તેમના

ગુણ. આધ્યાત્માનંદજી મહારાજ અધ્યાત્મથી ઓતપ્રોત હતા. જે ખૂબ સહજ, સરળ અને સૌમ્ય હતા. ખૂબ જ મિલનસાર અને અનેક ભાષાઓના જ્ઞાતા, યોગજ્ઞાન વિજ્ઞાનથી ઓતપ્રોત, સહજ, સરળ, સૌમ્ય એવા મહાત્મા આપણી વચ્ચે રહ્યા નથી. એમની ક્ષતિને પૂર્ણ કરી શકવું અસંભવ છે. આજે તેઓ ભલે પોતાના પંચ ભૌતિક શરીરથી આપણી જોડે નથી પરંતુ તેમનો બતાવેલો માર્ગ જ્ઞાન, અનેકાત્મક વિષયોની કાર્ય પ્રણાલીના માધ્યમથી તેઓ સદૈવ આપણી વચ્ચે ઉપસ્થિત રહેશે. જે જ્ઞાન તેમણે આપ્યું છે તે જ્ઞાન સદૈવ આપણી વચ્ચે ઉપસ્થિત છે અને તે જ જ્ઞાન તેમની ઉપસ્થિતિનું કારણ રહેશે. પરમ પૂજ્ય સ્વામી આધ્યાત્માનંદજી મહારાજ દેશ-વિદેશમાં ભ્રમણ કરતા હતા. અહીં ગીતા મંદિરમાં પણ તેઓ આવેલા છે. પ્રવચન કરેલા છે. તેઓ નિરંતર કાર્યરત રહેતા હતા કંઈ ને કંઈ લખવું તે તેમનો એક સ્વભાવ હતો. હંમેશા નિરંતર તેઓ કંઈને કંઈ અધ્યાત્મ વિષય પર વિચારતા હતા અને પોતાનું માર્ગદર્શન આપ્યા કરતા હતા. શિવાનંદ આશ્રમનો ગીતા મંદિર સાથે ઘણો જૂનો સંબંધ રહ્યો છે અને તે પરંપરાને લીધે સંબંધોને કારણે હું શિવાનંદ આશ્રમની તે સમસ્ત પરંપરાને હું નતમસ્તક થઉં છું, પ્રણામ કરું છું. દરેક ગુરુજનોને નમસ્કાર કરું છું. ગીતા મંદિર સદૈવ શિવાનંદ આશ્રમની જોડે હતું છે અને હંમેશા રહેશે. શિવાનંદ આશ્રમ આધ્યાત્મિકતાનું કેન્દ્ર છે, જ્ઞાનનું કેન્દ્ર છે, જ્યાંથી આધ્યાત્મ જ્ઞાન નિરંતર વહેતું રહે છે આ પરંપરાનો નિર્વાહ હંમેશા શિવાનંદ આશ્રમથી થતો રહ્યો છે. આજે હું પુનઃ પરમ પૂજ્ય સ્વામી આધ્યાત્માનંદજી મહારાજને મારી શ્રદ્ધા સુમન, ભાવાંજલી, પુષ્પાજંલી, પ્રેમાંજલી, શ્રદ્ધાંજલી સમર્પિત કરું છું.

આ વિષયમાં વધારે તો શું કહું ? પણ એમની કમી હંમેશા મહેસૂસ કરીશું અને આ શબ્દોની સાથે ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**પૂજ્ય શ્રી ઋષિ ભારતીજી, ભારતીબાપુ આશ્રમ, સરખેજ, અમદાવાદે** જણાવેલ કે સંત એ પુણ્યશ્લોક હોય છે. માટે સંતની ક્યારેય શોકસભા હોતી નથી. પરંતુ શ્લોક સભા હોય છે. તો આવો ! પરમ પૂજ્ય સ્વામી આધ્યાત્માનંદજી મહારાજના ગુણ દર્શન કરીએ.

પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ ૭૭ વર્ષની ઉંમરે તા. ૮-૫-૨૦૨૧ના રોજ બ્રહ્મલીન થઈ ગયા. ત્યારે પૂજ્ય સ્વામીજીના વિશાળ સેવક સમુદાયને એક હુંફાળું ઠેકાણું ગુમાવ્યાનું ખૂબ દુઃખ થયું હશે. પરંતુ મિત્રો એક પંક્તિમાં લખ્યું છે, ''આ સંભારણા સમયની સાથે સરી જવાના, ખુશ્બુ જીવનની ચોગમ ભરી જવાના'' એમનાં જીવનના દિવ્ય ગુણોને આપણે યાદ કરીએ અને આપણો વિયોગ દૂર કરીએ. મિત્રો, સૌરાષ્ટ્ર કાઠિયાવાડની ભૂમિ એ સંત, સતી અને શૂરાની ભૂમિ છે. જામખંભાળિયાને પોતાની જન્મભૂમિ કરી અને કર્ણાવતીને કર્મભૂમિ બનાવીને પોતાનું ૭૭ વર્ષનું જીવન એમણે શિવાનંદ આશ્રમ અને સેવક પરિવાર માટે સમર્પિત કરી દીધું. મિત્રો, ૧૯૯૪માં જ્યારે સેટેલાઈટ સ્થિત શિવાનંદ આશ્રમમાં પરમ પૂજ્ય સ્વામીજીના પગલા પડ્યા હશે ત્યારે આ ભૂમિ અને અહીંના સેવકોના ભાગ્ય જરૂર ઉઘડ્યા હશે.

સંત માટે લખાયું છે કે

પરોપકારાયસદામ્ વિભૂતય:।

અર્થાત્ સંતનું આગમન અને વિચરણ હંમેશા પરોપકાર માટે હોય છે.

તો આવો એ વિશ્વવિભૂતિ સંતના ગુણદર્શન કરીએ.

પૂજ્ય સ્વામીજી પોતે યોગાચાર્ય હતા. એમણે અમેરિકા, કેનેડા અને તાઈવાન જેવા દેશોના મુમુક્ષુઓ અને જીવોને યોગના માધ્યમ દ્વારા પરમાત્માના માર્ગે વાળ્યા હતા. અને પોતે ખૂબ વૃક્ષ પ્રેમી હતા.

મારે તેમની એક પ્રસન્ન યાદી અપાવવી છે કે

જ્યારે હું સ્વામીજી અને અમારા મહામંડલેશ્વર ભારતી બાપુ જ્યારે ''માંધાતાસિંહના પટ્ટાભિષેક''માં રાજકોટ જઈ રહ્યા હતા. ત્યારે સ્વામીજી અને અમે બધા એક ગાડીમાં જતા હતા. ચોટીલા થોડીવાર ગાડી ઊભી રહી ત્યારે સ્વામીજીએ પોતાના થેલામાંથી એક ડાયરી અને પેન કાઢ્યા અને મેં ત્યારે પૂછ્યું 'સ્વામીજી આપ શું કરો છો ? ત્યારે સ્વામીજી એક સુંદર શ્લોક બોલ્યા.

કાવ્યશાસ્ત્રે વિનોદેન કાલોગચ્છતિધિમતામ્
મૂર્ખાણમૃતુ વ્યસનેન નિદ્રયાકોલહેનવા

સ્વામીજીએ કીધું ''સંતોને એક ક્ષણ અને કણનો સદ્‌ઉપયોગ કરતા આવડવો જોઈએ.''

આ વાત તેમણે મને કરી હતી અને જે મને યાદ છે અને જ્યારે છેલ્લે પૂજ્ય મહામંડલેશ્વર ભારતી બાપુનો ૯૩મો જન્મોત્સવ હતો. ત્યારે તેમણે સવિશેષ હાજરી આપી હતી.

મિત્રો, સ્વામીજીના જીવનમાં જે દિવ્યગુણો હતા તે ગુણો આપ સર્વેમાં પ્રસ્થાપિત થાય અને એમના માર્ગે ચાલવાની ગિરનારી મહારાજ અને ભગવાન ભોલેનાથ આપ સૌને શક્તિ આપે એવી ખૂબ અભ્યર્થના.

**પૂજ્ય મહંતશ્રી રામસ્વરૂપપુરીજી મહારાજ, ધોળેશ્વર મહાદેવ, રાંદેસણ, ગાંધીનગરે જણાવેલ કે** પરમ શ્રદ્ધેય પરમ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તા. ૮-૫-૨૦૨૧ના રોજ આ નશ્વર દેહનો ત્યાગ કરી પૂર્ણ શુદ્ધ, ચૈતન્ય સ્વરૂપને પ્રાપ્ત થયેલાછે. પણ એમની સાથે વીતાવેલો સમય, એમની સાથે જે અનુભવો થયેલ છે તે માટે હું એટલું જ કહીશ કે, સ્વામીજી સહજ, સરળ અને સાથે - સાથે બાળ સ્વભાવવાળા હતા. સ્વામીજીની પાસે અદ્વૈત શાંકરી પરંપરાનું જ્ઞાન તો હતું જ પણ સાથે - સાથે ભક્તિ પણ ખૂબ હતી. એમને જોઈએ ત્યારે એમના મુખ મંડળ ઉપર ભક્તિ પ્રકાશિત થતી હતી.

સ્વામીજીની પરંપરામાં પરમ પૂજ્ય સ્વામી શિવાનંદજી મહારાજ, પરમ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજ અને પછી તેઓ એટલે કે પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંજી મહારાજ આવે છે, તેઓને આપણે એક યોગગુરુ તરીકે જોઈએ છીએ. તેમણે અમદાવાદ, ગુજરાત, ભારત અને વિદેશમાં પણ યોગગુરુ તરીકે નામના મેળવી છે. જ્યારે ગુજરાતમાં યોગ શબ્દ ન હતો ત્યારે સ્વામી મનુવર્યજી અને સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ બે જ યોગગુરુ હતા. હવે આજે એમનો ૧૬મો દિવસ એટલે ષોડશી. ષોડશી એટલે સોળ કલા બ્રહ્મયુક્ત. જે વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં સમાહિત થઈ ગયો હોય તેની જ ષોડશી થાય. તો આજે અનિવાર્ય સંજોગોને લીધે તેમની માત્ર એક શ્રદ્ધાંજલી સભા જ કરીએ છીએ અને આ પણ online ચાલે છે. તો હું એટલું જ કહીશ કે આ મહાપુરુષ આપણને પોતાના જીવન ચરિત્રથી ઘણું આપી ગયા છે અને એમના જીવનમાં ઘણુ બધું છે અને સ્વામી આધ્યાત્માનંદજી મહારાજના સોળમા દિવસે ષોડશી શ્રદ્ધાંજલિમાં હું એટલું જ કહીશ કે શિવાનંદ પરિવાર અને સનાતન ધર્માવલંબી જિજ્ઞાસુઓ તેમના જીવનથી ઘણું બધું પ્રાપ્ત કરી શકે છે. એમના જીવનના કાર્યો નારાયણ સેવા, ગરીબો પ્રત્યેની ઉદારતા અને યોગના વર્ગો શિવાનંદ આશ્રમ આ પ્રવૃત્તિ કરતો આવ્યો છે.

એમના નેતૃત્વ હેઠળ એમણે જે આ પરંપરા ચલાવી છે તે પરંપરાને શિવાનંદ આશ્રમ, શિવાનંદ પરિવાર આગળ વધારે અને તેમના કાર્યો કરતા રહે તેવી આ જ સાચી શ્રદ્ધાંજલી.

**શ્રી અજય યાજ્ઞિકજી, સુંદરકાંડ પારાયણી, દિલ્હી એ જણાવ્યું કે** આપણે બધા આજે દિવ્ય જીવનના જીવંત ધારક આપણા પરમ પૂજ્ય શ્રી અધ્યાત્માનંદજી મહારાજની પરમ ચેતનાને પ્રણામ કરીએ છીએ.

એમના વિશે આપણે શું કહીએ ? શરીરથી જે આ સમયમાં ધરતી પર જ નહીં પરંતુ પોતાની જીવનની યાત્રાને આપણા બધા માટે પ્રેરણા સ્વરૂપ પ્રગટ કરી છે.

મનુષ્ય જીવનની અંદર આ શરીર જ્યારે પરમાત્મા આપે છે તો તે મૃત્યુ નિશ્ચિત વાત છે. પરંતુ જીવન કેવી રીતે દિવ્ય જીવન જીવવું જોઈએ તે પરમ પૂજ્ય અધ્યાત્માનંદજીએ આપણને જીવીને બતાવ્યું છે. જીવનને માનવથી અધ્યાત્મ, અધ્યાત્મમાં આનંદ કરતાં કરતાં સમાજની પ્રકૃતિની, માનવીની, જીવજંતુની સેવા કરતાં - કરતાં જીવનને ચિદાનંદની તરફ ગતિ કરતા ચિદાનંદથી શિવાનંદ બની જવું એવું તેમણે શીખવાડ્યું છે. આ પ્રકારે જો કોઈ જીવન જીવવાનો પ્રયત્ન કરે તો એવું જીવન માનવથી મહામાનવ તરફ યાત્રા થઈ જાય. એમના વિશે હું શું કહું ? મને એમનું સાંનિધ્ય પ્રાપ્ત થયું અને પરમ પૂજ્ય મહારાજજીએ મને આદરભાવ, પ્રેમ આપ્યો છે અને પોતાના પરિવારનો સભ્ય બનાવીને રાખ્યો હતો. હું એમની પાસેથી જે શીખ્યો છું એને મારા જીવનમાં અપનાવવાની ચોક્કસ કોશિશ કરું છું. એમના ગુણોમાંનો એક ગુણ પણ આપણે જીવનમાં ચરિતાર્થ કરી શકીએ તો આપણું જીવન પણ સફળ થઈ જશે. આ મહામાનવને હું માનવ નહીં કહું મહામાનવ જ કહીશ. મહામાનવના સ્વરૂપમાં શ્રી અધ્યાત્માનંદજી મહારાજની પરમ ચેતનાને કોટિ કોટિ પ્રણામ. મારી પાસે શબ્દો નથી કે કયા શબ્દોમાં હું તેમની પ્રશંસા કરું ! મારે એમની સાથેનો બહુ જ આત્મીય સંબંધ રહ્યો છે. એમના જીવનમાંથી આપણને જે સારું લાગે તે અપનાવવું જોઈએ, કારણ કે તેઓ તો વિરાટ હતા તે વિરાટમાંથી આપણે પસંદગી કરવાની છે કે જેનાથી આપણાં જીવનને દિવ્ય જીવન બનાવી શકીએ. આવ મહામાનવને પ્રણામ.

## અનુસરણીય સ્વામી અધ્યાત્માનંદજી

**स्वस्थं स्याज्जीवनं धर्म्यं जनानामिति चिन्तयन् । मनसश्च शरीरस्य संस्कारार्थं सदोत्सुकः ॥**

**शिवानन्दचिदानन्दौ सद्गुरुत्वेन यस्य तम् । अध्यात्मानन्दनामानं स्वामिनं श्रद्धया भजे ॥**

લોકોનાં જીવન, સ્વસ્થ અને ધર્મમય બને , એવા ભાવથી મન અને શરીરના સંસ્કાર માટે સદા ઉત્સુક; પ. પૂ. સ્વા. શ્રી શિવાનંદજી અને ચિદાનંદજી મહારાજ જેમના સદ્‌ગુરુ હતા, તેવા પૂ. સ્વા. શ્રી અધ્યાત્માનંદજીને શ્રદ્ધાપૂર્વક સ્મરું છું......

સ્વયં જાગૃત રહીને, સમાજને જાગૃત રાખવાની વૃત્તિથી, સદા પ્રવૃત્ત એવા પૂ. સ્વામીજીનો આશીર્વાદાત્મક સદ્‌ભાવ, અનેકને સ્પરશ્યો છે. શુદ્ધ સમ્પર્ક અને સ્વચ્છ - શાસ્ત્રીય લેખનની હથોટી ધરાવતા તેમનું પ્રદાન ચિરકાળ રહેશે...

આ નિમિત્તે, સ્વામીજી સાથેના, પ્રોત્સાહક પ્રસંગોનો નિર્દેશ કરવાનું ઉચિત લાગે છે.

બી. ડી. કોલેજના પુરસ્કાર-વિતરણ સમારંભમાં પૂ. સ્વામીજી અધ્યક્ષ હતા. આશીર્વચનમાં તેમણે કહ્યું - **'બહેનો! ભણો ગણો ને ઉજળા થાવ; ઉપયોગી થઈને હરખાવ** જીવન ઉજાળવાની આ વ્યવહારુ તક, સફળતા માટેની સૂત્રાત્મક શીખ છે.. સ્વ. ની વ્યવહાર-દક્ષતા અને કર્મઠતા, આવા સૂચનમાં પડઘાય છે......

પ્રણવભારતી ફાઉન્ડેશનના પ્રેરક, પૂ. પા. સ્વા. શ્રી પરમાનંદ ભારતીજીના વરદ હસ્તે, શ્રી શિવાનંદ આશ્રમ દ્વારા, મને **સારસ્વત એવોર્ડ** અપાયો, ત્યારે સ્વા. શ્રી અધ્યાત્માનંદજીએ ઈશારો કર્યો હતો કે, **જનહિતનાં કાર્યો દ્વારા આ દિવ્ય આશીર્વાદને દીપાવજો......**

પરમાર્થે પ્રવૃત્ત રહેવાની અને રાખવાની આવી ઉદાત્ત ભાવનાથી સ્વજીવનને ધન્ય બનાવતા આ પૂજ્યશ્રીને વંદન-શ્રદ્ધાંજલિ.

**सुचिरां शान्तिमाप्नुयु: इति प्रार्थ्यते || ॐ शान्ति: |**

**વાસુદેવ પાઠક 'વાગર્થ'**

**પ્રધાનમન્ત્રી,**

**श्री बृहद् गुजरात संस्कृत परिषद् |**

# ‘ગુજરાત દિવ્ય જીવન સંઘ’ના ટ્રસ્ટી શ્રી હરિવદનભાઈ અંતાણીનું દુઃખદ નિધન



‘ગુજરાત દિવ્ય જીવન સંઘ’ના ટ્રસ્ટી અને રાજકોટના નિષ્ઠાવાન સેવાભાવી કાર્યકર શ્રી હરિવદનભાઇ પ્રતાપરાય અંતાણી (રાજકોટ નિવાસી)નું તા.૨ જૂનના રોજ દુઃખદ અવસાન થયેલ. કોરોનાને માત આપી સાજા થઈ ઘેર પણ હોસ્પિટલ માંથી આવી ગયેલ. તેઓની જન્મ તારીખતા.૨૩-૦૧-૧૯૩૨. વેસ્ટર્ન રેલવેમાં તા.૪-૬-૧૯૫૧ થી નોકરી કરી અને નિવૃત તા.૩૧-૦૧-૧૯૯૦ થયા.

રેલવે દ્વારા ઉત્તમ,નિષ્ઠાપૂર્વક ફરજો અદા કરવા બદલ સતત દસ વર્ષ સુધી એવોર્ડ પ્રાપ્ત કરનાર વિરલ વ્યક્તિત્વના ધારક હતા. નોકરી દરમિયાન ૧૯૭૯માં ‘જળ હોનારત’ વખતે વેસ્ટર્ન રેલવેતંત્ર તરફથી રાહત અને બચાવ માટેની ખાસ ટીમમાં જોડાઇ ઉત્તમ કાર્ય કરેલ તે બદલ રેલવે તરફથી પુરસ્કાર પણ અપાયો હતો. પત્ની માલિનીબેન જેઓ અવસાન પામેલ. સંતાનમાં બે પુત્રો ઉષાકાંતભાઇ અને બિપિનભાઇ. અત્યાર સુધીમાં ૫૪૬ જેટલાં નેત્રયજ્ઞના આયોજન માટે સક્રિય પ્રમુખ ભૂમિકા નિભાવી. નેત્રયજ્ઞ દ્વારા અંદાજે ત્રીસ હજારથી વધુ આંખના રોગીઓને લાભ, ૩૪૮૭ દર્દીઓને વિનામૂલ્યે નેત્રમણિ સાથે ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં. દંતયજ્ઞ કુલ ૩૬૨ ઉપરાંત કર્યા. ગરીબોને નિઃશુલ્ક બત્રીસી બનાવી આપેલ.

દેશભરમાં સેવા કાર્યોની સુવાસ ફેલાવી. ૧૯૯૩થી પ્રખર સેવાભાવી નેત્ર ચિકિત્સક ડો.શિવાનંદ અધ્વર્યુ (બાપુજી) સાથે રહી ઉત્તરકાશી, હરદ્વાર, પુષ્કર મથુરા, જગન્નાથપુરી, ઋષિકેશ, વગેરે સ્થંળોએ નેત્રયજ્ઞમાં સેવાઓ આપી. સૌરાષ્ટ્રમાં વીરનગર શિવાનંદ મિશનની આંખની હોસ્પિટલ તથા સહયોગી દાતાઓ સાથે નેત્રયજ્ઞનું આયોજન જે આજે પણ અવિરતપણે ચાલુ છે.

હરિવદનભાઇ અંતાણીની અર્ધી સદીની માનવ સેવાની અવિરત સફર રહી. શ્રી હરિવદનભાઇ અંતાણીના જીવનમાં દુઃખી બાંધવોની અનન્ય સેવા કરનારા સંતો શ્રી રણછોડદાસજી મહારાજ તેમજ અંધાપાના અભિશાપને દૂર કરવા અહર્નિશ ગામડાઓમાં નેત્રયજ્ઞ કરનાર ડો.શિવાનંદ અધ્વર્યુએ માનવ સેવાની પ્રેરણાનું સિંચન કર્યું હતુ. હજારો લોકોને તબીબી સેવા પૂરી પાડવાનું કામ હોય કે પૂર, ભૂકંપ કે વાવાઝોડા જેવી કુદરતી આપત્તિ આવી હોય ત્યારે અસરગ્રસ્ત લોકોની વહારે તેઓ અચૂક પોતાના સહકાર્યકરો અને આગેવાનો તથા દાતાઓ સાથે પહોંચ્યા હતા. તેમણે ‘દિવ્ય જીવન સંઘ’ સાથે જોડાઈને જરૂરિયાતમંદને આરોગ્ય સેવા તથા ગરીબોના ઉત્કર્ષ થાય તેવાં કાર્યોનો પ્રારંભ કર્યો. ૧૯૭૫માં જામનગરમાં વિનાશક વાવાઝોડાની આપત્તિ તથા ૧૯૭૯માં મોરબીની ‘મચ્છુ જળ હોનારત’નો ભોગ બનેલાંઓની વહારે ચડવા સમાજના દાતાઓ તથા સેવાભાવી કાર્યકરોના સહયોગથી તાત્કાલિક જીવનજરૂરી સામગ્રીનો જથ્થો લઇ અસરગ્રસ્તોને સધિયારો પૂરો પાડયો હતો. ૨૦૦૧માં આવી પડેલા ભૂકંપની આપત્તિ વેળાએ પણ ભૂકંપગ્રસ્ત મોરબી સહિતના વિસ્તારોમાં પહોંચી જઇ અસરગ્રસ્તોની પડખે રહ્યા હતા.

શ્રી અંતાણીભાઇનું જીવન મુખ્યત્વે ‘દિવ્ય જીવન સંઘ’નાં સેવાં કાર્યોને સમર્પિત રહ્યું છે. તેઓ પોતાના અંગત જીવનને ગૌણ ગણીને વ્યાપક સમાજ સેવા ભાવના તરફ વધુ ખેંચાયેલાં રહ્યા. પારદર્શક જીવનશૈલી, પ્રામાણિકતા અને માણસાઇને જીવાડવા માટેની તેમની નિષ્ઠા એમ તેમનામાં રહેલા સદ્ગુણોનો એક એવો સમન્વયનો સેતુ રચાયો છે, કે જેના કારણે સેવાભાવી કર્મઠ લોકો અને મોટા દાતાઓની સમાજ સેવા ખૂબ જ જરૂરિયાતમંદ એવા સમાજના છેવાડાના માનવીને મળી છે.

૧૯૬૭માં રાજકોટમાં ધર્મ અને માનવ સેવાનાં કાર્યો કરતી ‘દિવ્ય જીવન સંઘ’ની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ મળી હતી જેમાં તેમણે નોંધનીય પ્રદાન કર્યું. સંસ્થાની વિવિધ સેવાભાવી પ્રવૃત્તિ કરતાં રહ્યા અને ૧૯૭૪ માં ‘દિવ્ય જીવન સંઘ’ના મંત્રી બન્યા. ડો. શિવાનંદ અધ્વર્યુનો સંપર્ક અને ડો.અધ્વર્યુનાં સેવાભાવી કાર્યોએ શ્રી હરિવદનભાઇ અંતાણીના જીવન પર ઉંડી અસર કરી હતી ૧૯૮૨ માં ડો.શિવાનંદ અધ્વર્યુજીનાં૭૫ વર્ષ પૂર્ણ થતાં તે નિમિત્તે ૭૫ નેત્રયજ્ઞ કેમ્પ શરૂ કરવાનો વિચાર આવ્યો. અનેક આગેવાનો સંસ્થાઓ તથા દાતાઓ અને ‘દિવ્ય જીવન સંઘ’ના પદાધિકારીઓના સાથ-સહકારથી સૌરાષ્ટ્રનાં ૭૫ ગામમાં નેત્રયજ્ઞ યોજી હજારો લોકોને આંખના રોગમાંથી મુક્ત કર્યા અને અંધાપા નિવારણના કાર્યમાં મહત્ત્વનું પ્રદાન કર્યું.

તેઓની નાદુરસ્તી સ્વાસ્થ્ય ના કારણો છેક સુધી પૂ. સ્વામીજીના બ્રહ્મલીન થયાના સમાચાર તેઓને જણાવવામાં આવ્યાં નહોતા. તેમની પારદર્શી કાર્યનિષ્ઠા અને સાદગીભરી જીવનશૈલી તથા દિવ્ય જીવન સંઘના આવા જ પારદર્શી વહીવટના પરિણામે માત્ર દેશમાંથી જ નહીં, પરંતુ વિદેશમાંથી દાનની સરવાણી દાતાઓ વહાવી રહ્યા હતા. આવું સેવાભાવી વ્યક્તિત્વ પ્રેરણા આપનારું જ ગણાય. આપણે સૌ પ્રેરણા લઇ વધુ સમાજ સેવા કરવા પ્રતિબદ્ધ થઈએ એ જ સાચી શ્રદ્ધાંજલિ ગણાય. પ્રભુ એમના આત્માને ચિર શાંતિ અને સદ્ગતિ બક્ષે. ૐ શાંતિ. - તંત્રી

# વૃત્તાંત

**પૂજ્ય સ્વામીજીનો ૭૭ મો જન્મદિવસ આગવી રીતે ઊજવાયો**

**●તા.૩-૫-૨૦૨૧:** પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ જ્યારે એસ.જી.વી.પી. હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા ત્યારે તેમના ૭૭ માં જન્મ દિવસે એસ.જી.વી.પી. સંકુલના આચાર્ય પરમ પૂજ્ય સદગુરુ શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રીમદ્ સત્સંગી જીવનકથા દરમિયાન શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ વ્યાસપીઠ પરથી જણાવ્યું હતું કે સ્વામી અધ્યાત્માનંદજીનું સંપૂર્ણ જીવન બાળક જેવું નિર્દોષ રહ્યું છે. જ્યારે પણ તેઓ મળે ત્યારે પ્રેમથી ભેટી પડે. સ્વામીજીએ દેશ-વિદેશમાં અનેક સફળ યોગ શિબિરોનું સંચાલન કરી યોગનો પ્રચાર કર્યો છે. આ ઉપરાંત પંજાબમાં ધાર્મિક કટોકટી વચ્ચે સ્વામીજીના પ્રદાનને પણ શ્રી માધવપ્રિયદાસજી એ યાદ કર્યું હતું.

પૂજ્ય સ્વામીજી સારવાર માટે હોસ્પિટલમાં હતા ત્યારે શ્રી માધવપ્રિયદાસજીની કથા નિયમિત સાંભળતા અને કથા વિશે એમની સાથે ફોન ઉપર ચર્ચા પણ કરતા એ વાતનો શ્રી માધવપ્રિયદાસજીએ ખાસ ઉલ્લેખ કર્યો હતો. શ્રી માધવપ્રિયદાસજીએ પૂજ્ય અધ્યાત્માનંદ સ્વામીજીને પવિત્ર સંત, યોગી સંત, નિખાલસ સંત, નિર્મળ સંત, જેમનું જીવન બાળક જેવું પારદર્શી રહ્યું છે. એવાં વિશેષણોથી સંબોધી તેમના ૭૭મા જન્મદિવસે તેમને અભિનંદન પાઠવ્યાં હતાં. આ પ્રસંગે શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ પૂજ્ય અધ્યાત્માનંદ મહારાજની ગુરુ પરંપરાનો પણ વિસ્તૃત પરિચય કરાવ્યો હતો અને સ્વામીજીના ઉત્તમ સ્વાસ્થ્ય માટે ધૂન કરાવી હતી

● તા. ૮ -૫-૨૦૨૧ : પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી તા. ૮ મેના રોજ બ્રહ્મલીન થયા બાદ અંતિમ સંસ્કાર વિધિપૂર્વક સંપન્ન થયેલ. તેઓની સારવાર દરમિયાન પણ ઘણી નાજુક પરિસ્થિતિનો સામનો કરવાના અવસર ઊભા થયેલા અને ૨૯ દિવસની સારવારનો સમયગાળો ચિંતામાં, હોસ્પિટલ અને ડોક્ટરોના સંકલન અને કેટલીક વ્યવસ્થા કરવામાં પસાર થયો.. બધાના અથાગ પ્રયાસો છતાં પૂજ્ય સ્વામીજીના સ્થૂળ શરીરને બચાવી શક્યા નહીં, આ સમયગાળો ખૂબ જ વિષમ અને પડકારજનક હતો. પૂજ્ય સ્વામીજીની વ્યાધિ, વ્યથા, પીડા ખરેખર કસોટી કરનાર હતી, છતાં શિવાનંદ આશ્રમનાં મંદિરોની પૂજાઓ, 'દિવ્ય જીવન' માસિક સંદર્ભમાં પણ સૂચનો કરતા હતા. આશ્રમ દ્વારા નારાયણ સેવા ચાલુ રહે તેની પણ કાળજી રાખતા હતા. તેઓના જન્મદિવસના નારાયણ સેવાના ફોટા વૉટ્સએપ ઉપર જોઈ પ્રસન્ન થયેલા અને બીજા દિવસે પણ આવી સેવા કરજો તેવી સૂચના આપી. આમ છેક સુધી નારાયણ સેવા તેમના મન-હૃદયમાં રહી તેથી જ બ્રહ્મલીન થયાના દિવસથી સોળમા દિવસ સુધી નારાયણ સેવામાં સવારે પૂરું ભોજન ૩૦૦ ઉપરાંત વ્યક્તિઓને આશ્રમ તરફથી પહોંચાડવામાં આવેલ છે, જેમાં દાળ-ભાત, શાક-રોટલીની થાળી કોરોનાગ્રસ્ત વ્યક્તિનાં પરિવારજનો તથા રસ્તા પરના ગરીબ માણસોને પૂરી પાડવાના આ સેવાકાર્યમાં શ્રી રાજુભાઈ શાહ તેમજ તેમના પરિવારના સદસ્યો ઉપરાંત સામાજિક કાર્યકરો જોડાયેલા. આ સેવાકાર્યમાં રસોઈયા, રોટલી બનાવનાર બહેનો, અન્ય કર્મચારીઓએ મહેનતાણાના પૈસા તેઓ નહીં લે તેવી ઉદાત્ત ભાવના વ્યક્ત કરેલી, પરંતુ આ બધાં સામાન્ય પરિવારમાંથી

આવતાં હોઈ ભાવનાની કદર કરી વેતન પુરસ્કારરૂપે સ્વીકારવા વિનંતી કરતાં તેઓ આખરે સંમત થયેલાં. પૂજ્ય સ્વામીજીને જોયેલા નહીં છતાં સ્વામીજીની પ્રેરણા, કરુણાભાવ અને પ્રેમ આવા લોકો સુધી પહોંચ્યાની પ્રતીતિ થયા વિના ન રહી. સ્વામીજીની નારાયણ સેવાની ભાવનાનો જાણે સારો પ્રતિસાદ આવા આર્થિક રીતે સામાન્ય પરિવારના લોકોએ આપ્યો એવું લાગે તે સ્વાભાવિક છે. આપણે સૌ નારાયણ સેવામાં કાર્યરત સેવકોના તેમજ હોસ્પિટલના વ્યવસ્થાપકો, ડોક્ટર્સ, નર્સીંગ કર્મચારીઓ, એસ. જી. વી. પી.ના પૂજ્ય સંતોના ખૂબ જ આભારી છીએ

● **તા. ૯-૫-૨૦૨૧:** શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘના ટ્રસ્ટીઓની બેઠક સવારે આશ્રમમાં મળી, પ્રાર્થના બાદ પૂજ્ય સ્વામીજીના પ્રસંગો, સારવારની વિગતો અને આશ્રમના વિકાસમાં તેઓના યોગદાનની વિગતો અરૂણભાઇ ઓઝાએ રજૂ કરી અને સૌએ શ્રદ્ધાંજલિ આપી બે મિનિટનું મૌન પાળી 'મહામૃત્યુંજય'નો મનમાં જાપ કરેલ, શ્રદ્ધાંજલિ ઠરાવ સર્વાનુમતે પસાર કરાવવામાં આવેલ. મહત્ત્વના નિર્ણયો પણ કરવામાં આવેલા, જેમાં નારાયણ સેવા સોડષીના દિવસ સુધી ચાલુ રાખવી. પૂજ્ય સ્વામીજીનાં ફૂલ (અસ્થિ)ની સમાધિ આશ્રમમાં કરવાની જગ્યા નક્કી કરવામાં આવી. 'અધ્યાત્મ અમૃતમ્' ગ્રંથ પ્રસિદ્ધ કરવા કાર્યવાહી કરવી, કોરોનાકાળ પછી સામાન્ય પરિસ્થિતિ થાય ત્યારે સોડષી કરવી તેવો સંકલ્પ સોળમા દિવસે કરવો.

**શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘની કારોબારીની તાકીદની સભા તારીખ ૧૦ મેના** ના રોજ બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું. સમાધિ માટે જે સ્થળ નક્કી કરવામાં આવેલ ત્યાં તા. ૧૧મી મે ના રોજ સવારે પૂજ્ય સ્વામીજીનાં ફૂલને વિધિવત્ પધરાવવામાં અર્થાત્ સમાધિષ્ટ કરવામાં આવ્યાં.

● તા. ૧૦-૫-૨૦૨૧ : શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘની કારોબારીની મિટિંગ મળી, જેમાં પ્રાર્થના બાદ પૂજ્ય સ્વામીજીની સારવારની વિગતો આપવામાં આવી અને આશ્રમમાં ઘણા લોકો સંક્રમિત થયા તેના માટે કાળજી કરવા તથા નિયમોનું પાલન ચુસ્ત રીતે કરવા જણાવવામાં આવ્યું. વધુમાં મંત્રી શ્રી વિજયભાઈ આડેસરાએ આશ્રમની પ્રવૃત્તિઓને આગળ ધપાવવા સૌના સહકારની આવશ્યકતા ઉપર ભાર મૂકી વધુ સક્રિય થવા જણાવ્યું. ટ્રસ્ટીશ્રી અરુણભાઇ ઓઝાએ પૂજ્ય સ્વામીજીએ આશ્રમમાં તેમજ દેશ-વિદેશમાં કરેલા કાર્યના વિકાસની વિગતો રજૂ કરી પૂજ્ય સ્વામીજીને સ્મરણાંજલિ અર્પણ કરી. પૂજ્ય સ્વામીજીની સારવાર દરમિયાન યોગેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ વિશેષ સેવાનો અરુણભાઇએ ભાવવિભોર થઈ ઉલ્લેખ કરી બિરદાવેલ. વડોદરા સ્થિત આપણા ડૉક્ટર મર્ચન્ટ સાહેબ, અન્ય બહારના નિષ્ણાત તબીબો તથા હોસ્પિટલના તબીબો સાથેનું સંકલન પણ અરુણભાઈ, વિજયભાઈ તથા યોગેશભાઈની ટીમે કરેલ.

નારાયણ સેવા સોડષી સુધી ચાલુ રાખવાના ટ્રસ્ટી મંડળના નિર્ણય અનુસાર આગળ કામગીરી કરવાનું નક્કી કરવામાં આવ્યું . સોડષી પણ સામાન્ય પરિસ્થિતિ થાય પછી કરવાનો સંકલ્પ ૧૬માં દિવસે કરવો.

નારાયણ સેવા માટે એક દિવસના રૂ. ૨૧,૦૦૦/- દાન પેટે લેવા તેમ નક્કી થયા બાદ હાજર સદસ્યોને અપીલ કરતાં ૧૧ દિવસની સેવા માટે મિટિંગમાં જ સારો પ્રતિસાદ મળ્યો. ત્યારબાદ તો બધા જ દિવસોના દાતા પ્રાપ્ત થયા એ પૂજ્ય સ્વામીજી પ્રત્યેના આદર અને સૌજન્ય સેવાભાવનાની અનુમોદના કરવી રહી. વધુમાં તા. ૧૧ મેના રોજ વેબિનારથી શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવું અને તેમાં પૂજ્ય સંતોનો સંપર્ક કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવા વિનંતી કરવી તેવું નક્કી કરવામાં આવ્યું.

ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ સોનીએ પૂજ્ય સ્વામીજી દ્વારા શરૂ થયેલ તમામ કાર્ય પ્રવૃત્તિઓ સારી રીતે ચાલુ રહે તેવા સંનિષ્ઠ પ્રયાસો કરવા વિજ્ઞપ્તિ કરી, આશ્રમનાં મંદિરોની સફાઈ બરાબર થાય તે માટે પણ તેઓએ આગ્રહપૂર્વક રજૂઆત કરી અને તે માટે શ્રી પ્રકાશભાઈએ જવાબદારી ઉપાડી હતી અને ત્યાર પછીના દિવસો દરમિયાન તેઓએ આ કાર્ય બે દિવસમાં પૂર્ણ કરાવેલ. ડો. અમિષ ક્ષત્રિયે પણ પૂજ્ય સ્વામીજીને શ્રદ્ધાસુમન અર્પણ કરવા સાથે યોગ, રક્તદાન, વૃક્ષારોપણ જેવાં કાર્યો થાય તેમજ સૌ સાથે મળી કાર્યો કરે તેમ જણાવેલ. આશ્રમના વહીવટ માટે સમિતિની નિમણૂક કરવામાં આવી અને તેમાં તમામ ટ્રસ્ટીઓ તેમજ ત્રણેય ઉપપ્રમુખો અને મંત્રીશ્રીને સામેલ કરવામાં આવેલ છે, શ્રી જીતુભાઈ ચૌહાણ અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરમાં વીસેક શ્રદ્ધાંજલિ આપતાં હોર્ડિંગ્સની વ્યવસ્થા તેઓ તરફથી કરશે તેમ જણાવેલ અને તે કાર્ય ખૂબ જ સારી રીતે થયું છે. પ્રિન્ટ વિઝનના શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાએ પણ અમદાવાદમાં અગ્રણી સ્થાનો ઉપર હોર્ડિંગ્સ મૂકાવેલ. તેઓની આ સેવા અનુમોદનાને પાત્ર છે 'શાંતિપાઠ' પછી પ્રાર્થના બાદ મિટિંગનું કામ પૂર્ણ થયાનું જાહેર કરેલ.

**૧૧મે શ્રદ્ધાંજલિ સભા સાંજના ૫ થી ૭-૩૦ સુધી** યોજાઇ, જેમાં પૂજ્ય સંતોએ પોતાના પૂજ્ય સ્વામીજીના સાથેનાં સંસ્મરણો યાદ કરી ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી, જેનો અહેવાલ અલગ રીતે આ અંકમાં આપવામાં આવેલ છે. શરૂઆતમાં પંડિત શ્રી નીરજભાઈ પરીખ, શ્રી માર્કંડભાઈ પરીખ, શ્રી વિકાસભાઈ પરીખની પંડિતબંધુ પરીખ ત્રિપુટીએ શ્રદ્ધાંજલિ અર્પતી સ્તુતિઓ, ભજનો પ્રસ્તુત કર્યાં જ્યારે સભાના આયોજનની વાત કરી ત્યારે તેઓએ જણાવેલ કે અમે ત્રણ ભાઈઓ જ આવીશું અને તબલાં હાર્મોનિયમ લઇને શ્રદ્ધાસુમન અર્પણ સંગીત દ્વારા કરીશું તેવી ઉચ્ચ ભાવના વ્યક્ત કરેલ. પૂજ્ય સ્વામીજી સાથેના સંબંધો સંસ્મરણો અને આશ્રમ સાથેનો પોતાના પિતાશ્રી સમયથી જે નાતો રહ્યો છે તેને યાદ કરેલ. આ જ રીતે બીજી શ્રદ્ધાંજલિ સભા તા. ૨૩ મે સોડષીના દિવસે યોજાયેલ, જેમાં પંદરેક પૂજ્ય સંતો ઉપરાંત શ્રી અજય યાજ્ઞિકજીએ શ્રદ્ધાસુમન અર્પણ કરી પૂજ્ય સ્વામી અધ્યાત્માનંજીનો ગુણાનુવાદ કરેલ. આ સભાનો વિસ્તૃત અહેવાલ આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

● **તા. ૧૩-૦૫-૨૦૨૧ :** રાતના ૮-૩૦ કલાકે વેબિનારથી ગુજરાત દિવ્ય જીવન સંઘના ટ્રસ્ટીઓની મિટિંગ મહામંત્રી શ્રી યજ્ઞેશભાઈ દેસાઈની વોટ્સએપ દ્વારા અપાયેલ સૂચનાથી મળી, જેમાં ૧૦ ટ્રસ્ટીઓએ હાજરી આપેલ. આમંત્રણથી શ્રી વિજયભાઈ જાજલ હાજર પણ રહ્યા હતા. સૌ ટ્રસ્ટીઓ સહિત સમગ્ર ભક્ત સમુદાય શોકાતુર અવસ્થામાં છે ત્યારે સૌને શાતા મળે અને પરમ પૂજ્ય સ્વામીજીનો આત્મા તેવા શોકાતુર વાતાવરણથી દુભાય નહીં અને તેમના આત્માને ચિર શાંતિમાં લીન થવાનું પ્રદાન થાય તેવી પ્રભુને પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સાથે બે મિનિટ મૌન પાળવામાં આવેલ.

પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી 'દિવ્ય જીવન' માસિકના તંત્રી હતા. તેઓના બ્રહ્મલીન થયા બાદ પણ તેઓના આ મહત્ત્વપૂર્ણ કાર્ય-પ્રોજેક્ટ કે જેને તેઓએ વિશેષ પ્રયાસોથી જીવનદાન આપી આગળ ધપાવેલ તે માસિક ચાલુ રહે અને તેનું સંપાદન યોગ્ય રીતે જળવાઈ તે હેતુથી નવી વ્યવસ્થા ગોઠવવાનું જરૂરી બન્યું છે. તે હેતુથી તંત્રી તરીકે શ્રી અરુણભાઈ ઓઝા, સહતંત્રી તરીકે ડો. મિહિરભાઈ ઉપાધ્યાયની વરણી કરવામાં આવેલ. હાલના પ્રકાશક અરુણભાઇ ઓઝાની તંત્રી તરીકે વરણી થતાં શ્રી શ્વેતાંકભાઈ મધુવીર પટેલની માસિકના પ્રકાશક તરીકે વરણી કરવામાં આવી. 'દિવ્યજીવન' માસિકના સુચારુ પ્રકાશન તથા સંચાલન માટે સંપાદક મંડળમાં ત્રણ સભ્યો શ્રી અરુણભાઈ

ઓઝા, શ્રીમતી રૂપાબહેન મજમુદાર તથા ડો. મિહિરભાઈ ઉપાધ્યાય રહેશે તેમ ઠરાવવામાં આવ્યું અને પ્રકાશનની વહીવટી બાબતો તથા 'દિવ્ય જીવન' માસિક ઈ-મેગેઝિન રીતે પ્રસિદ્ધ થાય તે અંગેની ઘટતી કાર્યવાહી શ્રી શ્વેતાંકભાઈ એમ. પટેલ કરશે તેમ પણ સર્વાનુમતે ઠરાવવામાં આવેલ. 'દિવ્ય જીવન' માસિકના નવા સભ્યો નોંધવા તથા માસિક અંકના સ્પોન્સર મેળવવા સઘન પ્રયાસ કરવા કે જેથી માસિકનો પ્રકલ્પ આર્થિક રીતે સધ્ધર રહી શકે તે અંગે પણ ચર્ચા-વિચારણા થઈ

**●તા.૨૦-૫-૨૦૨૧ : વિશ્વનાથ મહાદેવનો બ્રહ્મોત્સવ**

શિવાનંદ આશ્રમ સ્થિત વિશ્વનાથ મહાદેવનો ૨૬મો પાટોત્સવ ખૂબ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો. પૂજા-હવનવિધિ **સહમંત્રી શ્રી યોગેશભાઈ પટેલ** તથા **તેમનાં ધર્મપત્ની શ્રીમતી બીનાબહેન પટેલ**ના યજમાનપદે સંપન્ન થયાં. તેઓ ખૂબ જ ભક્તિભાવપૂર્વક પૂજન-અર્ચના અને યજ્ઞમાં સામેલ થયેલાં. યજ્ઞની પૂર્ણાહુતિ આરતી અને અર્ચનાથી સપન્ન થઈ.


● આ જ દિવસે સવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગુજરાતના પૂર્ણકાલીન **પ્રાંતપ્રચારક મા. શ્રી ચિંતનભાઈ ઉપાધ્યાય** સંઘના અન્ય પદાધિકારીઓ સાથે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીને શ્રદ્ધાંજલિ અર્પવા રૂબરૂ આવેલા. પૂજ્ય સ્વામી સાથેનાં સંસ્મરણો તાજાં કરી આશ્રમની પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવેલી. વિશ્વનાથ મહાદેવના પાટોત્સવ નિમિત્તે ચાલતા યજ્ઞ તથા શ્રી શ્રી અષ્ટલક્ષ્મી આદિશક્તિપીઠ નાં દર્શન કૃતજ્ઞભાવ વ્યક્ત કરેલ.

**●તા. ૮ મે થી ૨૩ મેઃ નારાયણ સેવા**

**પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી તા. ૮ મેના રોજ બ્રહ્મલીન થયાના દિવસથી સોડષી સુધીના દિવસોમાં રોજ સવારે નારાયણ સેવાના ભાગરૂપે સવારે ૩૦૦ ઉપરાંત વ્યક્તિઓ માટે ભોજન પ્રસાદનું વિતરણ થયું.તા ૨૩ મેના રોજ સોડષીના દિવસે ૫૫૦ ભોજન થાળી પ્રસાદમાં લાડુ સહિત વિતરણ કરવામાં આવ્યું, જેમાં સાણંદ પાસેના વિંછિયા ગામમાં ૩૨૫ લોકોમાં સોડષી ભોજન પ્રસાદનું વિતરણ યોગશિક્ષકોએ કર્યું. નારાયણ સેવાનાં કેટલાંક છાયાચિત્રો મુખપૃષ્ઠ ઉપર આપવામાં આવ્યાં છે**

**દિવ્યજીવન સંઘનાં સ્વામી અધ્યાત્મનંદજી અમદાવાદ બ્રહ્મલીન થતાં નવસારી દિવ્યજીવન સંઘ પ્રાર્થના સભા યોજી**

**દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ અમદાવાદનાં સ્વામી અધ્યાત્માનંદજી તા.૮/૫/૨૦૨૧નાં શનિવારે સવારે ૧૧:૦૦ કલાકે બ્રહ્મલીન થયા. અધ્યાત્માનંદજી સ્વામી ૧૯૭૧માં સ્વામી ચિદાનંદજી ઋષિકેશ પાસે બ્રહ્મચારી તરીકે દિક્ષા લીધી હતી. શિવાનંદ આશ્રમ અમદાવાદ ખાતે ૧૯૯૫માં અધ્યાત્માનંદજીનું આગમન થયું અને ત્યારબાદ આશ્રમનો ઉત્તરોત્તર વિકાસ થયો. દિવ્ય જીવન સંઘ નવસારી પ્રત્યે સ્વામી અધ્યાત્મનંદજી આપર સ્નેહ, પ્રેમ રાખતા હતા. માર્ગદર્શન આપતા રહ્યા હતા. નવસારી ખાતે એમના પ્રવચનો, યોગ ધ્યાન વર્ગો યોજાયા હતા. નવસારી દિવ્ય જીવન સંઘનાં નેજા હેઠળ આજરોજ સાદગીપૂર્ણ નિયંત્રિત સભ્યોએ શ્રદ્ધાજંલી અર્પણ કરી. દિવ્ય જીવન સંઘનાં ઉપપ્રમુખ ગોપાળભાઇ ટંડેલની પ્રાર્થના, ભજનથી આરંભ થયો. પ્રમુખ સુરેશ દેસાઇએ સ્વામીજી અધ્યાત્માનંદજી સાથેના અંતરંગ સ્વાનુભાવો રજુ કરી શ્રદ્ધાંજલી આપી. મંત્રી શૈલેષ માલી તથા સભ્ય ભૂપેન્દ્ર દરજીએ દિવ્યઆત્માની ચેતના જણાવી અવતારી પુરુષ હોવાનું જણાવ્યું. નવસારી દિવ્ય જીવન સંઘને સતત માર્ગદર્શન, પ્રેરણા, મળતા રહ્યા હતા. દક્ષિણ ગુજરાતનાં અનેક સ્થળોએ સ્વામી અધ્યાત્માનંદજીનું આગમન થયું હતું. મંત્રી શૈલેષ માલીએ તથા ઉપપ્રમુખ ગોપાળભાઇ ટંડેલે શાંતિ પાઠ કરી શ્રદ્ધાજંલી આપી હતી.**



સૌથી ઓછા
સોનાના ભાવ
સાથે
100% સુધીનું
ડિસ્કાઉન્ટ
દરેક દાગીનાની
ઘડામણમાં
SUVARNAKALA®
Gold, Diamond, Jadtar & Silver Jewellery
BIS Approved Jeweller
અમદાવાદ
મણીનગર : TGB બેકરીની સામે,
મણીનગર ચાર રસ્તા
+91 63 5600 2200
સી.જી.રોડ : નેશનલ પ્લાઝા,
લાલ બંગલોની સામે
+91 99 2490 2223
સેટેલાઈટ : વિનસ અમેડીયસ,
BRTS જોધપુર ચાર રસ્તા
+91 97 1400 8200
T & C Apply
SUNDAY OPEN

ISO 22000
ફૂડ સેફ્ટી
પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.
ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity




તા. ૮-૫-૨૦૨૧થી ૨૩-૫-૨૦૨૧ સુધી નારાયણ સેવા કરવામાં આવી, જેમાં યુવાન કાર્યકરોએ સેવા આપી જેમાં લૉની વિદ્યાર્થિની યસ્વી અને એડ્વોકેટ કુશલ તથા અનુસ્તાકની વિદ્યાર્થિની મોક્ષાએ સવિશેષ સેવા આપી.



પૂજ્ય સ્વામીની ષોડશીના દિવસે સાણંદ તાલુકાના વિંછિયા ગામે નારાયણ સેવા યોગશિક્ષકો દ્વારા કરવામાં આવી.




પૂજ્ય સ્વામીના ભક્ત હતા એવા સ્વ. શ્રી માંડલ સાહેબની સ્મૃતિમાં તેમના પરિવારની ભાવના મુજબ નારાયણ સેવા કરવામાં આવી.

Printed and Published by Shwetank M. Patel on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- ARUN DEVENDRA OZA




## ગુરુદેવ

ગુરુદેવ તમારો આદર્શ અને દિન-પ્રતિદિન ધ્યાન કરવા માટેનું પાત્ર બનો ! તમારી માનસિક દૃષ્ટિ સમક્ષ હરહંમેશ તેમને રાખો, જેથી તે તમારી સામેના પથને પ્રકાશિત કરે, તમને આકર્ષે, તેમના સ્તરે તમને લઈ જઈ ઉન્નત કરે.

- સ્વામી ચિદાનંદ

To,

If undelivered return to:
**"Divya Jivan" Gujarat Divya Jivan Sangh** Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234